
# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

કિંગખાન સાથે કામ કરવાની વાત પહેલાં તો મજાક જ લાગી



પેજ-09

શાહીન આફ્રિદીનું પત્તું કપાયું! PCB આ ખેલાડીને બનાવશે પાકિસ્તાન...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 23.00 |
| વડોદરા | 37.00 | 23.00 |
| સુરત | 36.00 | 24.00 |

પેજ 5



નાણાં વર્ષ 2023-24માં બિટકોઇનમાં રોકાણકારોને...


31 MARCH-2024 SUNDAY


આસિફા ભુટ્ટો પિતાની ખાલી પડેલી સીટ પર બિનહરીફ વિજેતા જાહેર



પેજ 10

.....સુવિચાર.....

તમારા સ્વભાવને હંમેશા સૂર્ય જેવો રાખો, ન ઉગતા અભિમાન ન ડૂબવાનો ડર..


વર્ષ-13 । અંક-135 । વિક્રમ સંવત-2080 । ફાગણ વદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# 2 પૂર્વ વડાપ્રધાન સહિત 4 વિભૂતિઓ ભારત રત્નથી સન્માનિત









## નરસિમ્હા રાવ, ચૌધરી ચરણ સિંહ, કર્પૂરી ઠાકુર, ડો. સ્વામિનાથનને મરણોત્તર સર્વોચ્ચ સન્માન , રાષ્ટ્રપતિના હસ્તે અવોર્ડ એનાયત

(એજન્સી) નવી દિલ્હી, તા. 30

નરસિમ્હા રાવના પુત્ર પીવી પ્રભાકર રાવ, ચૌધરી ચરણ સિંહના પૌત્ર જયંત ચૌધરી, કર્પૂરી ઠાકુરના પુત્ર રામનાથ ઠાકુર અને એમએસ સ્વામિનાથનનાં પુત્રી નિત્યા રાવે રાષ્ટ્રપતિ પાસેથી સન્માન મેળવ્યું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શનિવારે ચાર વ્યક્તિને દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કર્યા, જેમાં પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહ, પૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિમ્હા રાવ, બિહારના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી કર્પૂરી ઠાકુર અને કૃષિ વૈજ્ઞાનિક ડૉ એમએસ સ્વામિનાથન બધાને મરણોત્તર આ સન્માન મળ્યું છે. લાલકૃષ્ણ અડવાણીને 31 માર્ચે ભારત રત્ન આપવામાં આવશે. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત આજના કાર્યક્રમમાં ચાર વ્યક્તિનાં પરિવારજનોએ આ સન્માન મેળવ્યું હતું. નરસિમ્હા રાવના પુત્ર પીવી પ્રભાકર રાવ, ચૌધરી ચરણ સિંહના પૌત્ર જયંત ચૌધરી, કર્પૂરી ઠાકુરના પુત્ર રામનાથ ઠાકુર અને એમએસ સ્વામિનાથનની પુત્રી નિત્યા રાવે રાષ્ટ્રપતિ પાસેથી સન્માન મેળવ્યું. કેન્દ્રએ આ વર્ષે 5 વ્યક્તિને ભારત રત્ન એવોર્ડ આપવાની જાહેરાત કરી છે. 2014માં સત્તા સંભાળ્યા બાદ મોદીના કાર્યકાળ દરમિયાન મદન મોહન માલવિયા, અટલ બિહારી વાજપેયી, પ્રણવ મુખર્જી, ભૂપેન હજારિકા અને નાનાજી દેશમુખને આ સન્માન મળ્યું છે. 2024ની 5 સેલિબ્રિટી સહિત અત્યારસુધી આ સન્માન મેળવનારા લોકોની સંખ્યા 53 પર પહોંચી જશે. ચરણ સિંહ ભારતના પાંચમા વડાપ્રધાન હતા. તેઓ ઉત્તરપ્રદેશના 5મા મુખ્યમંત્રી પણ હતા.

### લાલકૃષ્ણ અડવાણીને ઘરે જઇ એવોર્ડ એનાયત કરાશે

રાષ્ટ્રપતિ આવતીકાલે ભારતીય જનતા પાર્ટી (BJP)ના દિગ્ગજ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને તેમના નિવાસ્થાને જઈને ભારત રત્ન એનાયત કરશે. ભારત રત્ન દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. આજે રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ ભવનમાં બે પૂર્વ વડાપ્રધાન સહિત 4 વિભૂતિઓને ભારત રત્નથી સન્માનિત કર્યા છે. જાહેરાત આ વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા પાંચ વિભૂતિયોને ભારત રત્ન આપવાની જાહેરાત કરી હતી.

**આ વિભૂતીઓને મળ્યો ભારત રત્ન :** આજે રાષ્ટ્રપતિ ભવનમાં દેશના પૂર્વ વડાપ્રધાન પીવી નરસિમ્હા રાવ, ચૌધરી ચરણ સિંહ, બિહારના પૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર અને કૃષિ વૈજ્ઞાનિક એમએસ સ્વામીનાથને (મરણોત્તર) ભારત રત્ન એનાયત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે 'ભારત રત્ન' સન્માન સમારોહને કારણે રાષ્ટ્રપતિ ભવન ખાતે 'ચેન્જ ઓફ ગાર્ડ' સમારોહનું આયોજન કરવામાં આવશે નહીં.

**મોદીએ ભારત રત્નની જાહેરાત કરી હતી :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત રત્નની જાહેરાત કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે પૂર્વ વડાપ્રધાન પીવી નરસિમ્હા રાવ અને ચૌધરી ચરણસિંહની સાથે કૃષિ વૈજ્ઞાનિક એમએસ સ્વામીનાથનને (મરણોત્તર) દેશનો સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન આપવામાં આવશે. આ જાહેરાત અગાઉ કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારે બિહારના પૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકોરને (મરણોત્તર) અને લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન આપવાની જાહેરાત પણ કરી હતી. પહેલીવાર એક જ વર્ષમાં પાંચ ભારત રત્ન એનાયતની જાહેરાત કરવામાં આવી હતી. આ અગાઉ 1999માં ચાર લોકોને દેશના સર્વોચ્ચ નાગર આપવામાં આવ્યા હતા.

## Quick Read

### યુટ્યુબર એલ્વિશ યાદવ ફરી ફસાયો, હવે બીજા એક મામલે થઇ શકે છે ધરપકડ

મુંબઇ : જાણીતા યુટ્યુબર એલ્વિશ યાદવને પાંચ દિવસ જેલમાં રહ્યા બાદ 22મી માર્ચે જામીન આપવામાં આવ્યા હતા. સાપના ઝેરની ખરીદી અને વેચાણના કેસમાં એલ્વિશની નોઈડા પોલીસે ધરપકડ કરી હતી. ત્યારે આજે (શનિવાર) એલ્વિશ સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. એલ્વિશની સાથે ગાયક રાહુલ યાદવ ઉર્ફે ફઝીલપુરિયા સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, હરીયાણામાં ગુરુગ્રામના બાદશાહપુર પોલીસ સ્ટેશનમાં શનિવારે એલ્વિશ યાદવ અને ગાયક ફાઝિલપુરિયા સામ ફરિયાદ નોંધાઈ હતી.

### ભાજપે ઉમેદવારોની આઠમી યાદી જાહેર કરી, સની દેઓલની ટિકિટ કપાઈ

નવી દિલ્હી : લોકસભા ચૂંટણી 2024 માટે ભાજપે ઉમેદવારોની આઠમી યાદી જાહેર કરી છે. જેમાં 11 ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. ઓડિસાના ત્રણ, પંજાબના છ અને પશ્ચિમ બંગાળના બે ઉમેદવારના નામ જાહેર કરાયા છે. મહત્વની વાત એ છે કે, પંજાબના ગુરદાસપુર લોકસભા બેઠકથી હાલના સાંસદ અને બોલીવુડ એક્ટર સની દેઓલની ટિકિટ કપાઈ છે. તેની જગ્યાએ દિનેશ સિંહને ટિકિટ અપાઈ છે. ભાજપે આજે (શનિવાર) લોકસભા ચૂંટણી 2024ની મેનિફેસ્ટો કમિટીની જાહેરાત કરી છે.

### ન્યૂઝ ક્લિક કેસ મામલે ફાઉન્ડર પુરકાયસ્થ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી

નવી દિલ્હી : દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે શનિવારે (30 માર્ચ) ન્યૂઝ પોર્ટલ ન્યૂઝક્લિક વિરુદ્ધ 8,000 પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટમાં આરોપ છે કે ન્યૂઝક્લિકે ચીની પ્રોપેગેન્ડા ફેલાવવા માટે કરોડો રૂપિયાનું વિદેશી ભંડોળ મેળવ્યું હતું. ન્યૂઝક્લિક વિરુદ્ધ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ 1967 (UAPA) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. સ્પેશિયલ સેલે પટિયાલા હાઉસ કોર્ટમાં એડિશનલ સેશન્સ જજ ડૉ. હરદીપ કૌરની બેન્ચમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસની સુનાવણી 16 એપ્રિલે થશે.

### PGમાં ચોરી કરતી યુવતીની ધરપકડ:5થી 15 હજારમાં ચોરેલા લેપટોપ વેચતી હતી

બેંગલુરુ : કર્ણાટકની બેંગલુરુ પોલીસે રાજસ્થાનના જોધપુરમાં રહેતી 29 વર્ષની યુવતીની ચોરીના આરોપમાં ધરપકડ કરી છે. શનિવારે (30 માર્ચ) બેંગલુરુ પોલીસે જણાવ્યું કે આરોપી છોકરી જસ્સુ અગ્રવાલ લેપટોપ ચોરી કરતી હતી જસ્સુ B.tec ગ્રેજ્યુએટ છે. તેની પાસેથી 10 લાખની કિંમતના 24 લેપટોપ મળી આવ્યા છે. પોલીસ કમિશનર બી દયાનંદે જણાવ્યું હતું કે આરોપી યુવતીએ કોરમંગલા અને ઈન્દિરાનગર વિસ્તારમાં પણ ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો હતો.

## ભાજપની 27 સભ્યની મેનિફેસ્ટો કમિટીની જાહેરાત, રાજનાથ અધ્યક્ષ અને નિર્મલા સીતારમણ સંયોજક

(એજન્સી) નવી દિલ્હી, તા. 30



ભાજપે લોકસભા ચૂંટણી માટે ચૂંટણીઢંઢેરા સમિતિની જાહેરાત કરી છે. સમિતિનું નેતૃત્વ રાજનાથ સિંહ કરશે, જ્યારે નિર્મલા સીતારમણ સમિતિના કન્વીનર હશે. પીયૂષ ગોયલને સહ-સંયોજકની જવાબદારી સોંપવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ભાજપની આ ચૂંટણીઢંઢેરાની સમિતિમાં કુલ 27 સભ્ય હશે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવની સાથે પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણને પણ સમિતિમાં સામેલ કરવામાં આવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ સમિતિમાં સભ્ય તરીકે સ્થાન મળ્યું છે. ભાજપના ચૂંટણીઢંઢેરાની સમિતિમાં અર્જુન મુંડા, ભૂપેન્દ્ર યાદવ, સ્મૃતિ ઈરાની, અર્જુનરામ મેઘવાલ, કિરણ રિજિજુ, અશ્વિની વૈષ્ણવ, ધર્મેન્દ્ર પ્રધાન, ભૂપેન્દ્ર પટેલ, હિમંતા બિસ્વા સરમા, વિષ્ણુદેવ સાય, રવિશંકર પ્રસાદ, સુશીલ મોદી, કેશવ પ્રસાદ, રાજીવ ચંદ્રશેખર, વિનોદ તાવડે, રાધામોહન દાસ, ઓપી ધનખડ, અનિલ એન્ટની, તારીક મન્સૂર વગેરે સામેલ છે. તમને જણાવી દઈએ કે ભાજપે લોકસભા ચૂંટણીને લઈને અત્યારસુધી 7 યાદી જાહેર કરી છે. સાતમી યાદી સાથે ભાજપે અત્યારસુધીમાં તેના 407 ઉમેદવારની જાહેરાત કરી છે. પાર્ટીએ 101 સાંસદની ટિકિટ રદ કરી છે. મહારાષ્ટ્રમાં ભાજપ એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડશે. જોકે હજુ સુધી બંને પક્ષ વચ્ચે સીટની વહેંચણી અંગે કોઈ સમજૂતી થઈ નથી. માનવામાં આવે છે કે આ મુદ્દે બંને પક્ષ વચ્ચે વાતચીત ચાલી રહી છે.

### સમિતિમાં ગુજરાત સહિત ચાર રાજ્યના મુખ્યમંત્રી પણ સામેલ

ગુજરાત સહિત ચાર રાજ્યના મુખ્યમંત્રીઓને પણ સામેલ કરાયા છે. ભૂપેન્દ્ર પટેલની સાથે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાયને પણ સ્થાન અપાયું છે. આ ઉપરાંત તેના સભ્યોમાં શિવરાજ સિંહ ચૌહાણ, સ્મૃતિ ઈરાની, વસુંધરા રાજે, કિરેન રિજીજુ અને અર્જુન મુંડા જેવા ચર્ચાસ્પદ ચહેરા પણ સમાવાયા છે. બે દિવસ પહેલાં લોકસભા ચૂંટણી 2024 માટે રાજ્યોના ચૂંટણી પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની યાદી બહાર પાડી હતી.

### લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ મુશ્કેલીમાં

## કોંગ્રેસ પાસેથી આવકવેરા વિભાગે રૂ. 135 કરોડનો ટેક્સ વસૂલ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા. 30

આવકવેરા વિભાગે કોંગ્રેસ પાસેથી 135 કરોડ રૂપિયા વસૂલ કર્યા છે. અહેવાલો અનુસાર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રોકડ રૂપિયાના ઉપયોગને કારણે કોંગ્રેસ પાસેથી આ આવકવેરો વસૂલવામાં આવ્યો હતો. રોકડના ઉપયોગને કારણે કોંગ્રેસે વર્ષ 2018-19માં આવકવેરા છૂટ ગુમાવી દીધી હતી. કોંગ્રેસ પાસેથી રૂ. 135 કરોડની ટેક્સ કલેક્શન આવકવેરા કાયદાની જોગવાઈઓ અનુસાર છે. એપ્રિલ 2019માં સર્ચ ઓપરેશન દરમિયાન આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવેલી વાંધાજનક સામગ્રીના આધારે ચૂંટણી પ્રક્રિયામાં રોકડ રૂપિયોનો ઉપયોગ બહાર આવ્યો હતો.

**કોંગ્રેસ પાસેથી કેટલી વસૂલાત કરવામાં આવી**

કાયદાકીય જોગવાઈઓ અનુસાર, કોંગ્રેસ પાર્ટી પાસેથી આશરે રૂ. 135 કરોડની બાકી વસૂલાતની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ કાર્યવાહી પર સ્ટે માગતી અરજીને ઈન્કમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (ITAT) અને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. આ પછી આવકવેરા અધિનિયમ, 1961ની જોગવાઈઓ અનુસાર 135 કરોડ રૂપિયાની વસૂલાત કરવામાં આવી હતી. આવકવેરા વિભાગે પાંચ અલગ-અલગ નાણાકીય વર્ષના ટેક્સ રિટર્નમાં ભૂલો બદલ 1823.08 કરોડ રૂપિયાની ચુકવણી માટે નવી નોટિસ આપી હતી.

### મુખ્યમંત્રી ખાંડુ સહિત તમામ બિનહરીફ જીત્યા

## અરુણાચલમાં ચૂંટણી પહેલા ભાજપ 10 વિધાનસભા બેઠકો પર વિજયી

(એજન્સી) ઇટાનગર, તા. 30



ભાજપે ચૂંટણી પહેલા જ અરુણાચલ પ્રદેશમાં 60માંથી 10 વિધાનસભા બેઠકો જીતી લીધી છે. આ 10 બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જીત્યા હતા. જેમાં સીએમ પેમા ખાંડુ, ડેપ્યુટી સીએમ ચૌના મેં સામેલ છે. પેમા ખાંડુએ મુક્તો વિધાનસભા ક્ષેત્રમાંથી ઉમેદવારી નોંધાવી હતી. જો કે અન્ય કોઈ ઉમેદવારે ફોર્મ ભર્યું ન હોવાથી ખાંડુ બિનહરીફ ચૂંટાયા હતા. તેવી જ રીતે બાકીની 9 બેઠકો પર પણ ભાજપના ઉમેદવારોનો વિજય થયો હતો. 2016માં ભાજપે બે સરકારોને અસ્થિર કરી. સૌ પ્રથમ 2016માં અરુણાચલની પીપલ્સ પાર્ટીને ટેકો આપીને કોંગ્રેસની નબામ તુકી સરકારને ઉથલાવી અને કાલીખો પુલની સરકાર બનાવી. મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. જુલાઈ 2016માં સુપ્રીમ કોર્ટે સ્વર્ગસ્થ કાલીખો પુલ સરકારને બરતરફ કરી અને રાજ્યમાં કોંગ્રેસ સરકારને પુનઃસ્થાપિત કરી. કોંગ્રેસે મુખ્યમંત્રી નબામ તુકીના સ્થાને પેમા ખાંડુને નવા સીએમ બનાવ્યા. 16 સપ્ટેમ્બર 2016એ સીએમ પેમા ખાંડુના નેતૃત્વ હેઠળ શાસક પક્ષના 43 ધારાસભ્યો કોંગ્રેસ છોડીને ભાજપની સહયોગી પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલમાં ભળી ગયા.

### કબ્રસ્તાનમાં મુખ્તાર અંસારીના ભાઈ અને DM વચ્ચે બોલાચાલી

ગાઝીપુર : ઉત્તરપ્રદેશના માફિયા મુખ્તાર અંસારીને શનિવારે ગાઝીપુરના કાલીબાગ કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યો. મુખ્તારના અંતિમ સંસ્કારમાં 30 હજાર લોકો પહોંચ્યા હતા. આ દરમિયાન DM આર્યકા અખોરીએ મુખ્તારના મોટા ભાઈ સાંસદ અફઝલ અંસારીને માત્ર પરિવારના સભ્યોને જ કબ્રસ્તાનમાં લઈ જવા કહ્યું. આ અંગે અફઝલ અને ડીએમ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મુખ્તારે કહ્યું કે દુનિયામાં કોઈ પણ વ્યક્તિ માટી આપવાની પરવાનગી લેતું નથી.

## EDએ કેજરીવાલના મંત્રી ગેહલોતની 5 કલાક દારૂ નીતિ કૌભાંડ મુદ્દે પૂછપરછ કરી



(એજન્સી) નવી દિલ્હી, તા. 30

દિલ્હીની હવે રદ્દ થઈ ચૂકેલી લિકર પૉલિસીથી જોડાયેલ મની લોન્ડ્રિંગ મામલે ઈડીએ શનિવાર (30 માર્ચ)એ દિલ્હી સરકારમાં મંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા કૈલાશ ગેહલોત સાથે અંદાજિત પાંચ કલાક સુધી પૂછપરછ કરી. 49 વર્ષીય કૈલાશ ગેહલોત દિલ્હીના નજફગઢથી 'આપ'ના ધારાસભ્ય છે અને કેજરીવાલ સરકારમાં તેઓ પરિવહન, ગૃહ અને કાયદા મંત્રી છે. સૂત્રોના અનુસાર, ઈડીએ કૈલાશ ગેહલોત પાસેથી પૉલિસીના ડ્રાફ્ટને તૈયાર કરવામાં તેમની કથિત ભૂમિકાને લઈને પૂછપરછ કરી.

### કૈલાશ ગેહલોતે કહ્યું મેં તમામ સવાલોનો જવાબ આપ્યા

તેમણે કહ્યું કે, 'ઈડીએ શું સવાલ કર્યા તે હું ન જણાવી શકું. ઈડીએ જે પણ સવાલ પૂછ્યા, મેં તમામનો જવાબ આપ્યા. મેં પૂરો સહયોગ કર્યો. આ બીજું સમન્સ હતું, એક મહિના પહેલા સમન્સ આવ્યું હતું, પરંતુ હું હાજર નહોતો થયો કારણ કે બજેટ સેશન ચાલી રહ્યું હતું.' તેના પર હું કંઈ નહીં કહું. કોઈ કૌભાંડ નથી થયું. જેમ જેમ તપાસ આગળ વધશે, એ સ્પષ્ટ થઈ જશે.'

### ત્રીજી વખત બદલાઈ કૈલાશ ગેહલોતના સિમની IMEI : ઈડીનો આરોપ

ઈડીએ આરોપ લગાવતા કહ્યું છે કે, લિકર પૉલિસી હેઠળ સાઉથ ગ્રુપે દારૂ વેપારના લાઈસન્સના અવેજમાં 'આપ' અને તેના નેતાઓને 100 કરોડ રૂપિયાની લાંચ આપી.. ઈડીએ પોતાના આરોપપત્રમાં એ પણ આરોપ લગાવ્યો છે.

## નકલી જીએસટી દસ્તાવેજો બનાવવાના સૌથી વધુ કેસ ગુજરાતમાં, 20,000 કરોડની ટેક્સ ચોરી પકડાઇ

(એજન્સી) નવી દિલ્હી, તા. 30

GSTમાં છેતરપિંડીના કેટલાક કિસ્સા સામે આવ્યા છે. એક રિપોર્ટ પ્રમાણે અધિકારીઓએ ચાલુ નાણાકીય વર્ષમાં રૂપિયા 19,260 કરોડના નકલી ઈનપુટ ટેક્સ ક્રેડિટના દાવા પકડી પાડ્યા છે. આ પ્રકારના કુલ 1999 કેસ નોંધાયા છે. દર વર્ષે આવા અનેક કિસ્સા સામે આવે છે. ગયા વર્ષે પણ નકલી ઈનપુટ ટેક્સ ક્રેડિટના 1,940 કેસ નોંધાયા હતા જેમાં રૂપિયા 13,175 કરોડનું રિફંડ માંગવામાં આવ્યું હતું. અધિકારીઓએ આટલી મોટી રકમમાંથી 1,597 કરોડ રૂપિયા રિકવર કર્યા હતા. આ વર્ષે પણ છેતરપિંડીના કેસમાં 49%નો વધારો થયો છે. આવા નકલી કેસોમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટના દાવાનો સમાવેશ થાય છે, જ્યાં વસ્તુઓ અથવા સેવાઓનો કોઈ વાસ્તવિક સપ્લાય કરવામાં આવ્યો નથી, પરંતુ ઈનપુટ ટેક્સ ક્રેડિટ દ્વારા પૈસાનો દાવો કરવામાં આવે છે. આ કેસોના નિકાલનો સરેરાશ દર 12.71% હોવાનો અનુમાન લગાવવામાં આવે છે.




**સૌથી વધારે કિસ્સા ક્યાં નોંધાયા?**

નકલી ઈનપુટ ટેક્સ ક્રેડિટના સૌથી વધુ કેસ આ વખતે ગુજરાતમાંથી આવ્યા છે. તે પછી બીજા ક્રમે પશ્ચિમ બંગાળ અને હરિયાણાનો નંબર આવે છે. ગુજરાતમાં આવા 241, પશ્ચિમ બંગાળમાં 227, હરિયાણામાં 186, આસામમાં 168, રાજસ્થાનમાં 143, મહારાષ્ટ્રમાં 130, કર્ણાટકમાં 122 અને દિલ્હીમાં 105 કેસ નોંધાયા છે. જો કે, રકમની દ્રષ્ટિએ જોઈએ તો હરિયાણા અને દિલ્હીમાં નકલી ITCના સૌથી મોટા કેસ સામે આવ્યા છે.

# અમદાવાદ આઇકોનિક 'અટલ બ્રિજ' ખાતે યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદના આઈકોનિક એવા 'અટલ બ્રિજ' ખાતે ફર્સ્ટ ટાઇમ વોટ કરનારા યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. યુવાનો દ્વારા દેશના વિવિધ પ્રાંતના પેહરવેશ પહેરી દેશહિતમાં મતદાન પર્વમાં સહભાગી થવા સંદેશો આપ્યો હતો. વધુમાં આ યુવાનો દ્વારા સિગ્નેચર કેમ્પેઈન પણ કરવામાં આવ્યું હતું. દેશની સાંસ્કૃતિક વિવિધતાની ઝાંખી રજૂ કરવાની સાથે સાથે યુવાનોએ 'મતદાન જાગૃતિ' અન્વયે રેલી યોજી હતી. આ રેલીમાં યુવાનોએ મતદાન જાગૃતિ અંગેના વિવિધ બેનરો અને પોસ્ટર્સ જેવા કે, 'દસ મિનિટ દેશ માટે', 'વોટ ફોર સ્યોર', 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ', જેવાં વિવિધ સૂત્રો દ્વારા લોકોને માહિતગાર કર્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના બી.કે.સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટના પ્રથમ વર્ષના યુવાનો દ્વારા આ રેલી યોજવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આગામી દિવસોમાં વધુમાં વધુ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારી શ્રી યોગેશ પારેખ દ્વારા જણાવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન કરે તે દિશામાં અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે.

# રાંદેરનો વેપારી હનીટ્રેપમાં ફસાયો

સુરત : આ કેસની વિગત એવી છે કે 38 વર્ષીય જૈન વેપારી નવયુગ કોલેજ સામે રાંદેર રોડ પર રહે છે. તેમની પાલના વેસ્ટર્ન એરિનામાં જૈન ઉપકરણ ભંડારની દુકાન આવેલી છે. જ્યાં વેપારી પુજાપાનો સામાન વેચે છે. સોશિયલ મીડિયા પર દુકાનની જાહેરાત સાથે વેપારીએ પોતાનો અંગત મોબાઈલ નંબર મુક્યો છે.દરમિયાન સવા મહિના પહેલાં એક અજાણ્યા ઈસમે ફોન કરી ઘરે જૈન મંદિર બનાવવાનું હોય માપ લેવા આવો તેવી વિનંતી વેપારીને કરી હતી.

પોતે વ્યસ્ત હોવાથી ગયા નહોતા. વારંવાર ફોન કરી અજાણ્યો બોલાવતો હતો. દરમિયાન ગઈ તા. 7મી માર્ચના રોજ વેપારી ઘરેથી જમી કારમાં દુકાન જવા નીકળ્યો ત્યારે ફરી અજાણ્યાનો વોટ્સએપ કોલ આવ્યો હતો. તેથી લોકેશન મંગાવ્યું હતું. લોકેશન આધારે વેપારી સિકોતર માતાના મંદિરે પહોંચ્યા હતા. અને મંદિરનું માપ લેવા ઉપરના માળે આવેલા બેડરૂમમાં લઈ ગઈ હતી. ત્યાર બાદ મહિલાએ બેડરૂમનો દરવાજો બંધ કરી સ્ટોપર મારી દઈ પોતાના કપડાં ઉતારવા માંડ્યા હતા. તેથી વેપારીએ પૂછ્યું આ શું કરો છો? હું ખોટી જગ્યાએ આવી ગયો છું, મને જવા દો, તેમ કહ્યું હતું. વેપારીએ દરવાજો ખોલવા પ્રયાસ કર્યો ત્યારે મહિલાએ તેને ધક્કો મારી બેડ પર પાડી દીધો હતો.તે દરમિયાન બેડરૂમના દરવાજા બહારથી કોઈકે ખટખટાવ્યો હતો. મહિલાએ દરવાજો ખોલતા ત્રણ અજાણ્યા પુરુષ બેડરૂમમાં પ્રવેશ્યા હતા. પોતે પોલીસ તરીકે ઓળખ આપી હતી. કુટણખાનું ચલાવો છે એમ કહી ધમકાવ્યા હતા. એક ઈસમે વેપારીને ગાલ પર તમાચો મારી દીધો હતો. પોલીસ કેસ કરવાની ધમકી આપી પતાવટના 15 લાખ માંગ્યા હતા. સગવડ થાય તેમ નથી એવું કહેતા વેપારીના મોબાઈલમાં એચડીએફસી બેન્કની એપ્લીકેશનમાંથી બેન્ક બેલેન્સ જોયું હતું, જે 7.32 લાખ હતું. તે ઉપરાંત દુકાનમાં 1.60 લાખ પડ્યા હતા. ક્રેડિટ કાર્ડમાંથી 1.40 લાખ એમ 10 લાખની વ્યવસ્થા કરી આપવા જણાવ્યું હતું. ત્રણ પેકી એક અજાણ્યો વેપારી સાથે ગયો હતો. સેલ્ફનો ચેક ભરી એચડીએફસીમાંથી 7 લાખ ઉપાડ્યા હતા. કુલ 10 લાખ અજાણ્યાઓએ વેપારી પાસે ઉલેચી લીધા હતા. દરમિયાન આ મામલે વેપારીએ પોતાના મિત્રો અને દુકાનના સ્ટાફને વાત કરી હતી. મિત્રએ પોલીસ ફરિયાદ કરવાની સલાહ આપી હતી. તેના આધારે વેપારીએ હનીટ્રેપ અને 17 લાખના તોડની ફરિયાદ જહાંગીરપુરા પોલીસ મથકમાં આપી હતી. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

# રાજપુત સમાજ પર ટિપ્પણી કરનાર પરસોત્તમ રૂપાલા મુદ્દે નર્મદા જિલ્લા કરણી સેનાએ કલેકટરને આવેદન આપ્યું

### - જો એમની ટિકિટ રદ કરવામાં નહિ આવે તો 26-26 સીટ પર જે ભાજપના ઉમેદવાર છે તેમને પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવું પડશે



ભરત શાહ દ્વારા - રાજપીપળા

લોકસભાની ચૂંટણી જાહેરાત થતા તમામ રાજકીય પાર્ટી દ્વારા પોત પોતાના ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે. ત્યારે કેટલીક સભાઓ પણ થઈ રહી છે.જેમાં રાજકોટના ભારતીય જનતા પાર્ટીના લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલા દ્વારા એક જાહેર કાર્યક્રમમાં રાજપૂત સમાજ વિશે ટિપ્પણી કરવામાં આવી હતી. તેને લઈને સમગ્ર ગુજરાતમાં તેનો વિરોધ રાજપૂત સમાજ દ્વારા કરવામાં આવી રહ્યો છે. તેના પડઘા નર્મદા જિલ્લા સુધી પડ્યા છે.

નર્મદા જિલ્લા કરણી સેના ના આગેવાનો એ નર્મદા જિલ્લા કલેકટરને આવેદપત્ર આપ્યું હતું જેમાં રાજકોટના ભાજપના લોકસભા ના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા રાજપૂત સમાજના વિરુદ્ધ બોલ્યા છે. તે ચોક્કસ એક કોમ ને ખુશ કરવા માટે અને મત મેળવવા માટે રાજપૂત સમાજને ટાર્ગેટ કર્યો. તેઓએ વાત કરવી હોય તો ભાજપ ના વિકાસની વાત કરવી જોઈએ ભાજપના શુ એજન્ડા છે. અને શું વિકાસ કર્યો કર્યા તેની વાત કરવી જોઈએ પરંતુ તેઓ ચોક્કસ એક સમાજને ખુશ કરવા માટે બીજા સમાજને ટાર્ગેટ કર્યો છે. અને ખાસ કરીને રાજા રજવાડો વિરુદ્ધ બોલ્યા છે,બેન દીકરીઓ વિશે બોલ્યા છે એ અમારી અસ્મિતા પર વાર કહેવાય જેને રાજપૂત સમાજ સાંખી લેશે નહિ, આ એમણે કરેલી ભૂલ નથી ચોક્કસ કરેલું પોતાનો સૂચન છે. જો એમની ટિકિટ રદ કરવામાં નહિ આવે તો 26/26 સીટ જે ભાજપના ઉમેદવાર છે તેઓને પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવું પડશે.વધુમાં મહીલા એ જણાવ્યું હતુ કે જ્યારે તેઓ રજવાડા વિશે જાણતા ના હોય તો તેમને બોલવાનો કોઈ અધિકાર જ નથી.

# સુરતના નાગરિકો માટે મદદરૂપ અને માર્ગદર્શક બની રહી છે વોટર્સ હેલ્પલાઈન '1950'

- **'૧૯૫૦' હેલ્પલાઈનના માધ્યમથી અત્યાર સુધીમાં ૧૦૫૦ થી વધુ ફોનકોલ દ્વારા નાગરિકોને સંતોષકારક સમાધાન મળ્યું**
- **સુરત જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૨૪×૭ કાર્યરત હેલ્પલાઈન નંબર પરથી ચૂંટણી કાર્ડ અને મતદાર યાદી સહિતના નાગરિકોને મૂંઝવતા પ્રશ્નોના મળી રહ્યા છે જવાબ**

સાહિલ ઠાકુર - સુરત

લોકશાહીના મહાપર્વ સમાન લોકસભાની સામાન્ય ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ જાહેર થઈ ચૂક્યો છે, ત્યારે આ અવસરમાં સહભાગી થવા માટે નાગરિકોનો ઉત્સાહ વધારવા અને મહત્તમ મતદાન થાય તે માટે ચૂંટણી પંચે સુવિધાપૂર્ણ નવતર પ્રકલ્પો શરૂ કર્યા છે. આવો જ એક પ્રકલ્પ છે '૧૯૫૦' વોટર્સ હેલ્પલાઈન. આ હેલ્પલાઈન દ્વારા શહેર-જિલ્લાના નાગરિકોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપવા માટે ૨૪+૭ ના ધોરણે કલેક્ટર કચેરી ખાતે અલાયદું યુનિટ કાર્યરત છે. આ યુનિટ નાગરિકોના ફોનકોલ્સને એટેન્ડ કરી તેમના પ્રશ્નો અને મૂંઝવણોના ઉકેલ આપે છે. ચૂંટણી જાહેર થયાથી અત્યાર સુધીમાં કલેક્ટર કચેરીમાં ડિસ્ટ્રીક્ટ કોન્ટેક્ટ સેન્ટર અંતર્ગત કાર્યરત '૧૯૫૦' સેલને ૧૦૫૦ થી વધુ ફોન કોલ્સ મળ્યા છે. જેમાં આમ નાગરિકો-મતદારો દ્વારા પૂછાયેલા સવાલોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યો છે. તા.૩૦મીએ ૬૭ કોલ મળ્યા હતા. આમ, '૧૯૫૦' સેલમાં સરેરાશ પ્રતિદિન ૭૦ જેટલા કોલ આવી રહ્યા છે એમ નાયબ મામલતદારો અભિષેક પટેલ અને શ્વેતા ટી.પટેલે જણાવ્યુ હતું. ડિસ્ટ્રીક્ટ કોન્ટેક્ટ સેન્ટરમાં ૬ નાયબ મામલતદારો ૬ ક્લાર્ક, ૦૨ ઓપરેટરો ત્રણ શિફ્ટમાં ૨૪ કલાક ફરજ બજાવી રહ્યા છે. નાગરિકો દ્વારા મોટાભાગે ચૂંટણી કાર્ડ અને મતદાર યાદી સહિતની બાબતો વિશે સવાલો પૂછવામાં આવે છે, જેના જવાબ આ સેલ દ્વારા સંતોષકારક રીતે આપવામાં આવે છે. નાગરિકો દ્વારા મતદાન વેળાએ કેટલા દસ્તાવેજો માન્ય ગણાય છે, મતદાર યાદીમાં નામ છે કે કેમ, મતદારયાદીમાં સુધારા માટે કરેલી અરજીનું શું સ્ટેટ્સ છે વગેરે પ્રકારના અનેક સવાલો અત્યાર સુધીમાં પૂછાઈ ચૂક્યા છે. આમ, '૧૯૫૦' હેલ્પલાઈન માધ્યમથી નાગરિકોને મૂંઝવતા સવાલોના જવાબ મળે છે. સાથોસાથ જરૂરી જાણકારી મળવાથી તેઓ અન્ય લોકોને માહિતી આપી જાગૃતિ ફેલાવી રહ્યા છે. મતદાન વધારવા તથા મતદારોની મૂંઝવણો દૂર કરવા માટેનો ચૂંટણી પંચનો આ પ્રકલ્પ સહાયરૂપ બની રહ્યો છે.



## NEWS TRACK

### સેલંબા ગામમાં રહેણાંક મકાન માંથી 4 મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.1.40 લાખની ચોરી

ભરત શાહ દ્વારા - રાજપીપળા : નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામના એક રહેણાક મકાન માંથી અજાણ્યા ચોરી લાખો ની મતા ની ચોરી કરી પલાયન થતા ઘર માલિકે ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઈન્દ્રભાન રામદાસ યાદવ,હાલ રહે, સેલંબા તા. સાગબારા જી.નર્મદા મૂળ રહે, કસબાકેનાઇ તા,જી-સુલતાનપુર ઉત્તર પ્રદેશ નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમના રહેણાંક ઘરમાં ગઇ તા. ૨૮/૦૩/૨૦૨૭ ના રોજ રાત્રી દરમ્યાન કોઇ અજાણ્યો ચોર ઈસમ ઘરમા પ્રવેશ કરી અલમારીમા મુકેલ રોકડા રૂ. ૭૫,૦૦૦/-તથા વીવો કંપનીનો મોબાઈલ ફોન તથા તેમના ભત્રીજા સચિનનો સેમસંગ કંપનીનો મોબાઈલ તથા તેમના મોટા દિકરા સૌરભનો વીવો કંપનીનો મોબાઈલ તથા નાના દિકરા વિશાલનો રીયલમી કંપનીનો C51 મોબાઈલ મળી એન્ડ્રોઇડ મોબાઈલો નંગ-૪ ની કિ.રૂા. ૬૫,૦૦૦/-તથા રોકડા રૂા.૭૫,૦૦૦/-મળી કુલ રૂા.૧,૪૦, ૦૦૦/-ની કોઇ ચોર ઈસમ ચોરી કરી લઇ જતા સાગબારા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ચાણસ્માની ગ્રામીણ વિસ્તારની કેટલીક આંગણવાડીઓમાં આગણવાડી કાર્યકરોની અનિયમિતતાથી વાલીઓમાં કચવાટ જોવા મળ્યા

નિતીન ઠાકર - ચાણસ્મા : ભાટસર ગામ ની ભાટસર (૨) પ્રા શાળા ની બાજુ માં આવેલી આંગણવાડી ના કાર્યકર છેલ્લા કેટલાય સમયથી આંગણવાડી માં અનિયમિત આવવું અને આંગણવાડી ના સમય પહેલાં જતાં રહેવું જે આંગણવાડી કાર્યકર નો નિત્યક્રમ બની ગયો હોય તેવું જેવા મળતાં ભુલકાં ના વાલી ઓ માં પણ કચવાટ જેવા મળી રહ્યો છે ને ભાટસર ગામે આવેલી (ભાટસર ) ૨ આગણવાડી માત્ર તેડાગર ના ભરોસે જ ચાલે છે ભાટસર ગામે (ભાટસર )૨ આંગણવાડી ના કાર્યકર બપોરે ૧૨ વાગ્યા પછી જાણે વિઝિટ મારવા આવતા હોઈ તેમ પાટણ થી આવી ને ૧ દોઢ વાગે તો જતા રહેતા હોવાથી આંગણવાડી ના ભૂલકાં ઓ ને ક્યારેય રમત રમાડતા કે પક્ષી પ્રાણીઓ ફળો ની સમજણ આપતી પ્રા શિક્ષણ આપતા પણ કયારે ય જોવા નહી મળ્યા હોવાનું ગામના કેટલાક નાગરીકો એ નામ નહી આપવાની શરતે જણાવ્યું હતું સવારે સાડા અગીયાર વાગે પ્રા શાળા ની બાજુ ની આંગણવાડી રૂબરૂ મુલાકાત લીધી ત્યારે આંગણવાડી નો દરવાનો હડો મારેલી હાલત માં બંધ હતો.

### જાફરાબાદના પીપળી કાંઠા વિસ્તારમાં આવેલ ટાંકાની પાઈપલાઈન ફૂટી જાવાથી પણીની નદીઓ વહેતી થઇ

કિશોર આર. સોલંકી - જાફરાબાદ : જાફરાબાદમાં લોકો પણી વિહોણા પરંતુ પાલિકાની બે જવાબદારી આવી સામે પીપળી કાંઠા વિસ્તારના શીતળા માતાજીના મંદિર બાજુમાં આવેલ ટાંકા ની પાઈપલાઈન ફુટતા હજારો લીટર પાણી નદીજેમ વેડફાય રહ્યું છે. પીવાના પાણી માટે લોકો માં રોષ જોવા મળી રહ્યો છે. ને બીજી બાજુ પાણી ની લાઈન ફૂટતા નદીજેમ પણી રોડ ઉપર વહેતુ થયું છે. ઉનાળાની સીઝન ચાલું થતાં પણી માટે વલખાં મારતાં નાગરિકો ને પૂરતું પાણી મળતું નથી અને બીજી બાજુ પાણી વેડફાઇ રહ્યું છે. પીપળી કાંઠા વિસ્તારના લોકોને પૂરું પાડતું આ ટાંકા નું પણી ની લાઈન લીકેજ હોવા છતાં પાલિકા ના જવાબદાર અધિકારીઓના ધ્યાન ઉપર કેમ નથી આવતું ઘણાખરા વિસ્તારોમાં પીવાનું પાણી વીસથી પચ્ચીસ દિવસ સુધી જીવનજરૂરી પણી ન મળતાં લોકો માં આક્રોશ જોવા મળી રહ્યો છે. સામાકાંઠા ના પીપળી કાંઠા ના વિસ્તાર ના લોકો તથા ઘણાખરા વિસ્તારમાં પણી વિતરણ કરવામાં આવ્યું નથી અને શિતળા માતાજીના મંદિર બાજુમાં આવેલ ટાંકા ની લાઈન ફૂટી જવાથી હજારો લીટર પાણી વેરફાયુ આ બાબતે વહીવટી તંત્ર ગંભીરતા લઇ તાત્કાલિક ધોરણે રીપેરીંગ કરી લોકોને જીવનજરૂરી પણી વિતરણ કરવા જવાબદાર અધિકારી ને આદેશ કરવામાં આવે.

### હીટ વેવથી બચવા માટે આટલું જરૂર કરો

સુરત : રાજ્યભરમાં કાળઝાળ ગરમી અનુભવાઈ રહી છે. લૂ લાગવાના કિસ્સાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે, ત્યારે હાલના ધોમધખતા ઉનાળામાં હીટ વેવથી બચવા માટે નાગરિકો દ્વારા કેટલીક આવશ્યક તકેદારી રાખવાથી અસહ્ય ગરમીથી રાહત મેળવી શકાશે. હીટ વેવ દરમિયાન જરૂરી ન હોય તો ઘરની બહાર નીકળવાનું ટાળવું, આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ ખુલતા કપડા પહેરવા. ટોપી, ચશ્મા, છત્રીનો ઉપયોગ કરવો જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધો, અશક્ત અને બીમાર વ્યક્તિઓએ તડકામાં વિશેષ કાળજી લેવી. ભીના કપડાથી માથું ઢાંકી રાખવું, અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું અને વારંવાર ઠંડુ પાણી પીવું. વરિયાળી, કાચી કેરી, ગુલાબ, ખસ અને કાળી દ્રાક્ષનું શરબત પીવું જોઈએ. રાત્રે ૧૦ નંગ કાળી દ્રાક્ષ પાણીમાં પલાળી સવારે આ પાણી પીવું અને દ્રાક્ષ ખાવી, તરબૂચનો ઉપયોગ સવાર અને બપોરે કરવો જોઈએ. લીંબુ શરબત, મોળી છાશ, તાડફળી અને નારીયેળનું પાણી, ખાંડ-મીઠાના પીણાં પીવા જોઈએ. બજારમાં મળતો ખુલ્લો વાસી ખોરાક, બરફ વગેરેનો ઉપયોગ ટાળવો. લગ્ન પ્રસંગમાં દૂધ માવાની આઈટમ ખાવી નહીં. ચા-કોફી અને આલ્કોહોલના સેવનથી લૂ લાગવાની શક્યતા વધે છે, તેથી તેનું સેવન કરવાનું ટાળવું. બપોરે બે થી ચાર વાગ્યા સુધી બહાર નીકળવાનું ટાળવું. માથું દુ:ખવું, પગની પિંડીઓમાં દુ:ખાવો થવો, શરીરનું તાપમાન વધવું, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછું થવું, ઉલટી, ઉબકા, ચક્કર, આંખે અંધારા આવવા, બેભાન થઈ જવું, સુધ-બુધ ગુમાવી દેવી, અતિ ગંભીર કિસ્સાઓમાં ખેંચ આવવી વગેરે હીટ વેવનાં લક્ષણો છે.

# ગરુડેશ્વર તાલુકાના ગામોમાં વૃદ્ધો-દિવ્યાંગોને પિંક ઓટો મતદાન મથક સુધી લઇ જશે

ભરત શાહ દ્વારા - રાજપીપળા



લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ગરુડેશ્વર તાલુકાના અશક્ત અને દિવ્યાંગ નાગરિકોને મતદાન કરવામાં સરળતા રહે એ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ,એકતા નગર દ્વારા પિંક ઓટો ઉપરાંત વ્હિલચેરની ફાળવણી કરવામાં આવશે. આ માટે આજે જિલ્લા ચૂંટણી તંત્ર સાથે મળી સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં મહિલાઓ દ્વારા પિંક ઓટોનું સંચાલન કરવામાં આવે છે. આ ઓટો ઈલેક્ટ્રિક છે અને પર્યાવરણહિતેષી છે. આ ઉપરાંત,અહીં આવતા અશક્ત પ્રવાસીઓ માટે વ્હિલચેર વસાવવામાં આવી છે. પ્રવાસીઓની મહત્તમ જરૂરિયાત ધ્યાને રાખી બાકીની વ્હિલચેર નાંદોદ પ્રાંત કચેરીને ચૂંટણી પૂરતા દિવસો માટે આપવામાં આવશે, પછી પરત મેળવી લેવામાં આવશે.

આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગર દ્વારા પિંક ઓટો મતદાનના દિવસ માટે ફાળવવામાં આવશે. આ પિંક ઓટો ડ્રાઈવર સાથે ગરુડેશ્વર તાલુકાના ગામોમાં જઈ અશક્ત, દિવ્યાંગ મતદારોને મતદાન મથક સુધી પરિવહનની સુવિધા પૂરી પાડશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગરના મુખ્ય કારોબારી અધિકારી ઉદિત અગ્રવાલ તરફથી અધિક કલેકટર ગોપાલ બામણીયા,અને જીલ્લા ચુંટણી તંત્ર તરફથી પ્રાંત અધિકારી,રાજપીપળા ડૉ. કિશનદાન ગઢવીએ સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.



નિતીન ઠાકર - ચાણસ્મા : ચાણસ્મા તાલુકા ના સેંઢાલ ગામે આવેલા મહાકાળી માતાજી ના મંદિરે જગદીશભાઈ સાધુ પરીવાર દ્વારા મહાકાળી માતાજી ના પ્રાગટ્યોત્સવ ની કેક કાપી ને ભાવ પૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહાકાળી માતાજી ના પરમ સેવક કોકીલાબેન સાધુ એ ઉપસ્થિત રહી આ શિર્વાદ પાઠવ્યા હતા આ પ્રસંગે સે ઢાલ ના સામા અગ્રણી અને પૂર્વ સરપંચ ગોવિંદભાઈ ચાણસ્મા ના માઈ મંડળ ના સેવીકા બહેનો સહિત જગદીશભાઈ જયંતિદાસ સાધુ જીગરભાઈ ઉર્ફે બાલકદાસ સાધુ સહિત પરીવાર જનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ શહેર જિલ્લાના વિધાનસભા વિસ્તારોના 5432 મતદાન મથકોના 26,626 કર્મીઓને તાલીમ આપી ચૂંટણી કામગીરી માટે કરાશે સજ્જ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ જિલ્લામાં આગામી દિવસોમાં યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણી માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તારીખ 28, 30 અને 1 એપ્રિલના દિવસોમાં ચૂંટણી કામગીરી કરનારા કર્મચારીઓ/અધિકારીઓના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ વર્ગો વિશે માહિતી આપતા ડેપ્યુટી કલેક્ટર સુશ્રી રિદ્ધિ શુક્લએ જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા વિસ્તારોમાં યોજાનારા તાલીમ વર્ગોમાં કુલ 5432 મતદાન મથકોના 26,626 કર્મીઓને ચૂંટણી કામગીરી માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ પ્રશિક્ષણ વર્ગોમાં 6550 પ્રિસાઈડિંગ ઓફિસર, 6548 પોલિંગ ઓફિસર-1, 3528 પોલિંગ ઓફિસર અને 10,000 ફિમેલ પોલિંગ ઓફિસરને મતદાનના દિવસે કરવાની થતી કામગીરીથી લઈને મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા સુધીની તમામ કામગીરી અંગે વિગતવાર જાણકારી આપીને માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ તાલીમ વર્ગોમાં માસ્ટર ટ્રેનર્સની ટીમ દ્વારા પ્રિ-પોલ, પોલ-ડે અને આફ્ટર પોલ, EVM, VVPAT, પોસ્ટલ બેલેટ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવે છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં વિવિધ સ્થળો પર તાલીમની કામગીરી ચાલી રહી છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ વિરમગામ(39), સાણંદ(40), ઘાટલોડિયા (41), વેજલપુર(42), વટવા (43), એલિસબ્રીજ(44), નારણ પુરા (45), નિકોલ (46), નરોડા(47), ઠક્કરબાપાનગર (48), બાપુનગર(49), અમરાઈવાડી(50), દરિયાપુર(51), જમાલપુર-ખાડિયા(52), મણીનગર(53), દાણીલીમડા (54), સાબરમતી(55), અસારવા(56), દસ્ક્રોઈ (57), ધોળકા(58), ધંધુકા(59) વિધાનસભા મતવિસ્તારના પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર અને ફિમેલ પોલિંગ ઓફિસર માટે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

### સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારી ત્રણ માંસનો ગર્ભ રાખી દેવાના ગુનામાં પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતાં આરોપી ને દસ વર્ષની સખત કેદની સજા

કિશોર આર. સોલંકી - જાફરાબાદ

રાજુલાના પીપાવાવ સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારી ત્રણ માંસનો ગર્ભ રાખી દેવાના ગુનામાં ૧૦ વર્ષની સજા ઉપરાંત ભોગ બનનારને વળતર પેટે રૂપિયા ૫૦,૦૦૦/- હજાર ચુકવવા કોર્ટે હુકમ કર્યો પીપાવાવ ગામે તા/૧૩/૧૨/૨૦૧૯ ના સગીરાને વાલીપણામાથી અપહરણ કરી મહારાષ્ટ્ર લઈ જઈ ભોગ બનનાર સાથે અવારનવાર શરીરસંબંધ બાંધી ત્રણ માંસનો ગર્ભ રાખી દેતા આરોપી ઝારખંડ રાજ્યના ગોડા જિલ્લાના કંઠોન ગામના વિજ્ય ઉર્ફે વિકી બધોત દશરથ બધોત યાદવ ઉ.વ. ૨૩ સામે ભોગ બનનારના પિતાએ રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા તપાસ કરનાર અધિકારીએ આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ ઉપરોક્ત કેસ રાજુલા સ્પેશ્યલ પોક્સો અને એડિશનલ સેશન્સ જજ શ્રી એમ.એસ.સોની સમક્ષ ચાલી જતાં ફરિયાદ પક્ષે પીપી. બી. એમ. શિયાળની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂ|.૫૦,૦૦૦/- હજાર વળતર પેટે ભોગ બનનારને ચુકવવા હુકમ કર્યો હતો.

# વડોદરા મંડળ પર રેલવે પુરસ્કાર વિતરણ સમારંભનું આયોજન



વડોદરા : પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર 68મા રેલવે પુરસ્કાર વિતરણ સમારંભનું ગરિમાપૂર્ણ રીતે આયોજન કરવામાં આવ્યું. વર્ષ 2022 23 દરમિયાન રેલવે કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા ઉત્કૃષ્ટ કામ અમલીકરણ માટે તેમને 38 વયક્તિગત પુરસ્કાર તથા બેસ્ટ ઓએચઈ ડેપો, બેસ્ટ કેપ્ટ સ્ટેશન તથા મેજર અને માઈનોર યાર્ડ માટે સેફ્ટી શિલ્ડ પણ આપવામાં આવી હતી.

સિનિયર મંડળ સામગ્રી પ્રબંધક શ્રી રાજૂ પુરોહિતે જણાવ્યું કે પ્રત્યેક વર્ષે મંડળ પર રેલવે કર્મચારીઓને ઉત્કૃષ્ટ કામ અમલીકરણ માટે સન્માનિત કરવાની પરંપરા રહી છે. આ દરમિયાન વિવિધ વિભાગોને શિલ્ડ પણ આપવામાં આવે છે જેથી તેમના વચ્ચે ઉત્કૃષ્ટતા માટે પ્રતિસ્પર્ધા જળવાઈ રહે. વર્ષ 2022-23 ના રેલવે પુરસ્કાર વિતરણ માટે વડોદરાના પ્રતાપ નગર ખાતે સ્થિત ઓડિટોરિયમમાં એક ભવ્ય સમારંભનું આયોજન કરવામાં આવ્યું જેમાં વાણિજ્ય, વિજળી, એન્જિનિયરીંગ, યાંત્રિક, સામાન્ય, મેડિકલ, ઓપરેટિંગ, પર્સનલ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન, આરપીએફ તથા કલ્ચરલ, સ્પોર્ટ્સ, સિવિલ ડિફેન્સ અને સ્કાઉટ તેમજ ગાઈડ ટીમને ડીઆરએમ શ્રી જીતેન્દ્ર સિંહે મેડલ અને પ્રશંસા પત્ર આપીને સન્માનિત કર્યા. આ દરમિયાન સેફ્ટી શિલ્ડમાં મેજર યાર્ડ માટે ગોધરા અને માઈનોર યાર્ડ માટે અંકલેશ્વર, બેસ્ટ કેપ્ટ સ્ટેશન માટે વડોદરા, નડિયાદ, એકતા નગર, ગોધરા, છાયાપુરી અને ઉત્રાણ સ્ટેશન તેમજ બેસ્ટ ઓએચઈ ડેપો માટે ડાકોર ઓએચઈ ડેપોને શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા.

આ અવસર પર પોતાના સંભાષણમાં ડીઆરએમ શ્રી જીતેન્દ્ર સિંહે જણાવ્યું કે ભારતીય રેલવે એક એવું અનોખું સરકારી સંગઠન છે જેમાં વિવિધ વિભાગો વચ્ચે ઉત્તમ સાંમજસ્ય અને પરસ્પર સંકલનથી રેલવેનું ઉત્કૃષ્ટતા સાથે સંચાલન કરવામાં આવે છે, જેનાથી કોઈપણ વિભાગનું મહત્વ ઓછુ થઈ શકતું નથી. તેમણે તમામ રેલવે કર્મચારીઓને આહ્વાન કર્યું કે વર્તમાનમાં ભારતીય રેલવેમાં પડકારોમાં લક્ષ્ય અત્યંત વધારે છે જેને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવાની અમારી જવાબદારી છે. સન્માનિત રેલવે કર્મચારીઓથી પ્રેરણા લો અને પોતાનું સર્વશ્રેષ્ઠ કામ અમલીકરણ કરો જેથી ભારતીય રેલવેને આગળ પણ ઉત્તરોઉત્તર વિકાસ તરફ લઈ જઈ શકાય. કાર્યક્રમમાં પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષા ડૉ. શ્વેતા સિંહ અને તેમની ટીમ, માન્ય ટ્રેડ યુનિયન અને એસોસિએશનના પદાધિકારીજનો, સિનિયર રેલવે અધિકારી, પુરસ્કૃત રેલવે કર્મચારી અને મીડિયા કર્મચારીઓ પણ ઉપસ્થિત હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

વૃદ્ધને નિર્દયતાથી પાઇપ વડે ફટકાર્યા : વૃદ્ધ બરાડા પાડી આજીજી કરતા રહ્યા તોય ના છોડ્યા

# ચોરીની આશંકાએ અજાણ્યા યુવકોએ માર માર્યો

વડોદરા | વડોદરા શહેરના મંજલપુર પોલીસ મથકમાં આવેલા તુલસીધામ ચાર રસ્તા પાસે ગઈકાલે સાંજે અજાણ્યા ઈસમ દ્વારા ચોરીની આશંકાએ વૃદ્ધને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો, જે ઘટનાનો વીડિઓ પણ સામે આવ્યો છે. આ વીડિઓમાં બે યુવક વૃદ્ધને પાઈપથી ફટકા મારતા હોય એવું નજરે પડી રહ્યું છે. આ મામલે માંજલપુર પોલીસ ઘટનાસ્થળે દોડી આવી વૃદ્ધને પોલીસ મથકે લઈ ગઈ હતી અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટનામાં યુવકો દ્વારા વૃદ્ધને નિર્દયતાથી માર મારવામાં આવી રહ્યો છે, જે સ્પષ્ટ વીડિયોમાં નજરે પડે છે. વૃદ્ધ છોડી દેવા આજીજી કરે છે છતાં નિર્દયતાથી યુવકો તેમને મારે છે, સાથે ત્યાં ભેગું થયેલું ટોળું વૃદ્ધને બચાવવાના બદલે તમાશો જુએ છે. સમગ્ર બાબતે માંજલપુર પોલીસને જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી, ઈજાગ્રસ્ત વૃદ્ધને માંજલપુર પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી, જેમાં આ વૃદ્ધ માનસિક અસ્થિર હોવાનું સામે આવ્યું છે.

આ મામલે જાગ્રત નાગરિકે પોલીસને જાણ કરી હતી. તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ હું મારી કંપનીથી મારી કાર લઈને મારા ઘરે જતો હતો. એ વખતે સાંજના આશરે સવા છ વાગ્યાના સુમારે તુલસીધામ ચાર રસ્તા પર સર્કલ આવેલું છે એની આજુબાજુ લાઈટિંગ છે તેમજ ફુવારા માટે સબમર્સિબલ પંપ લગાડેલો છે એ જગ્યાએ એક અજાણ્યો પુરુષ તેના વાયરો ખેંચતો હોવાથી લોકો ભેગા થઈ ગયા હતા. એમાંથી એક વ્યક્તિ પાઈપથી તે વૃદ્ધને મારતી હતી અને ગંદી ગાળો બોલતો હતો. મેં પોલીસને જાણ કરી હતી અને પોલીસની ગાડી આવતાં માર મારનાર ઈસમો ત્યાંથી ફરાર થઈ ગયા હતા.



### માર મારનાર ઇસમ સામે ફરિયાદ

દરમિયાન જેને માર મારવામાં આવ્યો હતો તે અજાણ્યા પુરુષનું નામ સરનામું પૂછતાં તે બોલતો નથી અને તે માનસિક અસ્વસ્થ હોવાનું સામે આવ્યું છે. તેમને માંજલપુર પોલીસ મથકમાં લઈ જવામાં આવ્યા હતા, સાથે માર મારનાર ઈસમો સામે માંજલપુર પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વલસાડમાં 10 વર્ષ પહેલાં બાઇક ચોરીને ફરાર થયેલા આરોપીન ઝડપાયો...

વલસાડ | વલસાડ SP કરનરાજ વાઘેલાની સૂચના મુજબ જિલ્લા SOGની ટીમ જિલ્લાના વણ ઉકેલાય ગુનાઓ શોધવા સૂચના આપી હતી. જે સૂચનના આધારે વલસાડ SOGની ટીમ જિલ્લાના વિવિધ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. જે દરમ્યાન વલસાડ SOGની ટીમને મળેલી બાતમીના આધારે વલસાડ જિલ્લાના વાપી ગુંજન GIDC વિસ્તારમાં એક યુવકને કપરાડા તાલુકાના મોટાપોંઢા કોલેજ પાસેથી 10 વર્ષ પહેલા ચોરાયેલી એક બાઈક સાથે એક યુવકને ઝડપી બાઈક ચોરીનો 10 વર્ષ જૂનો વાહન ચોરી નો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી. વલસાડ SOGની ટીમે યુવકની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી હતી.

વલસાડ જિલ્લા SP ડો. કરનરાજ વાઘેલાએ જિલ્લામાં વણ ઉકેલાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા વલસાડ SOG PI એ યુ રોઝને સૂચના આપી હતી. જેને લઈને વલસાડ SOG PI એ યુ રોઝના નેતૃત્વમાં વલસાડ SOGની ટીમ વલસાડ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી હતી. જે દરમ્યાન SOGની ટીમને મળેલી બાતમીના આધારે વાપીના ગુંજન વિસ્તારમાં આવેલા હાઉસિંગ બોર્ડ પાસે એક નંબર વગરની બાઈક લઈને આવનાર યુવકે 10 વર્ષ પહેલાં મોટાપોંઢા કોલેજના પાર્કિંગમાંથી ચોરાયેલી બાઈક લઈને આવવાનો હોવાની બાતમી મળી હતી.

વલસાડ SOGની ટીમને મળેલી બાતમીના આધારે નંબર વગરની બાઈલ લઈને આવનાર બાતમીના વર્ણન વાળો યુવક આવતા વલસાડ SOGની ટીમે યુવકને અટકાવી નંબર વગરની બાઈકને જરૂરી કાગળોની માંગણી કરી હતી. યુવક વલસાડ SOGની ટીમને સંતોષ કારક જવાબ આપી ન શકતા વલસાડ SOGની ટીમે બાઈકને ચેસીસ નંબર ના આધારે ડિટેલમાં તપાસ કરતા મોટાપોંઢા કોલેજના પાર્કિંગમાં 8મી ઓક્ટોબર 2014ના રોજ ચોરી થઈ હોવાની ફરિયાદ કપરાડા પોલીસ મથકે નોંધાઈ હતી. તે બાબતે બાઈક સાથે ઝડપાયેલા યુવકને પૂછપરછ કરતા કોઈ સંતોષ કારક જવાબ આપી શક્યો ન હતો. પરંતુ બાઈક ચોરીનું હોવાની કબૂલાત કરી હતી. વલસાડ SOGની ટીમે ચોરીની બાઈક સાથે 25 વર્ષીય આશિષ નંદલાલ રાજભરની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી હતી. આરોપીની ઉપર 25 વર્ષની હોવાથી કેસમાં અન્ય કોઈ ઈસમોની સંડોવણી છે કે કેમ અને બાઈક ચોરી કરી ક્યાં ભાગી ગયો હતો. વેગેરે તપાસ હાથ ધરી છે.

# ધરારનગરના શખ્સ સામે પોલીસે ગુનો દાખલ કર્યો

જામનગર | જામનગરના લાલપુર બાયપાસથી ઠેબા ચોકડી વચ્ચે સૂતા સૂતા બાઈક ચલાવાતું હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા પછી પોલીસે તેની શરૂ કરેલી તપાસમાં ધરારનગરમાં રહેતો શખ્સ ઝડપાઈ ગયો છે. પોલીસે તેની અટક કરી તેને કાયદાનું ભાન કરાવ્યું છે. જામનગરના સોશિયલ મીડિયાના કેટલાક ગ્રુપમાં તાજેતરમાં એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં એક સ્પલેન્ડર મોટરસાયકલ દોડી જતું દેખાઈ રહ્યું હતું અને તેના પર એક શખ્સ સૂતેલો જોવા મળી રહ્યો હતો. તે વીડિયો પોલીસના ધ્યાનમાં આવ્યા પછી વીડિયોમાં દેખાઈ રહેલા વિસ્તાર અંગે ચકાસણી શરૂ કરાઈ હતી. તપાસ દરમિયાન જે રોડ પર બાઈક દોડી જતું જોવા મળી રહ્યું હતું તે રોડ લાલપુર બાયપાસ હોવાનું ફલિત થતા પોલીસે તે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવા સહિતની કામગીરી હાથ ધરતા જામનગરના ધરારનગર-1 વિસ્તારમાં સલીમબાપુના મદ્રેસા પાસે રહેતા જાવિદ ખાલીદ ચમડીયા (ઉ.વ.19) નામના શખ્સે આ સ્ટંટ કર્યાનું ખૂલ્યું હતું. તે પછી પંચકોશી-બી ડિવિઝન પોલીસે આગળ વધારેલી તપાસમાં ગઈ તા.૨૬ની બપોરે ચારેક વાગ્યે જાવિદ ચમડીયાએ લાલપુર બાયપાસથી જામનગર તરફના રોડ પર જીજે-10-બીએન 4750 નંબરનું સ્પલેન્ડર દોડાવી તેના પર સ્ટંટ કર્યાનું ખૂલતા પો.કો. ભયપાલસિંહ જાડેજાએ ખુદ ફરિયાદી બની પંચકોશી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાવિદ ખાલીદ ચમડીયા સામે ગુન્હો દાખલ કરાવ્યો છે.

# વડોદરામાં વિદેશ મોકલવાના નામે છેતરપિંડી

## વર્કિંગ વિઝાને બદલે ટુરિઝમ વિઝા આપ્યા; ફરિયાદી સાથે રૂપિયા 7 લાખની છેતરપીંડી આચારી

વડોદરા | વડોદરાના વાસના રોડ પાસે રહેતા અને મોબાઈલ એસેસરીઝનો ધંધો કરતા વેપારીએ અકોટા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ 2013માં હું સ્ટુડન્ટ વિઝા ઉપર સિંગાપુર ગયો હતો. ત્યાં અભ્યાસ સાથે કામ પણ કરતાં હતો. ત્યાં મને સામાવાળા નિરજભાઈ પટેલે તેઓની હોસ્ટેલમાં ભાડેથી રાખ્યો હતો. બાદમાં તેઓની સાથે ઓળખાણ અને પરિચય બાદ અને તેઓએ જણાવ્યું કે, હું લોકોને વિઝા કઢાવી વિદેશ મોકલવાનુ કામ કરું છું અને ઘણાં બધાને વિદેશ મોકલ્યા છે.

આ બાબતની વાતચીત બાદ વર્ષ 2014માં સિંગાપુરથી હું પરત આવી ગયો હતો અને ખાનગી નોકરી કરતો હતો અને લગ્ન કર્યા બાદ હું તથા મારી પત્નીએ સાથે નક્કી કર્યું કે, આપણે વિદેશમાં કેનેડા કે બીજા દેશમાં જઈએ અને ત્યાં કામ કરી પૈસા ભેગા કરીએ તેવું વિચારી વર્ષ 2020માં આ સ્ટારરીચ ઈન્ટરનેશનલ પ્રા.લી, જેની ઓફિસ રેસકોર્સ ખાતે સીડકપ ટાવરમાં આવેલી છે. ત્યાં નિરજ પટેલને મળેલા અને તેમને વિદેશ જવાની વાત કરતાં તેઓ અમોને જણાવ્યું કે, મારે તુર્કીમાં સારા એવા કોન્ટેક્ટ છે અને ત્યાંના વર્કિંગ વિઝા કરાવી આપીશ. રહેવા-જમવાની સગવડ કરી આપીશ તથા તમે મહિને ઓછમાં ઓછા દોઢ લાખ કમાશો અને મેં ઘણા લોકોને તુર્કી, પોલેન્ડ, સ્પેન, યુ.કે. મોકલ્યા છે.

તેઓએ પતિ-પત્ની બંનેને જવાનો ખર્ચ 7 લાખ રૂપિયા કહ્યો હતો. જેમાં ટિકિટ વિઝા તથા ત્યાં રહેવાના ભાડાના થશે અને માર્ચ મહિના પછી આવશો તો ભાવ હજી વધી જશે તેમ કહી અમારે વિદેશ જવાનું હોવાથી મેં હા પાડી હતી. દરમિયાન એડવાન્સની રકમ રોકડા આપવા પડશે અને અન્ય બાકીની રકમ ઓનલાઈન આપવાની રહેશે તેવું જણાવ્યું હતું. બાદમાં જાન્યુઆરી મહિનામાં આ નિરજ પટેલને તેમની ઓફિસમાં જઈ એક લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. સાથે પત્નીનો પાસપોર્ટ જમા કરાવ્યો હતો.



### છૂટક આરોપીને રૂપિયા 7 લાખ આપ્યા

આ સમગ્ર મામલે ફરિયાદીએ છૂટક છૂટક આરોપીને રૂપિયા 7 લાખ જમા કર્યા હતા. ત્યારબાદ નિરજ પટેલનો કોલ આવ્યો હતો અને જણાવ્યું હતું કે, તમારા તુર્કીના વર્કિંગ વિઝા અને વડોદરાથી ફ્લાઈટની ટિકિટ સાથે તુર્કીની કંપનીમાં જોબ નક્કી કરી આપું છું અને તમારે ત્યાં જઈ એક ભાડા કરાર કરવાનો છે અને તમારે તુર્કીના ઈસ્તાંબુલ સિટીમાં જવાનુ છે. આ તમારી એર ટિકિટ અને પાસપોર્ટ લઈ જાઓ. બાદમાં પાસપોર્ટમાં જોતાં અમારા પાસપોર્ટમાં વિંગ વિઝાની જગ્યાએ ટુરિસ્ટ વિઝાનો સિક્કો માર્યો હતો. જેથી મેં નિરજભાઈ પટેલને કહ્યું કે, અમારે તો વર્કિંગ વિઝા ઉપર જવાનુ છે.

# ડિટેઇન ન કરવા મહિલા PSI પુત્ર સાથે લાંચ લેતા પકડાયા

સુરત | લાલગેટ ચોકીની પીએસઆઈ મંજુલા પારગી 8 હજારની લાંચમાં એસીબીના છટકામાં ભેરવાઈ છે. લાંચ લેવા માટે તેણે પોતાના પુત્રને સાથે રાખ્યો હતો. સીઆરપીસીની કલમ-151ના અટકાયતી પગલાં ન ભરવા માટે ટેકનિશિયન પાસે તેણે લાંચ માંગી હતી. મંજુલાનો પગાર 70 હજાર છે. એસીબીના સ્ટાફે મંજુલા શંકરલાલ પારગી અને પુત્ર અશ્વિન પારગી સામે ગુનો નોંધી ધરપકડની કાર્યવાહી કરી છે.

એસીબીએ જણાવ્યું કે લાલગેટ વિસ્તારમાં ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાકટરને ત્યાં એક ટેકનિશિયન નોકરી કરતો હતો. જેની વિરૂધ્ધમાં અરજી થતાં આ કેસની તપાસ લાલગેટ પોલીસ ચોકીની મહિલા પીએસઆઈ મંજુલા પારગી કરી રહી હતી. એસીબીના જણાવ્યા પ્રમાણે, ટેકનીશીયન પાસે મંજુલાએ 10 હજાર માંગ્યા હતા.



બાદમાં રકઝક પછી 8 હજારની લાંચ માંગી હતી. જે મામલે ફરિયાદ મળતાં એસીબીના સ્ટાફે શુકવારે સાંજે લાલગેટ પોલીસ ચોકીમાં છટકું ગોઠવ્યું હતું. વળી લાંચની રકમ મંજુલાએ પોલીસ ચોકીમાં પોતાના પુત્ર અશ્વિન પારગીને આપી દેવા કહ્યું હતું. એસીબીના સ્ટાફે માતા પુત્ર બંનેને રંગેહાથ ઝડપી પાડ્યા છે. વર્ષ 2017માં મંજુલાને પીએસઆઈ તરીકે પ્રમોશન મળ્યા બાદ લાલગેટ ચોકીમાં પોસ્ટિંગ થયું હતું.

કપલે કોન્સ્ટેબલની વરદી ફાડી નાખી: બે દંપતી સામે ફરિયાદ

# શામળાજીમાં ઝઘડો કરી રહેલા બે ચાલકને સમજાવવા જતાં કોન્સ્ટેબલ પર હુમલો...

અરવલ્લી (મોડાસા) | અરવલ્લી જિલ્લાના શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર ફરજ બજાવતા શામળાજી પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ પર અમદાવાદના બે કપલે હુમલો કરી વરદી ફાડી નાખી હતી. જ્યાં બેફામ બનેલી એક મહિલાએ પોલીસકર્મી પર નજીકમાં પડેલા લોખંડની પાઈપ વડે હુમલો કરતા પોલીસકર્મીના પગે ફ્રેક્ચર થયું હતું જ્યારે અન્ય પોલીસકર્મીની વરદી ફાડી નાખી અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભારે ચકચાર મચી હતી. પોલીસકર્મીઓ પર અમદાવાદના બે કપલે જીવલેણ હુમલો કરતા શામળાજી પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી બે પુરુષ અને બે મહિલાને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જયરાજસિંહ લાલસિંહ નામના કોન્સ્ટબલ અન્ય પોલીસકર્મીઓ સાથે ધુળેટીની રાત્રે અણસોલ ચેકપોસ્ટ પર ફરજ બજાવતા હતા. ત્યારે રાજસ્થાન તરફથી આવતી બ્રેઝા કારને અટકાવી તલાસી લેતા અંદર બે કપલ બેઠા હતા. જેથી તલાસી દરમિયાન પાછળથી એક હોન્ડા અમેઝ કારમાં કપલ આવ્યું હતું અને કાર અટકાવી બ્રેઝા કારમાં રહેલા બંને કપલે તેમની સાથે ઓવરટેક કરવા બાબતે ઝઘડો કર્યો હતો. જેથી ભયભીત કપલને અંદર પોલીસ ચોકીમાં બેસવા જણાવતા બ્રેઝા કારમાં રહેલા બે પુરૂષ અને બે મહિલાઓ ઝઘડો કરવા લાગતા જયરાજસિંહ સહિત અન્ય પોલીસે બંને કપલને સમજાવવા જતા બંને કપલ ઉશ્કેરાઈ જઈ પોલીસકર્મીઓની ફેટ પકડી લઈ વર્ધી ફાડી નાખી હતી. તેમજ પોલીસને કેમ વીડિયો ઉતારો છો કહી પ્રીતિબા અર્જુનસિંહ ઝાલાએ જયરાજસિંહ પર લોખંડની પાઈપ વડે હુમલો કરતા પગે ફ્રેક્ચર થયું હતું. ત્યારે શિવાનીબા સહદેવસિંહ ઝાલાએ ગડદા-પાટુનો માર મારી બંને કપલ પર જીવલેણ હુમલો કર્યો હતો.

શામળાજી પોલીસે કોન્સ્ટેબલ જયરાજસિંહ લાલસિંહની ફરિયાદના આધારે સહદેવસિંહ ગણપતસિંહ જાડેજા, શિવાનીબા સહદેવસિંહ જાડેજા, અર્જુનસિંહ કનકસિંહ ઝાલા અને પ્રીતિબા અર્જુનસિંહ ઝાલા (ચારે રહે,બી/4 પાયલ ફ્લેટ જજીસ બંગ્લોઝ રોડ, વસ્ત્રાપુર-અમદાવાદ) વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હાઇવે પર બર્થ ડે સેલિબ્રેશન ભારે પડ્યું

મોરબી | વાંકાનેર નજીક નેશનલ હાઈવે ઉપર બર્થ ડે સેલિબ્રેશન કરનાર 4 શખ્સોનો વીડિયો વાયરલ થતા પોલીસ એક્શન મોડમાં આવી હતી. ચારેય શખ્સોની પોલીસે ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું. બનાવની મળતી વિગતો મુજબ, સોશિયલ મીડિયા ઉપર વાંકાનેર પંથકનો નેશનલ હાઈવે ઉપર ફટાકડા ફોડી લોકોમાં ભયનું વાતાવરણ ઉભું કરતો બર્થ-ડે સેલિબ્રેશનનો વીડિયો વાયરલ થયો હતો. જેને ધ્યાને લઈ વાંકાનેર સીટી પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની ટીમે બર્થ-ડે સેલિબ્રેશનનો વીડિયો જોઈ સ્થળ તેમજ વ્યક્તિઓની ઓળખ કરી તાત્કાલિક ધોરણે તમામ ઈસમો વિરૂદ્ધ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશને ગુનો નોંધ્યો હતો. ત્યાર બાદ બુરહાનુદીન મલકાની, હુશેન ઉર્ફે બાજી હાથી, અમીરભાઇ તાજાણી, અજીજભાઇ સરાવાલા વાંકાનેર વાળાને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાધલીમાં ઢાંકણાં વગરની ખુલ્લી ગટરલાઇન જોખમરૂપ



શિનોર | સાધલી મુકામે ડેવલોપમેન્ટ ઓફ જંકશન એન્ડ સ્ટ્રોમ વોટર ડ્રેઈનના કામે ઈજારદાર દ્વારા જંકશન વિકસિત કરવાની સાથે વરસાદી ગટરની કામગીરી કરવાની છે. ગટરની કામગીરી શરૂ કર્યા પછી તેની ઉપર ઢોકણાં મુકવાની કામગીરી પૂરી કરી ના હોવાથી તારીખ 29 માર્ચ 2024ના રોજ એક બાઈક સવાર બાઈક સાથે જુના પોલીસ ચોકીની સામે ગટરમાં પડ્યો હતો છતાં તેનો આબાદ બચાવ થયો હતો. સાધલી મુકામે માર્ગ મકાન તંત્ર ગાંધીનગર દ્વારા રૂપિયા 2 કરોડ 32 લાખના અંદાજિત ખર્ચે જંકશન વિકસિત કરવાનું કામ ઊંચું ટેન્ડર ભરનાર મેં.વી.એસ. શાહ કંપનીને આપેલ છે.

## નેશનલ હાઇવે પર નવી પારડી પાસે ટ્રકે અડફેટે લેતાં મોપેડ સવારનું મોત

આંબોલી | ને.હા નંબર 48 પરના નવી પારડીના શિવશક્તિ પેટ્રોલ પંપ નજીક ટ્રકે એકટીવા ચાલકને અડફેટે લેતાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.નવી પારડીના હિમાજળ ફળિયા ખાતે રહેતા 45 વર્ષીય શાંતુભાઈ સરાધભાઈ વસાવા પીપોદરા જીઆઈડીસીમાં નોકરી કરતા હતા. ગત રોજ સવારના નવેક વાગ્યા આસપાસ શાંતુભાઈ તેમની એકટીવા નંબર GJ05KT-2846 લઈ નોકરી પર જઈ રહ્યા હતા. ત્યારે ને.હા નંબર 48 પરના મુંબઈથી અમદાવાદ તરફ જતા પીપોદરા નહેર શિવ શક્તિ પેટ્રોલ પંપ પાસે પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રક નંબર GJ21W-9070ના ચાલકે એકટીવા અડફેટે લેતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માતની ઘટનાને પગલે ટ્રક ચાલક ટ્રક છોડી ફરાર થઈ ગયો હતો.

# ગરમ મથકોમાં રાજકોટ મોખરે :48 કલાકમાં 44ને લૂ લાગતાં સારવારમાં ખસેડાયા

રાજકોટ | શુક્રવારે તાપમાન 40 ડિગ્રી રહ્યું જે હજુ સામાન્ય કરતાં 3 ડિગ્રી વધુ, રાજ્યના સૌથી ગરમ મથકોમાં રાજકોટ મોખરે ગુરુવારે સામાન્ય કરતા 4 ડિગ્રી સુધી ઊંચકાઈને મહત્તમ તાપમાન 41 ડિગ્રીને પાર થતા લોકો ત્રાહિમામ, શુક્રવારે 1 ડિગ્રી ઘટ્યું હવામાન વિભાગે અલગ-અલગ તંત્રને યલો એલર્ટ આપીને તૈયારી રાખવા કહ્યું છે. સતત એક સપ્તાહ સુધી હિટવેવની સ્થિતિ રહી છે. અચાનક જ તાપમાનમાં વધારો થતા અનેક લોકોના આરોગ્ય પર તેની અસર થઈ છે અને માત્ર 48 જ કલાકમાં 44ને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. હવામાન વિભાગ દ્વારા યલ્લો એલર્ટ જાહેર કરાતાં જિલ્લાની તમામ 108 એમ્બ્યુલન્સ એલર્ટ ઉપર મોકલવામાં આવી છે અને જિલ્લાની તમામ એમ્બ્યુલન્સને સજ્જ કરી દેવાની સૂચના અપાઈ છે. 108 સેવાના પ્રોગ્રામ મેનેજર ચેતન ગાધેએ જણાવ્યું હતું કે, એલર્ટને લઈને તમામ એમ્બ્યુલન્સમાં ગરમી કે લૂ સબંધિત કોઈપણ પ્રકારના કિસ્સાઓ પ્રતિસાદ આપવા માટે પૂરતા પ્રમાણમાં દવાઓ, સંશાધનો, ઈન્જેકશન, ઓઆરએસ, ગ્લુકોઝ, સહિત ઓક્સિજનનો જથ્થો પૂરતા પ્રમાણમાં છે. તમામ કર્મચારીઓ તાલીમબદ્ધ અને કટિબદ્ધ કરાયા હતા. છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીને લગતા કેસમાં વધારો જોવા મળ્યો છે. છેલ્લા 48 કલાકમાં જ 44 કેસ નોંધાયા હતા જે તમામને સારવાર આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજકોટમાં હિટવેવને લઈને છેલ્લા સાત દિવસમાં પારો 41 ડિગ્રી સેલ્શિયસને પાર થયો હતો જે સામાન્ય તાપમાન કરતા 4 ડિગ્રી કરતા વધુ હતું.

# કરોડોમાં નવડાવ્યા : ક્રેડીટ બુલ્સ કંપનીએ રોકાણકારોને કરોડોમાં નવડાવ્યા

જામનગર | જામનગર શહેરમાં આવેલી અને શેરબજારમાં રોકાણ કરતી કંપનીએ ઉંચુ વળતર આપવાની લાલચે અનેક લોકો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવી થોડા સમય વ્યાજ આપ્યા બાદ રાતોરાત શટર પાડીને ભાગી છૂટતા છેતરાયેલા લોકોએ આ કંપનીના માલિક તથા અન્ય લોકો સામે સિટી-બી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જામનગર શહેરના અંબર સિનેમા સામે નિઓ એટલાન્ટિક બિલ્ડીંગમાં 412 નંબરની ઓફિસમાં ક્રેડીટ બુલ્સ નામની કંપની બે વર્ષ પહેલાથી કાર્યરત હતી. આ કંપની દ્વારા લોકોને રોકાણ કરાવી તેની સામે ઉંચુ વ્યાજ આપવાની સ્કીમ કરી હતી. જેમાં અનેક લોકોએ તેમાં રોકાણ કરી થોડા સમય વ્યાજ મેળવ્યા બાદ કંપની દ્વારા રાતોરાત તાળા મારી નાસી છૂટતા રોકાણકારોમાં નાસભાગ મચી જવા પામી હતી. છેતરાયેલા રોકાણકારો પૈકીના કેયુર વિજયભાઈ સુરાલીયા નામના વેપારીએ ક્રેડીટ બુલ્સના સીઈઓ સહિતના 4 લોકો સામે અલગ અલગ સ્કીમોમાં નાણાનું રોકાણ કરાવી તેના પર માસિક વળતર આપવાની લાલચ આપી 5 લાખ રૂપિયા ઓળવી જઈ છેતરપિંડી કરવા અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જો કે, પોલીસે આ એક ફરિયાદ નોંધી છે પરંતુ છેતરાયેલા લોકોની સંખ્યા અસંખ્ય છે. જેના પરથી આ કૌભાંડ કરોડોમાં હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસ પાસે 37 છેતરાયેલા લોકોના નામ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

# સુરતમાં વધુ ત્રણ યુવાનના અચાનક મોત, તમામની ઉંમર 28થી 30 વર્ષ...

સુરત | સુરતમાં છેલ્લા કેટલાક સમયથી અચાનક બેભાન થવા અને છાતીમાં દુઃખાવો થયા બાદ મોતના બનાવવામાં વધારો થઈ રહ્યો છે. તેવા સમયે ડીંડોલીની હોટલમાં મહિલા મિત્ર સાથે ગયા બાદ ૨૮ વર્ષીય યુવાન અને સચિનની કંપનીમાં ૨૮ વર્ષીય યુવાન અને પાંડેસરામાં ૩૦ વર્ષના યુવાનની તબિયત બગાડતા બેભાન થયા બાદ મોત નીપજ્યું હતું.

સિવિલ અને સ્મીમેર હોસ્પિટલથી મળેલી વિગત મુજબ ભેસ્તાન આવાસ પાસે નવા બંધાતા અંજની નંદ રો-હાઉસ ખાતે રહેતો ૨૮ વર્ષીય તારીક અનવર સાદિક ગુરુવારે સાંજે તેની મહિલા મિત્ર સાથે ડીંડોલીમાં પેવલિયન પ્લાઝા હોટલના રૂમમાં ગયો હતો. તે સમયે તે અચાનક બેભાન થઇ જતા હોસ્પિટલમાં લઇ જવાયો હતો. પણ ડોકટરે મૃત જાહેર કર્યો હતો. પોસ્ટમોર્ટમમાં લીધેલા સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ બહાર આવશે. તે મૂળ બિહારનો વતની હતો. તે છૂટક મજૂરી કામ કરતો હતો.

બીજા બનાવમાં તો સચિન જીઆઈડીસીમાં રામેશ્વર કોલોની માં પિયુષભાઈના મકાનમાં રહેતો ૨૮ વર્ષીય મોહમ્મદ જહાંગીર બેતુલ્લાહ ગઈકાલે મોડી રાત્રે સચિન જીઆઇડીસીમાં હાઈ ચોઇસ કંપનીમાં કામ કરતો હતો. તે સમયે અચાનક તેને ચક્કર આવ્યા બાદ તબિયત લથડતા નવી સિવિલમાં ખસેડાયો હતો જ્યાં ડોકટરે મૃત જાહેર કર્યો હતો.

# મમ્મી, કાકાએ બેડરૂમમાં મારાં શરીર સાથે અડપલાં કર્યા હતાં

રાજકોટ | શહેરમાં હવે બાળાઓ અને તરૂણીઓ સાથે જાતિય સતામણીનાં કિસ્સા સામાન્ય બની ચૂક્યા છે. વાલીઓ માટે ચિંતાજનક આ પ્રકારનાં કિસ્સામાં વધુ એકનો ઉમેરો થયો છે. ધો. 8માં અભ્યાસ કરતી 14 વર્ષની તરૂણીને લગ્ન પ્રસંગમાંથી ઉઠાવી જઇ તેનાં શરીર સાથે તેનાં જ કૌટુંબીક કાકાએ અડપલાં કર્યાનો ચોંકાવનારો બનાવ ગાંધીગ્રામ પોલીસમાં જાહેર થયો છે. જેનાં આધારે પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ૩૯ વર્ષનાં અને એક સંતાનનાં પિતા એવા આરોપીની ધરપકડ કરી હતી.

ભોગ બનનાર તરૂણીની માતાએ પોલીસને જણાવ્યું કે, તેને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. પુત્રીની ઉંમર 14 વર્ષ છે અને તે ધો. 8માં અભ્યાસ કરે છે. ગઇ તા. 14ના રોજ તેની તબિયત સારી ન હતી. જેથી ભાઈને ત્યાં પુત્ર સાથે રોકાવા ગઇ હતી. જ્યારે તેનાં પતિ મુંબઇ ગયા હતાં.

પાછળથી તેની પુત્રી કૌટુંબીક નણંદનાં પુત્રનાં લગ્ન પ્રસંગનું જ્યાં રિસેપ્શન યોજાયું હતું તે પાર્ટી પ્લોટમાં ગઇ હતી. ખુદ તેનો ભાઈ તેની પુત્રીને રિસેપ્શનમાં મૂકી આવ્યો હતો. રાત્રે દસેક વાગ્યે તેનાં કૌટુંબીક દિયરે તેને કોલ કરી તેની પુત્રીને પોતાનાં ઘરે લઇ જઇ રહ્યાનું કહ્યું હતું. પરંતુ તેણે ના પાડી હતી. પતિને વાત કરતાં તેણે પણ ના પાડી હતી. આમ છતાં તેનો કૌટુંબીક દિયર તેની પુત્રીને પોતાનાં ઘરે લઇ ગયો હતો. બીજા દિવસે તેની પુત્રીને તેનાં ભાઇનાં ઘરે બહાર જ ઉતારી જતો રહ્યો હતો. તેની પુત્રી તેની પાસે આવતાં જ તેને બથ ભરી જોરથી રડવા લાગી હતી. કારણ પૂછતાં કહ્યું કે, ગઇકાલે રાત્રે કાકા મને તેનાં ઘરે લઇ ગયા હતાં.બાદમાં હું તેનાં બેડ પર સુવા જતાં કાકા મારી બાજુમાં આવીને સૂઇ ગયા હતા.

વીડિયો વાયરલ થયા બાદ પોલીસ હરકતમાં | પૈસા, ચોકલેટ અને મીઠાઈ આપી નાબાલિકને હવસનો શિકાર બનાવી

# રાણપરીના હવસખોર ઢગાએ 10 વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચર્યું



બરવાળા : બરવાળા તાલુકાના રાણપરી ગામના હવસખોર ઢગાએ એક સગીરાને હવસનો શિકાર બનાવતા ભારે ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસ હરકતમાં આવી હતી અને તાબડતોડ ફરિયાદ નોંધી ગણતરીના સમયમાં જ હવસખોર શખ્સને વડોદરા ક્રાઈમ બ્રાંચે ઉઠાવી લીધો હતો.

ચકચાર મચાવનારી ઘટના અંગે મળતી વિગત અનુસાર બરવાળાના રાણપરી ગામે રહેતો વલીખાન મહમદખાન વડિયા નામ નરાધમ શખ્સ ધો.૫માં અભ્યાસ કરતી આશરે ૧૦-૧૧ વર્ષની એક નાબાલિક બાળકીને પૈસા, ચોકલેટ અને મીઠાઈ આપી તેણી સાથે અવાર-નવાર અડપલા કરતો હતો. જે વાતની જાણ થતાં બે-ત્રણ જાગૃત યુવાનોએ શખ્સ ઉપર નજર રાખી હતી. દરમિયાનમાં પાંચ-છ દિવસ પહેલા નરાધમ વલી વડિયાએ સગીરાને જાનથી મારી નાંખવા ધમકી આપી પોતાના વંડે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારે યુવાનોએ તેની કાળી કરતૂતને મોબાઈલમાં કેદ કરી લઈ સમગ્ર બનાવ બાબતે આગેવાનો, ભોગગ્રસ્તના વાલીને જાણ કરી હતી. જેથી ભોગ બનનારી સગીરાના વાલીએ પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરતા નરાધમ શખ્સ રાણપરી મુકી વડોદરા તરફ ભાગી ગયો હતો. જ્યારે ઘટના સંદર્ભે આજે શુક્રવારે બરવાળા પોલીસ મથકમાં વલી મહમદખાન વડિયા સામે આઈપીસી ૩૭૬ (૨) (જે), ૩૭૬ (૩), ૩૫૪એ (૧) (આઈ), ૫૦૬ (૨), પોક્સો કલમ ૩એ, ૪, ૫ (એ), ૬, ૭, ૮, ૧૧ (૬), ૧૨ મુજબ સત્તાવાર રીતે ફરિયાદ દાખલ થતા પોલીસે નરાધમને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા.દરમિયાનમાં આ શખ્સનું મોબાઈલ લોકેશન ટ્રેસ કરી બરવાળા પોલીસે અગાઉ બરવાળામાં ફરજ બજાવી ચુકેલા અને હાલ વડોદરા એલસીબી ઝોન ૩માં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા ભગીરથસિંહ જી.વાળાને જાણ કરતા એલસીબીની ટીમે વાસણા-ભાયલી રોડ પર આવેલી નંદ હોસ્પિટલ પાસે વોચ ગોઠવી દુષ્કર્મ ગુજારી નાસી છુટેલો વલી વડિયાને ઝડપી લીધો હતો. જેની જાણ થતાં બરવાળા પોલીસ શખ્સનો કબજો લેવા વડોદરા રવાના થઈ હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનિય છે કે, વિકૃત માનસિકતા ધરાવતા હવસખોર ઢગાએ અગાઉ પણ બે-ત્રણ સગીરા સાથે અડપલા કર્યા હોવાનું બહાર આવ્યું છે. દીકરી સમાન સગીરા સાથે કુકર્મ કરનાર શખ્સ સામે સમગ્ર પંથકમાં ફિટકારની લાગણી વરસી રહી છે.

મેયરના વોર્ડમાં જ પાણીના ધાંધીયા

# તખ્તેશ્વર પ્લોટ વિસ્તારમાં પાણી પ્રેસરથી નહી આવતા રહીશો ત્રાહિમામ

ભાવનગર : ઉનાળાની ગરમી શરૂ થતા જ ભાવનગર શહેરના કેટલાક વિસ્તારમાં હાલ પાણીની સમસ્યા હોવાની ફરિયાદ ઉઠી રહી છે. હાલ ભાવનગર મહાપાલિકાના મેયરના વોર્ડમાં પણ પાણીના ધાંધીયા જોવા મળી રહ્યા છે. તખ્તેશ્વર પ્લોટ વિસ્તારમાં પાણી પ્રેસરથી નહી આવતા રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને આ બાબતે મેયર તેમજ અધિકારીને રજૂઆત કરી હતી છતા સમસ્યા યથાવત હોવાનુ જાણવા મળેલ છે.

ભાવનગર શહેરના તખ્તેશ્વર પ્લોટ વિસ્તારમાં આશરે છેલ્લા ૨૦ દિવસથી પાણી પ્રેસરથી આવતુ નથી તેથી સ્થાનિક રહીશોમાં રોષ ફેલાયો છે. આ બાબતે તાજેતરમાં સ્થાનિક રહીશોએ મેયર અને વોટર વર્કસના અધિકારીને રજૂઆત કરી હતી. આ રજૂઆતના પગલે મહાપાલિકાના વોટર વર્કસ વિભાગના સ્ટાફે તખ્તેશ્વર પ્લોટ વિસ્તારમાં તપાસ કરી હતી અને પાણી ઓછુ આવતુ હોવાનુ અનુભવ્યુ હતુ પરંતુ સમસ્યાનો હલ હજુ સુધી આવ્યો નથી. શીયાળામાં પાણી પુરતા પ્રેસરથી આવતુ હતુ પરંતુ ઉનાળાની ગરમી શરૂ થતા જ પાણી પ્રેસરથી આવતુ નથી, જેના પગલે લોકોને પાણી તંગી પડી રહી છે. તખ્તેશ્વર વોર્ડમાંથી નગરસેવક ભરત બારડ વિજેતા થયા છે અને મેયર બન્યા છે ત્યારે લોકોની અપેક્ષા વધી જતી હોય છે. મેયરના વોર્ડમાં જ પાણીના ધાંધીયા છે અને રજૂઆત કરવા છતા પ્રશ્ન હલ થતો નથી ત્યારે રહીશોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. તખ્તેશ્વર પ્લોટ વિસ્તારમાં આશરે ૧૫૦૦થી વધુ લોકો રહે છે અને પાણી ઓછુ આવતા લોકો પરેશાન થઈ રહ્યા છે ત્યારે તત્કાલ પાણી પ્રશ્ન હલ કરવા માંગણી ઉઠી છે. આજે શુક્રવારે તો તખ્તેશ્વર વિસ્તારમાં પાણી જ આવ્યુ ન હતુ તેથી લોકોનો રોષ વધ્યો હતો. મેયરે પોતાના વિસ્તારની સમસ્યા હલ કરવા માટે થોડુ વધુ ધ્યાન દેવુ જોઈએ તેમ લોકમુખે ચર્ચાય રહ્યુ છે. મેયરના વિસ્તારમાં પાણી પ્રશ્ન કયારે હલ થશે ? તેની રાહ જોવી જ રહી.

**ખેડાના નવાગામની પરિણીતાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો |** નડિયાદ : ખેડા તાલુકાના નવાગામની પરિણીતાએ પતિના અન્ય સાથેના આડા સંબંધના કારણે ગુજારાતા ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઇ જિંદગીનો અંત આણ્યો હતો. આ બનાવ અંગે દીકરીના પિતાએ ખેડા ટાઉન પોલીસ મથકમાં જમાઈ સામે ફરિયાદ નોંધાવી છે.ખેડા તાલુકાના સારસા તાબે ભગુપુરામાં રહેતા રાજેશભાઈ મનુભાઈ સોલંકીની દીકરી ભૂમિકાબેનના લગ્ન બે વર્ષ પહેલા નવાગામમાં રહેતા રાહુલ રમેશભાઈ બારૈયા સાથે કરવામાં આવ્યા હતા. ભૂમિકાએ લગ્ન બાદ કોલેજનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. તેણી સાસરીમાંથી કોલેજ જતી હતી. છેલ્લા થોડા સમયથી તેનો પતિ અન્ય્ી સાથે આડા સંબંધ હોવાથી ફોન પર વાતો કરતો હતો અને પત્નીને સારી રીતે રાખતો ન હતો. રાહુલ વારંવાર પત્નીને તને રાખવી નથી તું મરી જાય તો બીજી પત્ની લાવું તેમ કહી મહેણાં ટોણા મારતો હતો. જેથી કંટાળી ભૂમિકાબેન બે વખત રિસાઈને પિયર જતી રહી હતી. પરંતુ તેના પિતાએ સમજાવી દીકરીને સાસરીમાં મોકલી હતી. ભૂમિકા પતિના ત્રાસથી કંટાળી ફરીથી રિસાઈને પિયર ગઈ હતી. ત્યારે તેણે પિતાને પતિને આડા સંબંધ હોવાથી ત્રાસ ગુજારતો હોવાની જાણ કરી હતી.

**પાલિતાણામાં પાણી અને ગંદકી સહિતની સમસ્યાઓ કાયમી ઉકેલ ઝંખે છે |** પાલિતાણા : પાલિતાણા શહેરમાં આવેલા કુલ નવ વોર્ડમાં રહિશોને અનેકવિધ પાયાની સમસ્યાઓ સતાવી રહેલ છે. સત્તાધીશો સ્થાનિક જે તે વોર્ડની સમસ્યાઓથી વાકેફ હોય તેમ છતાં તેઓ આ ગંભીર બાબતે પણ ઉદાસીનતા દાખવી રહ્યા છે. તંત્રવાહકો આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવે તેવી રહિશોમાં પ્રબળ માંગ ઉઠવા પામેલ છે.પાલિતાણા શહેરમાં કુલ નવ વોર્ડ આવેલા છે. જેમાં પ્રત્યેક વોર્ડમાં બે ભાઈઓ અને બે બહેનો મળી કુલ ૪ નગરસેવકો કાર્યરત હોય છે. જેમાં ભાજપના ૨૪ અને કોંગ્રેસમાં ૧૨ નગરસેવકો ચૂંટાયા હતા.નગરપાલિકામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ ફકત જરૂર પડે ત્યાં રહી તેમજ જનરલ સભામાં હાજર રહી આંગળી ઉંચી કરવા, પાટલી થપથપાવવા સિવાય કોઈ આવડત નથી ધરાવતા. દરેક નગરસેવકને તેમના વોર્ડ કે વિસ્તારની અનેક સમસ્યાઓ સતાવી રહેલ છે. તેમ છતાં વોર્ડના ચૂંટાયેલા પ્રતિનિધિઓને તેમના પડતર પ્રાણપ્રશ્નો કે સમસ્યાઓ હલ કરવામાં જરા પણ રસ નથી. દરેક વોર્ડમાં રહિશોને સ્પર્શતી સમસ્યાઓમાં જોઈએ તો દરેક વોર્ડમાં નિયમીત સફાઈકાર્ય હાથ ધરવામાં આવતુ નથી. સફાઈ કામદારો જે તે ગલી, મહોલ્લાઓમાં ફકત મોટો કચરો જ ઉપાડતા હોય છે.

આણંદ જિલ્લાના બોરસદના શખ્સનું કારસ્તાન

# પેન્શન પ્રોવિડંટ ફંડ ભરપાઈના નામે અભણ વિધવા સાથે રૂ. 3.50 લાખની છેતરપિંડી

વ્યારા : તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ઉમરવાવ નજીક ગામે રહેતી અભણ એવી વિધવા મહિલાના મૃત માતા-પિતાના નામે મળતું ફેમીલી પેન્શન બંધ થતા તે પેન્શન ફરી ચાલુ કરી આપવાના નામે આણંદ જિલ્લાના બોરસદના શખ્સે મહિલાના ડોક્યુમેન્ટ મેળવી તેનો અંગત ઉપયોગ કરી પેન્શન પ્રોવિડંટ ફંડ ભરપાઈના નામે ખોટી નોટિસ મોકલી રૂ.૩.૫૦લાખનો ચેક લઈ ઠગાઈથી તે નાણાં પોતાના ખાતામાં ટ્રાન્સર કરાવી વિશ્વાસઘાત કર્યો હતો. ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ડાકોર ખાતે બલદેવ પાર્કમાં રહેતા અને મૂળ વ્યારા ડોલવણ તાલુકાના ઉમરવાવ નજીક ગામના નિવાસી એવા નિવૃત્ત શિક્ષક માનસિંગભાઈ ખાલપાભાઈ ચૌધરીના પિતા ખાલપાભાઈ નહેર ખાતામાંથી વયનિવૃત્ત થયા હતા. વર્ષ ૨૦૦૧ દરમિયાન તેઓનું અવસાન થતા પત્ની રાજુબેન ખાલપાભાઈ ચૌધરીને તેઓનું અડધું પેન્શન મળતું હતુ. જોકે, વર્ષ ૨૦૨૦માં રાજુબેનનું પણ અવસાન થતા પેન્શન બંધ થયું હતુ. રાજુબેનના એસબીઆઈ બન્કના ખાતામાં નોમિની તરીકે ઉમરવાવ નજીક ગામે નિશાળ ફળિયામાં રહેતી અભણ એવી વિધવા પુત્રી વનીતાબેનનું નામ દાખલ કરેલું હતુ. રાજુબેનના અવસાન થયાના દોઢ વર્ષ જેટલો સમયમાં કોઈ નાણાકીય લેવડ દેવડ ન થતા રાજુબેનનું બેન્ક ખાતું બંધ થયું હતુ. દરમિયાન માનસિંગભાઈ ચૌધરી વ્યારા ખાતે શિવ શક્તિ પાર્ક સોસાયટી-૨માં વર્ષ ૨૦૧૮માં મકાન બનાવી રહ્યા હતા. ત્યારે પુત્ર ભાવિનનો પરિચિત મિત્ર મનીષ કિરણભાઈ ક્રિશ્ચન (રહે. ખાસીવાડી નજીક, તા.બોરસદ, જી. આણંદ) પણ વ્યારા ખાતે આવ્યો હતો. અને વનિતાબેનને વિધવા પેન્શનનું ફોર્મ ભરાવી આપીશ તથા બંધ થયેલું ખાતું ફરી ચાલુ કરાવી આવીએ કહી વનિતાબેનને લઈને બેંકમાં ગયો હતો. વનિતાબેન અભણ હોવાથી ફોર્મ ભરવાના નામે બધા ડોક્યુમેન્ટ મનીષે મેળવી લીધા હતા. જેના થોડા સમય બાદ વનીતાબેનના નામે ગાંધીનગર પેન્શન પ્રોવિડંટ ફંડ વિભાગ તરફથી પેન્શન રિકવરી માટે નોટિસ આવી હતી.

ભાવનગર ગ્રામ્ય બેઠક પર 5 વર્ષમાં સૌથી વધુ 30,333 મતદારો વધ્યા

# ભાવનગર લોકસભા બેઠક છ 5 વર્ષમાં શહેરની સરખામણીએ ગામડાંઓમાં બમણાં વેગે મતદારો વધ્યાં



ભાવનગર : લોકસભા ચૂંટણીની જાહેરાત થતાં જ એક તરફ, રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા છે. તો બીજી તરફ જિલ્લા વહિવટી તંત્રે પણ આગામી ચૂંટણીને લઈ સર્વગ્રાહી તૈયારીનો ધમધમાટ શરૂ કર્યો છે. ભાવનગર લોકસભા બેઠક તળે આવતી સાત વિાનસભામાં પાંચ વર્ષ દરમિયાન સરેરાશ ૧.૪૨ લાખ મતદારોનો વારો થયો છે. પરંતુ,મતદારોના આ વધારાને વિધાનસભા મત વિસ્તાર પ્રમાણે વિભાજિત કરવામાં આવે તો પાંચ વર્ષ દરમિયાન ભાવનગર લોકસભા મતવિસ્તારમાં આવતાં શહેરી વિસ્તારો સામે ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોની સંખ્યા બમણાં વેગે વધી છે.

ભાવનગર શહેરની બે વિધાનસભા પૂર્વ અને પશ્ચિમ, ઉપરાંત ભાવનગર ગ્રામ્ય, તળાજા, પાલિતાણા તથા બોટાદ જિલ્લાની બે વિધાનસભા બોટાદ અને ગઢડા મળી કુલ સાત વિધાનસભાની બનેલી ભાવનગર લોકસભા બેઠક પર વર્ષ-૨૦૧૯માં યોજાયેલી ચૂંટણી સમયે કુલ ૧૭,૬૭,૦૪૦ મતદારો નોંધાયા હતા. જ્યારે, હાલ પાંચ વર્ષ બાદ આ મતદારોની સંખ્યા વધીને ૧૯,૦૯,૧૯૦ નાધાઈ છે. એટલે કે, પાંચ વર્ષ દરમિયાન ભાવનગર લોકસભા બેઠક પર ૧,૪૨,૧૫૦ મતદારોનો વધારો નોંધાયો છે. જો કે, આ સાતેય પૈકી ભાવનગર પૂર્વ, પશ્ચિમ અને બોટાદ વિધાનસભા મત વિસ્તાર શહેરી વિસ્તાર હોય અહીં પાંચ વર્ષમાં ૪૯,૦૨૧ મતદારો વધ્યા છે. જેમાં સૌથી વધુ બોટાદ શહેરમાં ૨૨,૭૬૧ મતદારો વધ્યા છે. જ્યારે, ભાવનગર શહેરને પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં સરેરાશ ૧૨,૫૦૦થી વધુ મતદારો વધ્યા છે. જેની સામે ભાવનગર જિલ્લામાં આવેલી ગ્રામ્ય વિસ્તારની ત્રણ અને બોટાદની ગઢડા મળી ચાર વિધાનસભા બેઠક પર ૯૩ હજારથી વધુ મતદારો વધ્યા છે. જેમાં છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી વધુ ભાવનગર ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારમાં ૩૦,૩૩૩ મતદારો વધ્યા છે.

જ્યારે,તળાજામાં ૨૫,૧૨૪, પાલિતાણામાં ૨૨,૮૨૩ તથા ગઢડામાં ૧૪,૮૪૯ મતદારો વધ્યા છે. આમ, સાત વિધાનસભા બેઠક પૈકી ગ્રામ્ય વિસ્તારની ચાર વિધાનસભા બેઠક પર પાંચ વર્ષમાં ૯૩,૧૨૯ મતદારો વધ્યા છે. જેની સામે શહેરી વિસ્તારની ત્રણ બેઠક પર ૪૯,૦૨૧ મતદારો વધ્યા છે.એટલે કે,પાંચ વર્ષમાં ભાવનગર લોકસભા બેઠક પર શહેરની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારના મતદારોની સંખ્યા બમણી નોંધાઈ છે.

દેવાલયોમાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા

# આણંદ જિલ્લામાં ખ્રિસ્તીબંધુઓએ ગુડ ફ્રાઈડે પર્વ શ્રદ્ધાભેર ઉજવ્યો




આણંદ : આણંદ જિલ્લામાં ખ્રિસ્તીબંધુઓ દ્વારા ગુડ ફ્રાઈડે પર્વની શ્રધ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના વિવિધ દેવાલયોમાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તીબંધુઓએ જોડાઈને પ્રભુ ઈસુની વેદનાને યાદ કરી હતી.

દર વર્ષે ખ્રિસ્તી સમુદાય દ્વારા પ્રભુ ઈસુના ક્રૂસ પરના બલિદાનની વર્ષગાંઠને ગુડ ફ્રાઈડે એટલે કે શુભ શુક્રવાર તરીકે ઉજવવામાં આવે છે. ગુડ ફ્રાઈડેના ૪૦ દિવસ પહેલા ઉપવાસ પ્રભુ વાણીનું પઠન, ત્યાગ તથા તપસ્યા કરવામાં આવે છે. પ્રભુ ઈસુની ધરપકડ કરવામાં આવી તે દિવસ શુક્રવાર હતો અને શુક્રવારે તેઓને કાલવારીની ટેકરી ઉપર લાવી હાથે પગે ખીલ્લા મારી વધસ્તંભ પર જડી દેવામાં આવ્યા હતા. ખ્રિસ્તી સમુદાય દ્વારા આ દિવસે ગુડ ફ્રાઈડેની ઉજવણી કરી પ્રભુ ઈસુના બલિદાનને યાદ કરવામાં આવે છે. આણંદ શહેર સહિત જિલ્લાના તમામ દેવાલયો ખાતે ગુડ ફ્રાઈડે નિમિત્તે વિશેષ પ્રાર્થના સભા તથા ક્રૂસના માર્ગની ભક્તિ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ખ્રિસ્તીબંધુઓ મોટી સંખ્યામાં ધાર્મિક કાર્યક્રમોમાં જોડાયા હતા અને પ્રભુ ઈસુએ માનવજાત માટે આપેલા બલિદાનને યાદ કર્યું હતું.આણંદ શહેરના જીસસનગર ખાતે આવેલા દેવાલયમાં સવારે ક્રૂસના માર્ગની ભક્તિમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તીબંધુઓ હાજર રહ્યાં હતાં. જીટોડિયાના ચાવડાપુરા સ્થિત નિત્ય સહાયક માતા મરિયમ દેવાલય, ગામડી સ્થિત દેવાલય, કરમસદના દેવાલય સહિતના વિવિધ ચર્ચ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

19 વર્ષથી ટાંકી બંધ હાલતમાં હોવા છતાં તંત્ર બેધ્યાન

# ધંધુકા પંથકમાં પાણી પુરૂ પાડતી ટાંકીની જર્જરિત હાલત, જમીનદોસ્ત થવાની દહેશત



ધંધુકા : ધંધુકા, ધોલેરા અને બરવાળા પંથકમાં પાણી પુરૂ પાડતી ટાંકીની લાંબા સમયથી ખખડધજ હાલત થઈ ગઈ હોય આ ટાંકી ગમે ત્યારે જમીનદોસ્ત થવાની પુરેપુરી શકયતા સેવાઈ રહેલ છે. આ ટાંકીના કમ્પાઉન્ડમાં મોટા મોટા કાંટાળા બાવળનો ઉપદ્રવ દિન પ્રતિદિન વધી રહ્યો હોય રાહદારીઓને ત્યાંથી પસાર થવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવ્યો છે.

ધોળકાના સીમેજ ગામથી કોઠ રોડ પર એક પાણીની ટાંકી આવેલી છે.જે વર્ષ ૧૯૮૭ થી ૧૯૮૮ દરમિયાન બાંધકામ કરી તૈયાર કરવામાં આવી હતી.વર્ષ ૧૯૯૦ માં કર્મચારીઓની ભરતી કરાઈ હતી.આ ટાંકીમાંથી પીવાનું પાણી કોટ,ભાળ,ધંધુકા સહિત બરવાળા સુધીના ગામડાઓને પહોંચાડવામાં આવતું હતું. છેલ્લા ૧૮ થી ૧૯ વર્ષથી આ ટાંકીનું પાણી આપવાનું બંધ કરવામાં આવેલ છે. લાંબા સમયથી આ પાણીની ટાંકી બંધ હાલતમાં છે. હાલ પાણીની ટાંકી જર્જરિત હાલતમાં પણ છે જેથી રોડ પર જમીનદોસ્ત થવાની દહેશત છે.ટાંકીની ઉપર જવા માટે સીડી હતી.તે પણ જમીનદોસ્ત થઈ ગઈ છે અને પૂરેપૂરી ટાંકી પણ ખખડધજ થઈ ગઈ છે. કમ્પાઉન્ડમાં મોટા મોટા કાંટાળા બાવળ ઉગી નિકળ્યા હોય ચોમેર મીની જંગલ બની ગયેલ છે. બાજુમાં હાઈવે રોડ પર ખાનગી કંપનીઓ પણ આવેલી છે. જે રોડ પરથી રોજબરોજ મહિલાઓની અવર-જવર રહેતી હોય છે.આ જગ્યા પર મોટા મોટા કાંટાળા બાવળનો દિન પ્રતિદિન ઉપદ્રવ વધી રહ્યો હોવાના કારણે રાહદારીઓ અને મહિલાઓને તેનો ડર સતાવી રહ્યો છે. બાવળના જંગલથી ભવિષ્યમાં દુર્ઘટના કે મુશ્કેલી ઊભી થઈ શકે તેમ છે. હાઈવે ઉપર વાહન ચાલકો અને રાહદારીઓની પણ સતત અવર-જવર થતી હોય છે.પાણીની ટાંકી રોડ પર જમીનદોસ્ત થશે અને કોઈ જાનહાનિ થશે તો તેના માટે જવાબદાર કોણ ? તેવુ લોકમુખે ચર્ચાઈ રહેલ છે. વહેલી તકે તંત્ર દ્વારા પાણીની ટાંકી અને કવાટર્સને પણ પાડી દેવામાં આવે અને કાંટાળા બાવળની સફાઈ કરીને કમ્પાઉન્ડને ચોખ્ખુ કરવામાં આવે તેવી સ્થાનિક રહિશોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# બોટાદ તા.પં.ના તત્કાલિન નાયબ હિસાબનીશે 19.92 લાખની ઉચાપત કરી

ભાવનગર : બોટાદના તાલુકા પંચાયતના તત્કાલિન કપટી નાયબ હિસાબનીશે રૂપિયા ૧૯.૯૨ લાખની ઉચાપત કરી હતી. નાયબ હિસાબનીશે કરેલી નાણાંકીય ગેરરીતિનો ભાંડો ફૂટતા કપટી અધિકારી સામે બોટાદ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર બોટાદના ગઢડા રોડ પર આવેલા લક્ષ્મીવાડી ખાતે રહેતા અને બોટાદ તાલુકા પંચાયતમાં નાયબ હિસાબનીસ તરીકે ફરજ બજાવતા શિવમભાઈ વિનોદભાઈ પરમાર (ઉ.વ.૨૮) એ બોટાદ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, બોટાદ તાલુકા પંચાયતના તત્કાલિન નાયબ હીસાબનીશ સંજય પ્રવીણચંદ્ર મહેતાએ પોતાની ફરજ દરમિયાન તાલુકા પંચાયત બોટાદની કચેરીના પી. એલ.એ. ઓફ ટી.ડી.ઓ ખાતાના અલગ અલગ કુલ છ ચેકો જે પૈકી અમુક ચેકોનું ચુકવણું થઈ ગયેલ હોવા છતાં તેમજ અમુક ચેકો ખોટી રીતે રદ થયેલ બતાવી કુલ રૂ.૧૯,૯૨,૮૬૦ના ચેકોમાં ઉપરી અધિકારીને વિશ્વાસમાં તેમની સહીઓ કરાવી બેન્ક શીડયુલમાં જાતેથી સહીઓ કરી પોતાના તેમજ અલગ-અલગ ખાતામા પૈસા જમા કરાવી મેળવી લઈ સરકારના નાણાંની ઉચાપત કરી હતી. તદુપરાંત તાલુકા પંચાયત બોટાદના સને- ૨૦૧૯-૨૦ની તપાસ દરમિયાન રદ કરેલ ચેકોના ચેક નંબરનો ઉપયોગ કરી તેની સામે નવા ચેક ઈસ્યુ કરીને નાણાંકીય ગેરરીતિ કરી છે. જે પત્રક-૧૧માં દર્શાવેલ વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં રદ કરેલ ચેકોની ચુકવણી કર્યા બાદ ફરીથી રદ કરેલ ચેકની વિગતના આધારે બિનઅધિકૃત રીતે નવા ચેક ઈસ્યુ કરીને નાણાંકીય ગેરરીતિ-ઉચાપત કરી હતી. જે બનાવ અંગે બોટાદ પોલીસે સંજય પ્રવીણચંદ્ર મહેતા સામે આઈપીસી ૪૦૯, ૪૨૦ મુજબ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


આર એન્ડ બી. વિભાગની મનમાની

# વલભીપુર કોર્ટ નજીક ડીવાઈડર હટાવા માટે તંત્રના અક્કડ વલણના લીધે લોકોને હેરાનગતિ



વલ્લભીપુર : વલભીપુરમાંથી પસાર થતા ભાવનગર-અમદાવાદ હાઈવેનું રીકાર્પેટીંગ કરવામાં આવ્યા પછી પ્રગટેશ્વર સાસોયટીના લોકોને સોસાયટીમાં પ્રવેશ માટે અંતર વધી જતુ હોવાથી ડીવાઈડર ખુલ્લુ રાખવા માટે તંત્રને રજુઆત કરાતા તંત્રના જડ વલણના લીધે અનેક લોકો હાડમારીમાં ધકેલાયા છે.વલભીપુરથી ૧.૫ કિ.મી.દુર અને શહેરી હદમાં પ્રગટેશ્વર સોસાયટી આવેલ છે. જયા રહેણાંકીય વસાહતની સાથોસાથ કોર્ટ પણ આવેલી છે. હાઈવેને નવા વાઘા પહેરાવ્યા પછી હાઈવે વચ્ચે ડીવાઈડર મુકવામાં આવેલ છે અને તે સમયે સ્થાનિક રહીશો, કચેરીઓ અને બાર એસોસીએશન દ્વારા સોસાયટી પુરતુ ડીવાઈડર ખુલ્લી રાખવા માર્ગ અને મકાન વિભાગને લેખીત-મૌખીક રજુઆતો કરવામાં આવી હતી. તેમ છતાં તંત્રવાહકો ટસના મસ ન થતાં ડીવાઈડર ખુલ્લુ નહીં રાખવાના પરિણામે સ્થાનિક લોકોને સાડા ત્રણ કિલોમીટર ફરી ફરીને પ્રગટેશ્વર સોસાયટીમાં જવું પડે છે. અથવા તો બન્ને તરફ એક એક કિલોમીટર રોંગ સાઈડમાં વાહન ચલાવીને જવું પડે તેવી સ્થિતીમાં વાહનચાલકોને મુકી દેવામાં આવ્યા છે.આ ડીવાઈડર ખુલ્લુ રાખવા માટે જયારે માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને રજુઆત કરાઈ હતી. તે સમયે તેઓ જણાવ્યું હતુ કે, રાજય ધોરી માર્ગ પર ડીવાઈડર કરવા સાથે બમ્પ ન મુકવાની ગાઈડલાઈન સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવી હોવાથી તેનું ઉલ્લંઘન કરી શકાય નહીં. તો તેની સામે મસમોટો સવાલ એ છે કે, વરતેજ ફાટકથી લઈ ભાવનગર-રાજકોટ રાજય ધોરી માર્ગ પર બુધેલ ચોકડી સુધીના બે કિ.મી.સુધીના અંતરમાં સાતથી આઠ બમ્પ આવે છે. તેમાં ત્રણ બમ્પ તો હજુ થોડા દિવસ પહેલા જ કરવામાં આવ્યા છે તો આ બમ્પમાં સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈનનું ઉલ્લંઘન નથી થતુ તેવો પ્રશ્ન લોકોમાં પુછાઈ રહ્યો છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમે આશાવાદના તબક્કા હેઠળ છો. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ)**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**
તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.




**કર્ક (ડ,હ)**
મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.




**સિંહ (મ,ટ)**
તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો.




**કન્યા (પ,ઠ,ણ)**
જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે.




**તુલા (ર,ત)**
દિવસે સારો લાભ થવાની શક્યતા છે. તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે માતાપિતા ને કહ્યા વિના ઘરે તેમની પસંદગી ની કોઈપણ વાનગી લાવી શકો છો, તે ઘર માં સકારાત્મક વાતાવરણ બનાવશે.




**ધન (ભ,ધ,ફ)**
હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો.



**મકર (ખ,જ)**
તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે અને તમારો દિવસ યાદગાર બની જશે. કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.




**મીન (દ,ચ,ઝ,થ)**
ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો.

### 3થી 5મી એપ્રિલ સુધી અરજી કરી શકાશે

# ભારતી એરટેલની પેટા કંપની ભારતી હેક્સાકોમનો IPO આવતા અઠવાડિયે ખુલશે

(એજન્સી)નવી દિલ્હી: ભારતી એરટેલની પેટાકંપની ભારતી હેક્સાકોમ લિમિટેડનો IPO આવતા અઠવાડિયે જાહેર સબસ્ક્રિપ્શન માટે ખુલશે. રિટેલ રોકાણકારો આ IPO માટે 3 એપ્રિલથી 5 એપ્રિલ સુધી અપ્લાય કરી શકશે. કંપનીના શેર 12 એપ્રિલે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે. કંપની આ ઈસ્યુ દ્વારા 4,275 કરોડ એકત્ર કરવા માગે છે. આ વેચાણ માટે સંપૂર્ણ ઓફર હશે, જેમાં કંપનીના હાલના રોકાણકારો 4,275 કરોડના મૂલ્યના 75,000,000 શેર વેચી રહ્યા છે.લઘુત્તમ અને મહત્તમ કેટલી રકમનું રોકાણ કરી શકાય છે? આ IPO માટે, છૂટક રોકાણકારે ઓછામાં ઓછા એક લોટ એટલે કે 26 શેર માટે અરજી કરવી પડશે. કંપનીએ IPO પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર 542-570 નક્કી કરી છે. જો તમે 570ના IPOના અપર પ્રાઈસ બેન્ડ મુજબ 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,820નું રોકાણ કરવું પડશે. છૂટક રોકાણકારો વધુમાં વધુ 13 લોટ એટલે કે 338 શેર માટે બિડ કરી શકે છે, જેના માટે તેમણે 192,660નું રોકાણ કરવું પડશે.ભારતી હેક્સાકોમનું ગ્રે માર્કેટ પ્રીમિયમ 6.49% છે. IPO ખુલતા પહેલા, કંપનીના શેર્સ ગ્રે માર્કેટમાં 6.49% એટલે કે 37 પ્રતિ શેરના પ્રીમિયમ પર પહોંચી ગયા હતા. આવી સ્થિતિમાં, 570ના ઉપલા પ્રાઈસ બેન્ડ અનુસાર, તેનું લિસ્ટિંગ 607 પર થઈ શકે છે.

કંપની ટેલિફોન અને બ્રોડબેન્ડ સેવાઓ પૂરી પાડે છે.1995માં સ્થપાયેલ ભારતી હેક્સાકોમ લિમિટેડ ટેલિફોન અને બ્રોડબેન્ડ સેવાઓ પૂરી પાડે છે. કંપની રાજસ્થાન અને અરુણાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરા સહિત અન્ય રાજ્યોમાં તેની સેવાઓ પૂરી પાડે છે. 31 ડિસેમ્બર, 2023 સુધીમાં, કંપનીના 27.1 મિલિયન ગ્રાહકો હતા.




### વૈશ્વિક સોનું 35 ડોલર વધી 2229.87 ડોલર

## સોનામાં 'બુલ રન', પ્રથમ વખત 70500ની સપાટી કૂદાવી સર્જ્યો ઈતિહાસ, ચાંદીમાં પણ મોટો ઉછાળો

(એજન્સી) અમદાવાદ : યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ચાલુ વર્ષે વ્યાજદરમાં ત્રણ વખત ઘટાડો કરવાના સંકેત પાછળ ડોલરના ભાવમાં આગેકૂચ જળવાઈ રહેતા તેની સીધી અસર વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓના ભાવ પર જોવા મળી હતી. વિશ્વ બજારમાં સોનું ૩૫ ડોલર ઉછળી જતાં અત્રે અમદાવાદ સોના-ચાંદી બજારમાં લગ્નસરા ટાણે જ સોનાના ભાવમાં રૂ. ૧૦૦૦નો ઉછાળો નોંધાતા તે રૂ. ૭૦,૦૦૦ની સપાટી કૂદાવી રૂ. ૭૦,૫૦૦ની વિક્રમી ટોચે પહોંચી ગયું હતું. સોના પાછળ આજે ચાંદીમાં પણ રૂ. ૧,૫૦૦નો ઉછાળો નોંધાતા તે રૂ. ૭૫,૫૦૦ની સપાટીએ પહોંચી હતી. ફેડરલ રિઝર્વના દર ઘટાડાના સંકેત સતત ઊંચો ફુગાવો તેમજ ભૌગોલિક રાજકીય તાણ પાછળ ડોલરમાં સુધારાની ચાલ જળવાઈ રહેતાં વિશ્વ બજારમાં આજે સોનામાં નવું ઉંચુ લેવલ જોવા મળ્યું હતું. વૈશ્વિક સોનું આજે ૩૫ ડોલર ઉછળી ૨,૨૨૯.૮૭ ડોલરની ઉંચી સપાટીએ પહોંચ્યું હતું. જ્યારે ચાંદી ૨૪.૯૬ ડોલર રહી હતી. વિશ્વ બજારના આ ઉછાળાની સ્થાનિક સોના- ચાંદી બજાર પર અસર જોવા મળી હતી. ગુડ ફ્રાઈડેના કારણે બેંક હોલી-ડે હોવાના કારણે કરન્સી બજાર બંધ હોવા છતાં આ અહેવાલો પાછળ અમદાવાદ સોના-ચાંદી બજારમાં સોનું (૯૯.૯) રૂ. ૧,૦૦૦ ઉછળીને રૂ. ૭૦,૫૦૦ મુકાતું હતું. જ્યારે સોનું (૯૯.૫) પણ રૂ. ૧,૦૦૦ વધીને રૂ. ૭૦,૩૦૦ની સપાટીએ રહ્યું હતું. હોલમાર્ક દાગીના રૂ. ૬૯,૦૯૦ની સપાટીએ રહ્યા હતા. બીજી તરફ આજે ચાંદી રૂ. ૧,૫૦૦ ઉછળીને રૂ. ૭૫,૫૦૦ની ઉંચી સપાટીએ પહોંચી હતી. મુંબઈ બુલિયન બજાર ગુડ ફ્રાઈડેના કારણે સત્તાવાર બંધ હોવા છતાં ઉપરોક્ત અહેવાલો પાછળ બંધ બજારે સોનું રૂ. ૧,૦૦૦ ઉછળીને રૂ. ૬૮,૨૫૦ મુકાતું હતું. જ્યારે ચાંદી વધીને રૂ. ૭૪,૫૫૦ મુકાતી હતી.બજારના જાણકાર વર્તુળોના જણાવ્યા મુજબ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય પરિસ્થિતિ વકરતા તેની સીધી અસર સોનાના ભાવ પર જોવા મળી છે. તો બીજી તરફ વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકો દ્વારા પણ તેમના સોનાના ભંડારમાં સતત વધારો કરી રહી હોવાના અહેવાલોની પણ કિંમતી ધાતુ પર અસર જોવા મળી હતી.



### નાણાકીય વર્ષ 2023-24માં એફપીઆઈનું ભારત તરફનું આકર્ષણ યથાવત

## FPIનું રૂ.બે લાખ કરોડનું જંગી રોકાણ




(એજન્સી) મુંબઈ : ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ) નું ફરી ભારતીય શેર બજારોમાં મજબૂત વળતર જોઈને રોકાણ કરવાનું આકર્ષણ વધતું જોવાયું છે. ભારતના ઊજળા આર્થિક ચિત્ર અને વૈશ્વિક પડકારરૂપ પરિસ્થિતિને લઈ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં એફપીઆઈઝ ફરી મોટાપાયે રોકાણ કરવા પ્રેરાઈ વર્ષ દરમિયાન શેરોમાં રૂ.બે લાખ કરોડથી વધુ રોકાણ કર્યું છે.નિષ્ણાંતોના મતે વર્ષ ૨૦૨૫માં આઉટલૂક એટલે કે અંદાજો સાવચેતી સાથે આશાવાદી મૂકવામાં આવી રહ્યા છે અને નીતિગત સુધારા આગળ વધવા અને આર્થિક સ્થિરતા થકી રોકાણ આકર્ષણ વધવાના સંજોગોમાં એફપીઈઆઈઝનો પ્રવાહ પણ વધતો જોવાઈ શકે છે. જો કે, વૈશ્વિક જીઓપોલિટીકલ પરિબળોને ધ્યાનમાં લઈ બજારોમાં વોલેટીલિટી જોવાઈ શકે છે.નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં એફપીઆઈઝ દ્વારા ભારતીય શેર બજારોમાં રૂ.૨.૦૮ લાખ કરોડ જેટલું ચોખ્ખું રોકાણ કરવામાં આવ્યું છે અને ડેટ માર્કેટમાં રૂ.૧.૨ લાખ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.એક્ત્રિત ધોરણે મૂડી બજારમાં કુલ રૂ.૩.૪ લાખ કરોડનું રોકાણ કરાયું હોવાનું ડિપોઝિટરીઝના આંકડામાં દર્શાવાયું છે. પાછલા બે નાણાકીય વર્ષમાં શેરોમાંથી જાવક બાદ આ રોકાણ પ્રવાહ જોવાયો છે. વૈશ્વિક સેન્ટ્રલ બેંકો દ્વારા વ્યાજ દર વધારાના કારણે વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતીય શેરોમાં એફપીઆઈઝની રૂ.૩૭૬૩૨ કરોડની ચોખ્ખી વેચવાલી થઈ હતી. આ પૂર્વે એફપીઆઈઝ દ્વારા રૂ.૧.૪ લાખ કરોડનું રોકાણ પાછું ખેંચાયું હતું. જો કે વર્ષ ૨૦૨૦-૨૧માં એફપીઆઈઝે રૂ.૨.૭૪ લાખ કરોડનું રેકોર્ડ રોકાણ કર્યું હતું.વિદેશી રોકાણકારોનો પ્રવાહ મોટાભાગે અમેરિકા અને યુ.કે. જેવા વિકસીત બજારોમાં ફુગાવા અને વ્યાજ દરોની સ્થિતિ જેવા પરિબળો આધારિત રહ્યો છે. અનિશ્ચિતતાના સમયગાળામાં બજારોમાં જોવાયેલા ઉત્સાહથી રોકાણકારોનું ભારતીય શેરોમાં રોકાણ આકર્ષણ વધ્યું છે.

## વેપારીઓએ દર શુક્રવારે ઘઉંના સ્ટોક્સની જાહેરાત કરવાની રહેશે

(એજન્સી) મુંબઈ : દેશમાં ઘઉંની સંગ્રહખોરી અટકાવવા અને એકંદર અન્ન સલામતિ જાળવવા સરકારે ટ્રેડરો, હોલસેલરો, રિટલરો, પ્રોસેસર્સ તથા મોટા ચેઈન રિટેલરો માટે ૧લી એપ્રિલથી અમલી બને તે રીતે અને ત્યારબાદ દર શુક્રવારે ઘઉંનો સ્ટોક્સ જાહેર કરવાનું ફરજિયાત બનાવ્યું છે. દરેક રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને આ નવો નિયમ લાગુ થશે એમ સરકાર દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે. ઘઉંની સ્ટોક મર્યાદા ૩૧મી માર્ચ પછી સમાપ્ત થઈ રહી છે, પરંતુ ત્યારબાદ દરેક સંબંધિતોએ પોર્ટલ પર ઘઉંના સ્ટોકની જાહેરાત કરવાની રહેશે. ચોખાનો સ્ટોક જાહેર કરવાનું ધોરણ આઅગાઉથી જ લાગુ કરાયું છે. પોર્ટલ પર રજિસ્ટર્ડ ન હોય તેવા ટ્રેડરો, હોલસેલરો, રિટલરો, પ્રોસેસર્સ તથા મોટા ચેઈન રિટેલરોએ નોંધણી કરાવી લેવાની રહેશે. દેશમાં ઘઉં તથા ચોખાના ભાવને નિયંત્રણમાં રાખવા અન્ન તથા જાહેર વિતરણ વિભાગ સ્ટોકની સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

### એક જ વર્ષમાં ભાવ 28,500 ડોલરથી ઉછળી 73,835 ડોલર જોવાયો

## નાણાં વર્ષ 2023-24માં બિટકોઈનમાં રોકાણકારોને 155 ટકાથી વધુનું વળતર

(એજન્સી) મુંબઈ : સમાપ્ત થઈ રહેલા નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ગોલ્ડ, ઈક્વિટી સહિતની વિવિધ પરંપરાગત એસેટસ કલાસમાં રોકાણકારોને નોંધપાત્ર વળતર પ્રાપ્ત થયું છે પરંતુ જોખમી એવી એસેટ કલાસ ક્રિપ્ટોકરન્સીઝમાં પણ રોકાણકારો માલામાલ થયા છે. વર્તમાન નાણાં વર્ષ સમાપ્ત થવાની તૈયારીમાં છે ત્યારે છેલ્લા ૧૨ મહિનામાં બિટકોઈનના રોકાણકારોને ૧૫૫ ટકાથી વધુ વળતર છૂટયું છે. આની સામે નિફટી૫૦ તથા ગોલ્ડમાં અનુક્રમે ૨૮.૬૦ તથા ૧૧ ટકા વળતર છૂટયું છે. બિટકોઈન ઉપરાંત અન્ય ક્રિપ્ટોસ જેમ કે એથરમ, બીએનબી, સોલાના માં પણ રોકાણકારોને અભૂતપૂર્વ વળતર પ્રાપ્ત થયા હોવાનું પ્રાપ્ત આંકડા પરથી જણાય છે.વર્તમાન નાણાં વર્ષના પ્રારંભમાં બિટકોઈનનો ભાવ જે ૨૮૫૦૦ ડોલર બોલાતો હતો તે માર્ચમાં વધી ૭૩૮૩૫ ડોલરની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયો હતો. ક્રિપ્ટોકરન્સીઝ માટે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪નો પ્રારંભ પોઝિટિવ નોટસ સાથે થયો હતો. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં સ્પોટ બિટકોઈન ઈટીએફસને મંજુરી મળવા સાથે બિટકોઈનમાં ઉછાળો આવ્યો હતો. ક્રિપ્ટો કરન્સીઝ સામે વિશ્વભરના દેશોમાં જોવા મળી રહેલા વિરોધ છતાં છેલ્લા એક વર્ષમાં તેના ભાવમાં જોરદાર રિકવરી આવી છે.

ઈટીએફસને મંજુરી મળ્યા બાદ સંસ્થાકીય રોકાણકારોના સહભાગમાં વધારા તથા નિયમનકારી સ્પષ્ટતા આગામી નાણાં વર્ષમાં બિટકોઈનની ચાલ માટે મહત્વના પરિબળો બની રહેવા અપેક્ષા હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું. વર્તમાન નાણાં વર્ષમાં ક્રિપ્ટોકરન્સીઝની માર્કેટ કેપ પણ વધી ૨.૭૬ ટ્રિલિયન ડોલરને પાર કરી ગઈ છે. અમેરિકામાં વ્યાજ દર તથા ફુગાવાની સ્થિતિ પણ ક્રિપ્ટોકરન્સીઝ માર્કેટની દિશા નિશ્ચિત કરનારા પરિબળ બની શકે એમ છે.



## ફેબુરઆરીમાં ઉધોગ તથા સેવા ક્ષેત્રમાં લોનનો વૃદ્ધિ દર ઊંચો રહ્યો

(એજન્સી) મુંબઈ : ડિફોલ્ટના જોખમને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રિટેલ લોન્સ માટેના રિસ્ક વેઈટમાં વધારો કર્યા બાદ ફેબુરઆરીમાં રિટેલ લોન્સ વૃદ્ધિ ધીમી પડી છે જ્યારે ઉદ્યોગ તથા સેવા ક્ષેત્રમાં વૃદ્ધિ દર ઊંચો રહ્યો છે.

રિઝર્વ બેન્કના આંકડા પ્રમાણે ગયા મહિને એકંદર ધિરાણ માગ મજબૂત રહી છે. ફેબુરઆરીમાં રિટેલ લોન્સનો વૃદ્ધિ દર ૧૮.૧૦ ટકા રહ્યો છે જે ગયા વર્ષના ફેબુરઆરીમાં ૨૦.૬૦ ટકા જોવા મળ્યો હતો. વ્હીકલ તથા પરસનલ લોન્સ છૂટી કરવાની માત્રા ધીમી પડી છે.નોન-ફૂડ બેન્ક ક્રેડિટ વાર્ષિક ધોરણે ૧૬.૫૦ ટકા વધી હતી જે ગયા વર્ષના ફેબુરઆરીમાં ૧૫.૯૦ ટકા વધી હતી એમ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. રિઅલ એસ્ટેટ સેગમેન્ટસની લોન્સમાં ચાર ગણો વધારો જોવા મળ્યો છે જ્યારે સેવા ક્ષેત્રની લોન્સ છૂટી કરવામાં પણ ગતિ આવી છે. ઉદ્યોગ લોન વૃદ્ધિ પણ ઊંચી રહી છે.

## બજાજ આલિયાન્ઝ લાઈફે પોલિસી પ્રોસેસ સામેની લોનમાં વધારો કર્યો

(એજન્સી) પૂણે : પોલિસીધારકો પોતાના નાણાકીય લક્ષ્યાંકોને ઝંઝટમુક્ત અનુભવ દ્વારા પહોંચી વળે તેના પર ફોકસ કરીને અગ્રણી ખાનગી જીવન વીમા કંપનીઓમાંની એક એવી બજાજ આલિયાન્ઝ લાઈફ ઈન્સ્યોરન્સે ગ્રાહકોને તેમની પોલિસી સામે પ્રિ અપ્રૂવ્ડ લોન ઓફર કરવા માટેની તેની પ્રક્રિયાને ડિજીટાઈઝ કરી છે. લોન લેવાની પ્રક્રિયાને સરળ બનાવતા સંપૂર્ણ-ડિજિટલ અને પેપરલેસ સુવિધા ક્રેડિટ સ્કોર ચેક કરવાની ઔપચારિકતાને દૂર કરીને ઓછામાં ઓછી ક્લિક્સ સાથે લોન સુધીની પહોંચને ઝડપી અને પેપરલેસ બનાવે છે. બજાજ આલિયાન્ઝ લાઈફ, કંપની દ્વારા ઈશ્યુ કરવામાં આવેલી જીવન વીમા પોલિસીઓ સામે સ્પર્ધાત્મક વ્યાજદરે લોન ઓફર કરે છે, જે તેના મૂલ્યવાન ગ્રાહકો માટે ખરીદવાની ક્ષમતાને સુનિશ્ચિત કરે છે. કંપનીના ગ્રાહક-કેન્દ્રિત અભિગમે ગ્રાહકો માટેના અમર્યાદિત અનુભવને સુનિશ્ચિત કરીને આ ડિજિટલ પ્રક્રિયાની સુધારણાને આગળ ધપાવી છે, જેના થકી હવે 24 કલાકની અંદર લોનનું વિતરણ શક્ય બન્યું છે. બજાજ આલિયાન્ઝ લાઈફ ઈન્સ્યોરન્સના ચીફ ઓપરેશન્સ અને કસ્ટમર એક્સપીરિયન્સ ઓફિસર રાજેશ કૃષ્ણને જણાવ્યું હતું કે,'બજાજ આલિયાન્ઝ લાઈફ ઈન્સ્યોરન્સમાં, અમે હાથ પર લઈએ છીએ તે દરેક પહેલમાં અમારા કસ્ટમર ફર્સ્ટના વચનને અનુસરીએ છીએ. આ ફિલસૂફીની પાછળ, અમે અમારી સુધારેલી પોલિસી લોન પ્રક્રિયાને રજૂ કરતા ઉત્સાહિત છીએ, જેનાથી અમારા ગ્રાહકો માટે ફંડ મેળવવું પહેલા કરતાં વધુ સરળ બન્યું છે. અમારી સંપૂર્ણ ડિજિટલ અને પેપરલેસ સિસ્ટમ ક્રેડિટ સ્કોર તપાસવાની ઝંઝટ વિના 24 કલાકની અંદર ઝડપી લોન મંજૂરીની ખાતરી આપે છે. આ સુવ્યવસ્થિત અભિગમ માત્ર પ્રક્રિયાને ઝડપી જ નથી બનાવતો, પરંતુ પારદર્શિતાને પણ પ્રોત્સાહન આપે છે, જેની મદદથી ગ્રાહકો દરેક વળાંક પર માહિતગાર નિર્ણયો લેવા માટે સશક્ત બને છે. પોતાની જિંદગીના લક્ષ્યાંકોને હાંસલ કરવાની અમારા ગ્રાહકોની સફરમાં તેમના સશક્તિકરણ માટે અમે સમર્પિત છીએ.' નવી સુવ્યવસ્થિત પ્રક્રિયાઓ 24 કલાકની અંદર ઝડપી લોન વિતરણની ખાતરી આપે છે, તેનાથી ટર્નઅરાઉન્ડના સમયમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. અપડેટેડ પેપરલેસ પ્રક્રિયામાં ન્યૂનતમ ક્લિક્સની જરૂર પડે છે, તેનાથી અમારા ગ્રાહકો માટે ઝંઝટમુક્ત અનુભવની ખાતરી કરી શકાય છે.

## દેશના પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ 15% ઘટી

(એજન્સી) નવી દિલ્હી :

ભારતની પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કે જે ૨૦૨૪ ની શરૂઆતમાં તીવ્ર ઘટાડા પછી છેલ્લા મહિને સ્થિર થવાનું શરૂ થયું હતું, જેમાં નિકાસ મોરચે માર્જિન નબળા પડવાને કારણે માર્ચમાં ફરી એકવાર ૧૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ભારતે માર્ચમાં યુરોપમાં રિફાઈન્ડ ઓઈલ ઉત્પાદનોની પ્રતિ દિવસ ૩૦૪,૪૨૭ બેરલની નિકાસ કરી હતી, જે ફેબુરઆરીથી ૬.૫% ઘટી હતી. એશિયામાં નિકાસ મહિના દરમિયાન ૨૨% ઘટીને ૩૦૮,૭૪૦ બેરલ પ્રતિ દિવસ થઈ હતી.એશિયાનો કુલ નિકાસમાં હિસ્સો ૨૪.૨% છે, જે તમામ ખંડોમાં સૌથી મોટો છે. ત્યારબાદ યુરોપ અને આફ્રિકાનો હિસ્સો અનુક્રમે ૨૩.૮% અને ૨૩.૩% છે. યુરોપ અને એશિયામાં પૂરતો પુરવઠો આ બજારોમાં આર્બિટ્રેજને ઘટાડી રહ્યો છે. ભારતની ડીઝલની નિકાસમાં માર્ચ મહિનામાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે, જે નિકાસ માર્જિન નબળા થવાને કારણે હોઈ શકે છે.

## ઈકો (ઈન્ડિયા) મોબિલિટી એન્ડ હોસ્પિટાલિટી લિ.એ આઈપીઓ માટે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

(એજન્સી) મુંબઈ : ભારતની અગ્રણી અને નફાકારક ડ્રાઈવરની સાથે કેબ ભાડે આપતી મોબિલિટી પ્રોવાઈડર ઈકો (ઈન્ડિયા) મોબિલિટી એન્ડ હોસ્પિટાલિટી લિમિટેડ (નાણાકીય વર્ષ 2022-23માં આવક અને ચોખ્ખા નફાની દ્રષ્ટિએ- સ્રોતઃ એફએન્ડએસ રિપોર્ટ)એ રૂ.2ની મૂળ કિંમત ધરાવતાં 18,000,000 ઈક્વિટી શેર્સ સુધીનો આઈપીઓ લાવવા સેબી સમક્ષ ડ્રાફ્ટ રેડ હિયરિંગ પ્રોસ્પેક્ટ્સ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. કંપનીના પ્રમોટર રાજેશ લુંબા, આદિત્ય લુંબા, રાજેશ લુંબા ફેમિલી ટ્રસ્ટ અને આદિત્ય લુંબા ફેમિલી ટ્રસ્ટ છે. આઈપીઓ અંતર્ગત કંપની કુલ 18000000 ઈક્વિટી શેર્સનો ઓફર ફોર સેલ લાવશે, જેમાં રાજેશ લુંબા દ્વારા 9900000 ઈક્વિટી શેર્સ, આદિત્ય લુંબા દ્વારા 8100000 ઈક્વિટી શેર્સ (સેલિંગ શેરહોલ્ડર્સ) સમાવિષ્ટ છે. કંપની કોર્પોરેટ ગ્રાહકોને શોફર્ડ કાર રેન્ટલ્સ (સીસીઆર) અને એમ્પ્લોયી ટ્રાન્સપોર્ટેશન સર્વિસિઝ (ઈટીએસ) પ્રદાન કરે છે. જે છેલ્લા 25 વર્ષથી કાર્યરત ભારતમાં ફોર્ચ્યુન 500 કંપનીઓમાં સામેલ છે. કંપની 9000 ઈકોનોમીથી લક્ઝરી કાર, મિની વાન, લક્ઝરી કાઉચ સહિત વિવિધ વાહનો ભાડે આપે છે. જેમાં તે લક્ઝરી વાહનોમાં (આઉડી, બીએમડબ્લ્યૂ અને મર્સિડિઝ-બેન્ઝ), ઈકોનોમી વાહનો, પ્રીમિયમ વાહનો, બસ અને વાન સહિત વિવિધ કેટેગરી ધરાવે છે. તે લગેજ વાન, લિમોઝિન, વિન્ટેજ કાર અને દિવ્યાંગો માટે ઉપયોગી પરિવહનની સુવિધાઓ જેવા સ્પેશ્યાલિટી વ્હિકલ્સ પણ પ્રદાન કરે છે. કંપની ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, બિઝેસ પ્રોસેસ આઉટસોર્સિંગ, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી), કન્સલ્ટન્સી, હેલ્થકેર, ઈ-કોમર્સ, ફાર્માસ્યુટિકલ, લિંગલ અને મેન્યુફેક્ચરિંગ સહિત ક્ષેત્રોમાં ગ્રાહકોને સેવા આપે છે. કંપનીના કોર્પોરેટ ગ્રાહકો એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ લિ., એચસીએલ કોર્પોરેશન પ્રાઈવેટ લિ., થોમસ કુક ઈન્ડિયા, ડબ્લ્યૂએમ ગ્લોબલ ટેક્નોલોજી સર્વિસિઝિ ઈન્ડિયા પ્રાઈવેટ લિ. (વોલમાર્ટ ગ્લોબલ ટેક્.), વીઆરબી કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિ., પિન્કર્ટન કોર્પોરેટ રિસ્ક મેનેજમેન્ટ પ્રા. લિ., મેડજિનોમ લેબ્સ લિ., ડ્રિમફોક્સ સર્વિસિઝ લિ., મર્સર કન્સલ્ટિંગ, એફએનએફ ઈન્ડિયા પ્રાઈવેટ લિ (ફિડેલિટી), એક્સેલ સર્વિસ.કોમ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિ., અને વીએ ટેક વાબેગ લિમિટેડ છે.

### અગાઉ કરતાં બે બ્રોડબેંડ પ્લાનમાં ઈન્ટરનેટ સ્પીડ પણ વધારાઈ

## BSNLએ યુઝર્સને આપી ભેટ,આ બે પ્લાનમાં મળશે 4000 GB ડેટા અને ઘણુબધું

(એજન્સી) નવી દિલ્હી : BSNLએ યુઝર્સને મોટી ભેટ આપી છે. જાહેર ક્ષેત્રની ટેલિકોમ કંપનીએ તેના બે બ્રોડબેન્ડ પ્લાનની સ્પીડ વધારી છે. આ ઉપરાંત આ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ પ્લાન્સમાં યુઝર્સને વધુ ડેટા લિમિટ આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત સંચાર નિગમ લિમિટેડની આ બ્રોડબેન્ડ યોજનાઓ ભારતનેટ ફાઈબર હેઠળ ઓફર કરવામાં આવી રહી છે. કંપનીની ઓફિશિયલ વેબસાઈટ અનુસાર, યુઝર્સને હવે આ પ્લાન્સમાં 125Mbps સુધીની સ્પીડ મળશે. આવો, BSNLના આ બે બ્રોડબેન્ડ પ્લાન વિશે જાણીએ...

ભારત સંચાર નિગમ લિમિટેડ અગાઉ આ બ્રોડબેન્ડ પ્લાનમાં 60Mbpsની ઝડપે FUP (ફેર યુઝ પોલિસી) મર્યાદા હેઠળ 3300GB ડેટા ઓફર કરતી હતી. હવે આ બ્રોડબેન્ડ પ્લાનમાં યુઝર્સને FUP લિમિટ સાથે કુલ 4,000GB ડેટાનો લાભ મળશે. આ મર્યાદા ખતમ થયા પછી, ઈન્ટરનેટ સ્પીડ 4Mbps થઈ જશે. એટલું જ નહીં, આ પ્લાનમાં યૂઝર્સને હવે 75Mbpsની સ્પીડ પર ઈન્ટરનેટનો લાભ મળશે. BSNLના આ બ્રોડબેન્ડ પ્લાનમાં અગાઉના યુઝર્સને આખા મહિના માટે 3300GB ડેટા FUP લિમિટ સાથે 60Mbps સ્પીડ ઓફર કરવામાં આવી રહી હતી. હવે આ પ્લાનમાં યુઝર્સને 4,000GB ડેટાનો લાભ મળશે. આ ઉપરાંત આ પ્લાનની ઈન્ટરનેટ સ્પીડ પણ 60Mbps થી વધારીને 125Mbps કરવામાં આવી છે. BSNLના આ બ્રોડબેન્ડ પ્લાનમાં યુઝર્સને OTT એપનું સબસ્ક્રિપ્શન પણ ઓફર કરવામાં આવી રહ્યું છે.ડિઝની+ હોટસ્ટાર સબસ્ક્રિપ્શન આ પ્લાન સાથે યુઝર્સને ફ્રીમાં ઓફર કરવામાં આવી રહ્યું છે. આ બંને બ્રોડબેન્ડ પ્લાન સાથે યુઝર્સને અનલિમિટેડ કોલિંગ પણ આપવામાં આવી રહી છે. નવા બ્રોડબેન્ડ પ્લાન લેનારા યુઝર્સને આ પ્લાન સાથે આ ઓફર મળશે. એરટેલ અને જિયો તેમના બ્રોડબેન્ડ વપરાશકર્તાઓને 30Mbps થી 300Mbpsની ઈન્ટરનેટ સ્પીડ સાથે ઈન્ટરનેટ ડેટા ઓફર કરી રહ્યાં છે.




### બેન્કોમાં પણ નાણાં સલામત નથી!

## દાયકામાં બેન્કોમાં 5.3 લાખ કરોડ રૂપિયાની છેતરપિંડી

(એજન્સી) નવી દિલ્હી : સતત વધી રહેલા ફ્રોડ કેસોથી આરટીઆઈના જવાબમાં RBI દ્વારા રજૂ કરાયેલ ડેટાનો અહેવાલ ટેક્નોલોજીના સતત વધી રહેલા વ્યાપ વચ્ચે સાયબર ફ્રોડના કેસો સતત વધી રહ્યાં છે. જેના પરિણામે હવે લોકોના પૈસા બેન્કમાં પણ સલામત રહ્યાં નથી તેવું તારણ આરબીઆઈ દ્વારા રજૂ કરવામાં આવેલ ડેટાના આધારે જાણવા મળ્યું છે. ભારતીય બેંકોએ છેલ્લા એક દાયકામાં રૂ.5.29 લાખ કરોડની છેતરપિંડી થઇ હોવાનું જણાવ્યું છે. ખાનગી અને સરકારી બેંકોએ અહેવાલ આપ્યો છે કે આ છેતરપિંડી નાણાકીય વર્ષ 2013-14 થી 2022-23 વચ્ચે કુલ 4,62,733 છેતરપિંડીના કેસ સાથે સંબંધિત છે. આરટીઆઈ અરજીના જવાબમાં રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવેલા ડેટા પરથી આ માહિતી સામે આવી છે.આ મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધુ છેતરપિંડીના કેસ નોંધાયા છે. ત્યારબાદ NCT દિલ્હી, હરિયાણા, તમિલનાડુ અને ઉત્તરપ્રદેશ રહ્યાં છે. કર્ણાટક, ગુજરાત, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનનો ત્યારબાદ નંબર આવે છે. છેલ્લા 10 નાણાકીય વર્ષોમાં આ રાજ્યોમાં 8,000 થી 12,000 બેંક ફ્રોડ થયા છે. સેન્ટ્રલ બેંકના કેટલાક તાજેતરના વાર્ષિક અહેવાલોનું વિશ્લેષણ દર્શાવે છે કે મોટાભાગની છેતરપિંડી ઉપાડ, કાર્ડ અને ડિજિટલ અથવા ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા સંબંધિત છે.ઉદાહરણ તરીકે નાણાકીય વર્ષ 2022-23માં બેંકોએ ડેબિટ-ક્રેડિટ કાર્ડ્સ અને ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા સૌથી વધુ છેતરપિંડી થઇ હોવાનું નોધાવ્યું છે. નોંધાયેલા 13,530 કેસમાંથી 6,659 કેસો કાર્ડ અને ઈન્ટરનેટ બેન્કિંગના નોંધાયા છે. એડવાન્સિસ સામે છેતરપિંડીનો આંકડો પણ 4109 જેટલો ઊંચો આંક હતો. એક વર્ષ પહેલાં નાણાકીય વર્ષ 2021-22માં કુલ 9,097 છેતરપિંડીમાંથી એડવાન્સ સામેની છેતરપિંડી 3833 હતી. કાર્ડ અને ઈન્ટરનેટ દ્વારા 3596 છેતરપિંડી થઈ હતી. નાણાકીય વર્ષ 2020-21માં એડવાન્સ સામે 3476 છેતરપિંડી થઈ હતી. કુલ 7338 છેતરપિંડીમાંથી 2545 કાર્ડ અને ઈન્ટરનેટ સંબંધિત છે.માત્ર 2-3% વૈશ્વિક વ્યવહારો જ સામે આવ્યા.



## ZEE એ 50% TIC કર્મચારીઓને છૂટા કર્યા:કોસ્ટ કટિંગ અને ઓપરેટિંગ માર્જિન માટે છટણી

નવી દિલ્હી: Zee Entertainment એ બેંગલુરુમાં તેના ટેક્નોલોજી એન્ડ ઈનોવેશન સેન્ટર (TIC) ના 50% કર્મચારીઓને છૂટા કર્યા છે. કંપનીએ આ છટણી ખર્ચમાં ઘટાડો કરવા અને તેના ઓપરેટિંગ માર્જિનમાં વધારો કરવા માટે કરી છે. જેઆઈએ શુક્રવારે સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં આ અંગેની માહિતી આપી છે.કંપનીનું કહેવું છે કે ઝી એન્ટરટેઈનમેન્ટના બોર્ડ તરફથી મળેલા માર્ગદર્શન બાદ TICનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. ZEE બોર્ડે તાજેતરમાં મેનેજમેન્ટ ટીમને FY25 માટે TIC ખર્ચ 600 કરોડમાંથી 50% ઘટાડવા જણાવ્યું હતું. Zeeના MD અને CEO પુનિત ગોએન્કાએ કહ્યું- અમે અસાધારણ સામગ્રી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ હાંસલ કરવા માટે અમને સર્જનાત્મક અભિગમ, ગ્રાહકની વિગતવાર આંતરદૃષ્ટિ અને ભાવિ તકનીકી ઉકેલોના મિશ્રણની જરૂર છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ફાગણ વદ-06

# વકીલોની ચિંતા

ચૂંટણીનું આગમન થતાં જ દેશમાં વિભિન્ન શક્તિશાળી જૂથોનું સક્રિય થઈ જવું સ્વાભાવિક છે, એટલું જ વિચારણીય પણ. આ સંદર્ભે ગુરુવારે ન્યાયિક બિરાદરીમાં જે પ્રકારની સક્રિયતા જોવા મળી તેણે સહજ રીતે બધાનું ધ્યાન ખેંચ્યું છે. વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે અને બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના અધ્યક્ષ મનનકુમાર મિશ્રા સહિત આખા ભારતમાંથી ૬૦૦થી વધારે વકીલોએ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડને પત્ર લખીને ચિંતા વ્યક્ત કરી છે. ચિંતા એ છે કે એક સમૂહ પોતાના પક્ષમાં એવું દબાણ બનાવી રહ્યું છે, જેનાથી ન્યાયપાલિકાની અખંડતા માટે ખતરો પેદા થઈ રહ્યો છે. વકીલોના આ મોટા સમૂહે દેશના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખીને ન્યાયિક પ્રક્રિયામાં હેરફેર કરવા, અદાલતી ચુકાદાને પ્રભાવિત કરવા અને નિરાધાર આરોપો તથા રાજકીય એજન્ડા સાથે ન્યાયપાલિકાની પ્રતિષ્ઠા ધૂમિલ કરવાનો પ્રયાસ કરનારા 'અંગત સ્વાર્થી સમૂહ'ની નિંદા કરી છે. કુલ મળીને સર્વોચ્ચ અદાલતને એ અહેસાસ કરાવવાની કોશિશ કરી છે કે તે કોઈ દબાણમાં નિર્ણય ન લે. ઉલ્લેખનીય છે કે હાલમાં કેટલાક રાજનેતા કઠેરામાં ઊભા છે અને તેમને બચાવવા માટે કેટલાક વકીલોનો એક સમૂહ સક્રિય છે, આ આપણી ન્યાય વ્યવસ્થાનો સ્વાભાવિક હિસ્સો છે. વકીલોના આ પહેલા સમૂહ વિરુદ્ધ વકીલોનો બીજો સમૂહ સક્રિય થયો છે, તો વકીલોના પહેલા સમૂહ તરફથી જવાબ આવી ગયો છે. વકીલો વચ્ચે પરસ્પર આરોપ-પ્રત્યારોપ પણ ઘણા ગંભીર અને દુઃખદ છે, તેમાં ન પડતાં આપણે એ જોવું જોઈએ કે શું ખરેખર કેટલાક વકીલ મળીને ન્યાયને પ્રભાવિત કરી શકે છે? હા, એવું થઈ શકે છે. આપણી ન્યાયપાલિકામાં એ તથ્ય નવું નથી કે મોટા લોકોના કેસોમાં હંમેશાં મોટા વકીલો જ સામે આવે છે અને વકીલો વચ્ચે આવકની અસમાનતાથી પણ એ જ ખબર પડે છે કે સક્ષમ લોકો ન્યાય મેળવવામાં બીજા કરતાં કંઇક વધારે સંભાવના ધરાવે છે. વકીલોનો પરસ્પર દ્વંદ્વ પણ એ તરફ જ ઇશારો કરે છે. તેમાં કોઈ શંકા નહીં કે ન્યાયમૂર્તિઓએ નામી વકીલો કે વગદાર આરોપીઓ સામે સમાન રૂપે વ્યવહાર કરવો જોઈએ. એટલે ક્યાંક ફરિયાદને અવકાશ રહી જાય છે અને કેટલાક વકીલો મળીને આવા પત્ર લખવાની જરૂર પડે છે. આવા પત્રોની ટીકા ન કરી શકાય, પરંતુ આવા પત્ર વિશેષ રૂપે ન્યાયમૂર્તિઓએ પાસેથી વધુ સજાગતા અને સંવેદનાની માંગ કરે છે. લોકતંત્રમાં કોઈ દિશાથી કોઈ માંગ ઉઠવી ખોટું નથી, પરંતુ આવી માંગોની પૂર્તિ બંધારણના સુસ્થાપિત દાયરામાં જ થવી જોઈએ અને મોટાભાગે થાય છે પણ ખરી. આ સંદર્ભે વડાપ્રધાન મોદીનું નિવેદન પણ ઉલ્લેખનીય છે, તેમણે એક રીતે આ ૬૦૦ વકીલોના પત્રને અનુકૂળ ટિપ્પણી કરી છે અને ત્યાં સુધી કહી દીધું છે કે ધમકાવવા કોંગ્રેસની જૂની સંસ્કૃતિ છે. મતલબ, ચૂંટણીની મોસમમાં આ એક એવો મુદ્દો છે જેના પર આવનારા કેટલાક દિવસો સુધી ચર્ચા ચાલુ રહી શકે છે. મુદ્દો ખરેખર ગંભીર છે. ધ્યાન રહે કે ૬૦૦ વકીલોના પત્રમાં 'બેન્ચ ફિક્સિંગના મનઘડંત સિદ્ધાંત' વિશે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, જે અંતર્ગત ન્યાયિક પીઠોની સંરચનાને પ્રભાવિત કરવા અને ન્યાયાધીશોની ઈમાનદારી પર સવાલ ઉઠાવવાનો પ્રયાસ કદાચ નવો નથી. એવામાં એટલું ચોક્કસ કહેવું જોઈએ કે દેશમાં કોઈપણ સ્તંભ કે બંધારણીય સંસ્થાનું ભાવદોહન ન થવું જોઈએ. એ જ થવું જોઈએ, જે બંધારણના નિર્દેશ અનુસાર યોગ્ય હોય.

### આપ'ના ભરૂચ લોકસભાના ઉમેદવાર ચૈતર વસાવાએ 'તમારો દીકરો તમારા દ્વાર' કાર્યક્રમ હેઠળ પ્રચાર કર્યો

# ભાજપ સરકાર સામ-દામ દંડ ભેદની નીતિ અપનાવીને પોતાના વિરોધીઓને ખતમ કરવા માંગે છે: ચૈતર વસાવા

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : આમ આદમી પાર્ટીના ભરૂચ લોકસભા સીટના ઉમેદવાર ચૈતરભાઈ વસાવા હાલ 'તમારો દીકરો તમારા દ્વાર' કાર્યક્રમ હેઠળ પ્રચાર અભિયાન આગળ વધારી રહ્યા છે. 29 માર્ચના રોજ ચૈતરભાઈ વસાવાએ 'તમારો દીકરો તમારે દ્વાર' કાર્યક્રમ અંતર્ગત વાગરા વિધાનસભામાં ડોર ટુ ડોર અભિયાન શરૂ કર્યું હતું. ચૈતરભાઈ વસાવાએ આ દરમિયાન વેરવાડા, દશાન, હિંગલોટ, વડવા, વેસદરા, આમદડા, ભુવા, ભાડભૂત, કાસવા, મનાડ, મેહગામ, કેસરોલ, એડસાલ, નવેઠા, સખબડ, અમલેશ્વર, ઓલાદ અને કલ્લા ગામની મુલાકાત લીધી હતી.આ તમામ ગામો માં સ્થાનિક લોકો દ્વારા ચૈતરભાઈ વસાવાનું ખૂબ



જ ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ચૈતરભાઈ વસાવાએ આ દરમિયાન વડીલો માતા બહેનો સહિત ખેડૂતો અને યુવાનો સાથે મુલાકાત કરી અને સ્થાનિક મુદ્દા ઉપર ચર્ચા કરી.ગામોના લોકોએ ચૈતરભાઈ વસાવાને આવનારી લોકસભા ચૂંટણીમાં પૂરેપૂરું સમર્થન આપવાની ખાતરી આપી. આ દરમિયાન ચૈતરભાઈ વસાવાએ લોકો સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે આજે દેશમાં ખૂબ જ ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે. આજે દેશમાં લોકતંત્ર પર ખૂબ જ મોટો ખતરો આવી ગયો છે. ભાજપ સરકાર સામ-દામ દંડ ભેદની નીતિ અપનાવીને પોતાના વિરોધી ઓને ખતમ કરવા માંગે છે. ભાજપ સરકાર તાનાશાહી ઢબે સરકાર ચલાવી રહી છે અને આમ આદમી પાર્ટીને ખતમ કરવા માટે આમ આદમી પાર્ટીના તમામ મોટા નેતાઓને જેલમાં નાખી દીધા છે. આપ સૌ જાણો છો કે આમ આદમી પાર્ટી વિરુદ્ધ ષડયંત્ર રચીને જુઠા કેસો કરવામાં આવ્યા છે અને જે રીતે મને ખોટા કેસમાં જેલમાં મોકલવામાં આવ્યો હતો તે જ રીતે અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, સંજયસિંહ અને સત્યેન્દ્ર જૈન ને જેલમાં મોકલવામાં આવ્યા છે. તમે એ પણ જોયું હશે કે દેશના એક માત્ર આદિવાસી મુખ્યમંત્રી હેમંત સોરેનને પણ ખોટા કેસમાં ફસાવીને જેલમાં મોકલવામાં આવ્યા હતા.

## નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં બે પુરુષો એ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકા ના બે ગામોમાં બે આધેડ વ્યક્તિઓ એ ઝેરી દાવા પી આપઘાત કર્યાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે

મળતી માહિતી અનુસાર તિલકવાડા તાલુકાના નવાપુરા (ઉચાદ) ગામમાં રહેતા ઠાકોરભાઈ દલસુખભાઈ તડવી ઉ.વ ૩૮ તથા તેમના પત્ની કલ્પનાબેન તથા તેમના બાળકો તારીખ.૨૮/૦૩/૨૦૨૪ લગ્નમાં ગયેલા અને બીજા દિવસે લગ્નના ઉજાગરા ના કારણે સવારે સુઈ ગયેલ અને બપોરે એક વાગ્યાના અરસામાં કલ્પનાબેન ના પતિ ઠાકોરભાઈ ને તરસ લાગતા પાણી પીવા માટે ગયેલ અને ભુલથી પાણી સમજી ઝેરી દવાની બોટલ હાથમાં આવી જતા ઝેરી દવા પી જતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે બીજો બનાવ તિલકવાડા તાલુકાના વઘેલી ગામે બન્યો જેમાં ધર્મેન્દ્રભાઇ બાલુભાઇ બારીયા, રહે.વઘેલી તા.તિલકવાડા જી.નર્મદા નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેમના પિતા બાલુભાઇ મનસુખભાઇ બારીયા ઉ.વ.૬૫ નાઓ ને તેમની પત્ની અગાઉ મૃત્યુ પામ્યા હોઇ મારે પણ જીવીને શું કરવાનું તેવું મનમાં લાગી આવતા મરનારે પોતાના ઘરની પાછળના વાડાના ભાગે ઝેરી દવા પી જતા પ્રાથમિક સારવાર તિલકવાડા સરકારી દવાખાના માં કરાવી વધુ સારવાર માટે રાજપીપલા સિવિલ હોસ્પીટલમાં લઇ જતા સારવાર દરમ્યાન તેમનું મોત થતાં તિલકવાડા પોલીસે ઉપરોક્ત બંને ઘટના બાબતે નોંધ લઈ તપાસ હાથ ધરી છે.

## દેડીયાપાડા-મોઝદા રોડ ઉપર બે બાઇક વચ્ચે અકસ્માત ત્રણ વ્યક્તિઓને ઇજા એક બાળકીનું મોત

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના મોઝદા રોડ પર થયેલા અકસ્માત માં ત્રણ વ્યક્તિઓ ને ઈજાઓ થઈ હતી જ્યારે એક બાળકીને ગંભીર ઈજા થયા મોત થયું હતું.





મળતી માહિતી અનુસાર કુસુમબેન મણીલાલભાઇ વસાવા, રહે.કાંદા પટેલ ફળીયું તા. દેડીયાપાડા જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ બાઈક ચાલક સુનિલભાઇ સાયસિંગભાઇ વસાવા રહે.પીપલોદ તા.દેડીયાપાડા જી.નર્મદા એ પોતાના કબ્જામાની હોન્ડા સાઈન મો.સા.નંબર GJ-22-K-6811 પુરઝડપે હંકારી લાવી તેના આગળ ચાલતા વાહનને ઓવરટેક કરવા જતા નરેશભાઈ ની મો.સા.નંબર GJ-22-E-6865 સાથે એક્સિડન્ટ કરી કુસુમબેન ને જમણા ગાલ ઉપર તથા જમણી આંખ પાસે ઈજા પહોંચાડી તથા નરેશભાઇ નગરીયાભાઇ વસાવાને ડાબા પગે ફ્રેક્ચર કરી તથા મોઢાના ભાગે તેમજ કપાળના ભાગે ઈજા પહોંચાડી તથા કુસુમબેન ની દીકરી મેઘાકુમારી મણીલાલભાઇ વસાવા ઉ.વ.૮ ને માથાના કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નિપજાવી તથા સુનીલ વસાવા એ પોતાને ડાબા પગે ઘુંટણ ઉપર ફ્રેક્ચર કરી તથા મોઢા ઉપર તથા કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી ગુનો કરતા ડેડીયાપાડા પોલીસે સુનીલ વસાવા વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## દાહોદ જિલ્લાના સરહદી વિસ્તારના મતદાન મથકોની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડે

દિપક રાવલ - દાહોદ : લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના નેતૃત્વમાં રાજ્યભરમાં સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. તમામ મતદાન મથકો પર મતદારો માટે ચૂંટણી દરમિયાન આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા તે અંગે કરવાના થતા આયોજન અંગે જિલ્લા ચુંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડે એ જરૂરી સુચનો કર્યા હતા.



દાહોદ જિલ્લામાં ધાનપુર તાલુકામાં આવેલ રત્નમહાલ રીછ અભ્યારણ ખાતે જિલ્લા ચુંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડેએ ભૂવેરો અને અલિન્દ્રાના મતદાન મથકોની મુલાકાત લઈ મતદાન મથક ખાતે આવેલ ઉપલબ્ધ આવશ્યક સુવિધાઓ બાબતે જાત નિરિક્ષણ કર્યું હતું અને સૂચનો કર્યા હતા. આ મુલાકત દરમિયાન ધાનપુર મામલતદાર શ્રી રાકેશ મોદી ,સહિત અધિકારી શ્રીઓ અને કર્મચારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાપુતારાનાં આનંદો સર્કલ પાસે આઇસર ટેમ્પાએ ઇનોવા ગાડીને અડફેટમાં લેતા ઘટના સ્થળે અકસ્માત



સુશીલ પવાર - ડાંગ : પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ ડાંગ જિલ્લાનાં વઘઇથી મહારાષ્ટ્રનાં કળવણ તરફ પોલટ્રી ફાર્મમાં મરઘા લેવા જઈ રહેલ આઈસર ટેમ્પો.ન.જી.જે.30.ટી.0675એ સાપુતારા આંનદો સર્કલ પાસે મુંબઈથી સાપુતારા ખાતે ફરવા આવેલ પ્રવાસીઓની ઈનોવા કાર.ન.એમ. એચ.01.એ.વી.7407ને પૂરપાટવેગે અડફેટમાં લેતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવમાં ઈનોવા ગાડીનાં બોનેટનો ખુરદો બોલાઈ જતા જંગી નુકસાન થયુ હતુ.આ અકસ્માતનાં બનાવમાં સદનસીબે કોઈ પ્રવાસીને ઈજા પોહચી ન હતી.આ અકસ્માતનાં બનાવની જાણ સાપુતારા પોલીસ મથકે થતા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.હાલમાં સાપુતારા પોલીસની ટીમે બન્ને ગાડીઓનો કબ્જો મેળવી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

## આટ્ર્સ કોલેજ મોડાસામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



રાકેશ મહેતા - ધનસુરા : આટ્ર્સ કોલેજ મોડાસા માં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત આચાર્ય શ્રી ડૉ દીપક જોષી નાં માર્ગદર્શન હેઠળ શહિદ દિવસ, સ્વચ્છતા હિ સેવા અને એક વોટ દેશ કે લિયે કૉલેજ કેમ્પસ માં સ્વચ્છતા અભિયાન નું આયોજન કરવામાં આવ્યું સાથે દત્તક ગામ સાયરા ખાતે ,'એક વોટ દેશ કે લિયે રેલી,' વ્યાખ્યાન અને વધુમાં વધુ લોકો મતદાન કરી શકે એ હેતથી પ્રચાર કરવામાં આવ્યો. મોટી સંખ્યામાં સ્વયં સેવકો જોડાયા હતા.અને સાથે સાથે ઓન લાઈન ક્વિઝ નું પણ આયોજન કરી એકસો પચાસ ભાઈ બહેનો એ ભાગ લીધો હતો અને ઈ પ્રમાણપત્ર આપવામા આવ્યા હતા. કાર્ય ક્રમ ની સફળતામાં કોલેજ પરિવાર અને મંડળ નાં પ્રમુખ શ્રી નવીનચંદ્ર આર મોદી, પ્રભારી મંત્રી શ્રી મહેન્દ્ર ભાઈ શાહે શુભેચ્છા પાઠવી હતી. કાર્ય ક્રમ નું સંચાલન પ્રો એમ બી દેશમુખ અને ડૉ ભાવનાબહેન સાવલિયા એ કર્યું હતું.

## ચાણસ્મા નગરમાં તા. પં. સામેની પ્રા શાળા નજીકની જાહેર મૂતરડીની બાજુમાં કચરાનો ઢગલો ખડકાયો



ચાણસ્મા : ચાણસ્મા નગરમાં બસ સ્ટેશન નજીક તો પાંજરાપોળ રોડ ઉપર આવેલી નાગેશ્વર સોસાયટી ની બાજુમાં અને તા. પં ની સામે અને સરદાર ચોક ની નજીક આવેલી પ્રા.શાળા ની બાજુમાં આવેલી જાહેર મૂતરડી ની બાજુમાં કચરા ના ઢગલા જોવા મળી રહ્યા છે. શું ચાણસ્મા ન.પા. ના સેનેટરી ઇ.ને ચાણસ્મા ના વિવિધ વિસ્તારો માં ખડકાયેલા કચરા ના ઢગલા કેટલાક વિસ્તારો માં પાલિકા દ્વારા મુકવામાં આવેલી. કચરાં ની પેટી ઓ કચરાથી ઉભરાય છે તે જોવા નહી મળતી હોય જેવા અનેક પ્રશ્નો નગરજનો કરી રહ્યા છે

## સરકારી કામગીરીની પોલ ખોલનાર શિક્ષિત યુવાનને નોકરીમાંથી હાથ ધોવા પડ્યા

### ઘરના 8 સભ્યોનું ભરણ પોષણ કરતા યુવાનની રોજગારી છીનવી હોવાના આક્ષેપ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : બે દિવસ પહેલા નર્મદા જિલ્લા ના દેડીયાપાડા તાલુકા ના ઉપલી માથાસર ગામે આદિવાસી સમાજ નો શિક્ષિત યુવા, ભારજી વસાવા એ પીવાના પાણીની સમસ્યા ને લઈ સોશિયલ મીડિયા દ્વારા પોતાની સમસ્યા નું સરકાર ને ધ્યાન દોરવા એક નિવેદન આપ્યું હતું ત્યારે, સાંસદ મનસુખ વસાવા સમસ્યા નું નિરાકરણ લાવવાને બદલે આ યુવાન ને ગાળો બોલતા હોવાની ઘટના સામે આવી હતી. ભારજી વસાવા પોતાના ગામ ની બાજુમાં આવેલ ગામ, પાનખલા ગામે સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ: 1 થી 8 ના બાળકો ને પ્રવાસી શિક્ષક તરીકે છેલ્લા 5 વર્ષ થી સેવા આપી રહ્યા હતા.પરંતુ ભારજી વસાવા એ પોતાની સમસ્યા તરફ સરકાર નું ધ્યાન દોરવા, સોશિયલ મીડિયા દ્વારા જેવું નિવેદન



આપ્યું કે રાજકીય ષડયંત્ર કરી બીજા દિવસે તેમને શાળા માંથી વર્તુણક સારી નથી તેમ કહી, હાથમા પત્ર આપી, ફરજ મુક્ત કરી દેવામાં આવ્યા. સાંસદ મનસુખ વસાવા ને કહેવું છે કે તમે જન પ્રતિનિધિ છો. લોકો ની સમસ્યાઓ સાંભળી તેનું નિરાકરણ લાવવું એ તમારી ફરજ છે. તમારી ભાજપ સરકાર ના રાજ માં યુવાનો ને ભલે રોજગારી આપી ન શક્યા હોય, પણ જે યુવાનો શિક્ષિત છે અને કોન્ટ્રાકટ પ્રથા માં કામ કરી રહ્યા હોય તેવા યુવાઓ ની રોજગારી પર લાત મારવાનો તમને અધિકાર નથી. આ યુવા પોતાના પરિવાર ના 8 જેટલાં સભ્યોનું પાલન પોષણ કરે છે. ત્યારે એટલુંજ કહેવું છે કે તમારા થી ભલે કોઈ નું સારુ કામ ન થાય પણ, આદિવાસી સમાજ ના દીકરા ભારજી વસાવા સાથે જે તમે એક આદિવાસી થઇ ને આવું કૃત્ય કર્યું છે તે ખુબજ નિંદનીય છે.ભરૂચ લોકસભા ની જનતા ને આવા નેતાઓ ની જરૂર નથી. જે કોઈ ની રોજગારી પર લાત મારે,આદિવાસી સમાજ ના યુવાનો ને અપીલ છે કે ભારજી વસાવા માટે આગળ આવી તેમને ન્યાય અપાવીએ. અને ભરૂચ લોકસભા માંથી મનસુખ વસાવા ને રજા આપી ઘરે બેસાડીએ તેવા આક્ષેપ સોશિયલ મીડિયા માં ફરતા થયા રાજકારણ ફરી ગરમાયું છે.

## આસપુર ગામના તળાવમાં પાણી ભરવામાં નહીં આવે તો ખેડૂતોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

જગદીશ ત્રિવેદી - લુણાવાડા : મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના આસપુર ગ્રામ પંચાયતમાં આવેલ તળાવમાં પાણી ભરવાની માગણી સાથે ગામના લોકો લોકસભાની ચૂંટણી અગાઉ જ ફરી આંદોલન કરે તેવા ભણકારા વાગી રહ્યા છે ત્યારે આસપુર ગ્રામ પંચાયતના 10 જેટલા ગામોના ખેડૂતોની બેઠક મળી જેમાં નક્કી કરવામાં આવ્યું છે કે જો આગામી દિવસોમાં સરકાર આસપુર ગામનું તળાવ ભરવા માટેની વહીવટી મંજૂરી નહીં આપે તો ચૂંટણી બહિષ્કાર કરવામાં આવશે વીરપુર તાલુકો મુખ્યત્વે ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર તાલુકો છે આ તાલુકામાં મોટાભાગના લોકો ખેતી અને પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા છે જો કે તાલુકામાં કોઈપણ કેનાલ કે ડેમની વ્યવસ્થા ન હોવાને કારણે આ વિસ્તારના ખેડૂતો



જિલ્લા કેટલા સમયથી પાણી માટે વલકા મારી રહ્યા છે ત્યારે 100 થી વધારે ખેડૂતો દ્વારા અગાઉ ગામનું તળાવ ભરવાની ઉગ્ર માગણી કરી હતી ત્યારબાદ સાંસદ ધારાસભ્ય સહિત નેતાઓએ તળાવ ભરવા માટે ખેડૂતોને ખાતરી આપી હતી પરંતુ આજ દિન સુધી તળાવ ભરવામાં આવેલ નથી જેથી ખેડૂતો માં ભારે રોશની લાગણી ફેલાઈ જવા પામી છે ઋષિ ભરાયેલા જગતના તાત ગણાતા એવા ખેડૂતો હવે લોકસભાની ચૂંટણીના પડગામ વાગી રહ્યા છે ત્યારે જ ચૂંટણી ટાણે જ આંદોલન ના માર્ગે આગળ ધપશે તેવા એંધાણ સર્જાઇ રહેવા પામ્યા છે આ વિસ્તારના ખેડૂતોને પશુપાલકો દ્વારા આવનારા દિવસોમાં તળાવ નહીં ભરવામાં આવે તો ચૂંટણી ટાણે મતદાનનો પણ બહિષ્કાર કરવામાં આવશે તેવી ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે.

## કોટવટ પ્રાથમિક શાળાના બાળકો CET અને જ્ઞાન સાધનાની પરીક્ષા યોજાઇ



દિપક રાવલ દાહોદ : કોટવટ પ્રાથમિક શાળાના બાળકો CET અને જ્ઞાન સાધના ની પરીક્ષા અપાવવા માટે મીઠું મોઢું કરાવી અને રવાના કરતા શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફ ગણ. આજરોજ સંતરામપુર તાલુકાની કોટવડ પ્રાથમિક શાળામાં ધોરણ 5 અને 8 ધોરણના બાળકોને CET અને જ્ઞાન સાધના ની પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કરી બાળકોને ગાડીમાં બેસાડી અને મીઠું મોઢું કરાવી રવાના કરતાં શાળાના આચાર્ય શ્રી શ્રીમતી પ્રભાબેન પ્રતાપસિંહ પારગી અને સ્ટાફગણ તથા ગામના વાલીઓ અને SMC સભ્યો તથા ગામના બહેનો , ગામના સહયોગથી ગાડીની વ્યવસ્થા કરી સંતરામપુર ખાતે પરીક્ષા આપવા રવાના કરેલ છે.

## રાજુલા ટાઉનમાં ઘરફોડ ચોરીનો આરોપીને ઝડપી પાડતી અમરેલી એલસીબી પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી - જાફરાબાદ : રાજુલા ટાઉન માં ઘરફોડ ચોરીના ગુનામાં એલસીબી એ આરોપીને પકડી પાડવામાં આવેલ રાજુલા વ્હોરાવાડમાં રહેતા અબ્બાસીભાઈ કુરબાનભાઈ ચૌહાણના રહેણાંક મકાને તાળું મારી



પરિવાર સાથે રમઝાન નિમિત્તે નમાઝમાં ગયેલ તે દરમિયાન સાંજના પોણા સાતથી સાડા સાત દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ તાળું તોડી ઘરમાં સામાન વેરવિખેર કરી પરચુરણ રોકડ રૂપિયા ૫૦૦૦/- ની ચોરી કરી લઈ ગયેલ તે રાજુલાની બે ઘરફોડ ચોરીઓમાં પોલીસે બાતમી અને ટેકનિકલ સોર્સ આધારે પેટ્રોલિંગ દરમિયાન યુસુફ હમીદભાઇ રફાઈ ઉ.વ. ૫૧ રહે અમદાવાદ નવાપરા ને ઝડપી લઈ રૂપિયા ૪,૩૫૩ ની રોકડ તથા. લોખંડનો સળિયો મળી ૪૩૬૩નો મુદ્દામાલ એલસીબી કબ્જે કરી બે ચોરીઓના ગુના ડીટેકટ કર્યાં છે. આ આરોપીએ અગાઉ ૨૦૧૭ માં ખોડીયાર માતાજીના મંદિરેથી તાળું તોડી સોના-ચાંદીના દાગીના ચોર્યાની પણ કબુલાત આપી હતી.

## ગરુડેશ્વર પેટલ્સ યુનિટી હોટલમાં રોકાયેલા મુસાફરોની નોંધણી નહિ કરનાર મેનેજર વિરૂદ્ધ SOG ની કાર્યવાહી

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લામાં ચાલતા હોટલ, હોમ સ્ટે જેવા એકમો માં કાયદાનું પાલન નહિ કરી મનમાની કરતા સંચાલકો સામે નર્મદા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ની બાઝ નજર હોય છે અને સમયાંતરે એસ.ઓ. જી.ટીમ દ્વારા તપાસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. હાલમાં નર્મદા જિલ્લા પોલીસ વડા ના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ.વાય. એસ.શિરસાઠ એસ.ઓ.જી.નર્મદા નાઓ ની સુચના ના પગલે ગરુડેશ્વર ખાતે આવેલ પેટલ્સ યુનિટી હોટલ માં ચેકીંગ કરતા હોટલના મેનેજર સમીરન ગોકુલ રોય મુળ રહે.દાસપરા નજીક,નાલદંગા નારાયણપુર, ચિનચુરા માગરા જી.હુગલી, પશ્ચિમ બંગાળ હાલ રહે. પેટલ્સ યુનિટી ઈન,ગરૂડેશ્વર તા.ગરૂડેશ્વર જી,નર્મદા નાઓ એ તા.૧/૦૩/૨૦૨૪ થી તા.૨૯/૦૩/ ૨૦૨૪ સુધીમાં રજીસ્ટરમાં કુલ-૯૧ નોંધોમાં કુલ ૨૭૨ મુસાફરો હોટલ માં રોકાયેલાની નોંધમાંથી નર્મદા જીલ્લા પોલીસ તરફથી વેબ ડિઝાઈન કરેલ પથિક સોફ્ટવેર એપ્લીકેશનમાં ફક્ત બે મુસાફર રોકાયેલાની ઓનલાઈન એન્ટ્રી કરી બતાવી કાયદાનો અમલ નહિ કરવા બદલ એસ.ઓ.જી.ના પીએસઆઈ એચ.કે.પટેલ નાઓએ ફરિયાદ કરતા હોટલ મેનેજર વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## મતદાન જાગૃતિ લાવવા માટે અરવલ્લી જિલ્લામાં અવનવા પ્રયાસો

રાકેશ મહેતા - અરવલ્લી : લોકસભા ચૂંટણી ૨૦૨૪ ની જાહેરાત થતા જ અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને મતદાન માટે જાગૃત કરવા અવનવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લામાં મોટી સંખ્યામાં લોકો મતદાન કરી



આ લોકશાહીના પ્રવને ઉજવે તે માટે વિવિધ સ્થળો પર સાયકલ રેલી, વોકાથોન જેવા કાર્યક્રમો તો સાથે જ પોસ્ટર મેકિંગ, રંગોળી, નિબંધ લેખન , વકતૃત્વ જેવી સ્પર્ધાઓ યોજી લોકોને મતદાન માટે ઉત્સાહિત કરવામાં આવી રહ્યા છે.અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને જાગૃત કરવા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. ફિલ્મી સ્ટાઈલના પોસ્ટર બનાવી લોકોને જાગૃત કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે. વિવિધ ફિલ્મની ડાયલોગ સાથે મતદાનના મહત્વને સાંકળી વિવિધ મેસેજ લોકો સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.વધુમાં વધુ લોકો આ વર્ષે મતદાન કરે તે માટે જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પરીકના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સ્વિપ ટીમ કાર્યરત છે જે આવા જ અવનવા કાર્યક્રમો હાથ ધરી જિલ્લામાં મતદાન જાગૃતિ ફેલાવવા કામ કરી રહી છે.

## સુરત જિલ્લા વિકાસ અધિકારી સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

સુરતઃ જિલ્લા વિકાસ અધિકારી સામે આચારસંહિતા ભંગની ફરિયાદ કરવામાં આવી છે. DDO શિવાની ગોયલ સામે કોંગ્રેસ દ્વારા ચૂંટણી કમિશનરને ફરિયાદ કરવામાં આવી છે. કોંગ્રેસના મહામંત્રી શાહબુદ્દીન મલેકે ફરિયાદ કરી છે.ઉમરપાડામાં વિકાસ કાર્યોની સમીક્ષા દરમ્યાન ભાજપનો પ્રચાર કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ભાજપના આગેવાનો સાથે રહી પરોક્ષ રીતે પ્રચાર કર્યાનો આક્ષેપ થયો છે. DDO સામે કાર્યવાહી કરવાની કોંગ્રેસે માગ કરી છે.

# રાજપીપળા ગાંધી ચોક પાસે ફોર વ્હીલ ગાડીને પાછળથી ટક્કર મારી ખર્ચ આપવાનું કહી ફરાર ચાલકની શોધખોળ

- અકસ્માત બાદ ફરિયાદી એ ફોટો પાડવા કહેતા સામા વાળા એ ફરિયાદી પર ગાડી ચઢાવવાનો પ્રયાસ કર્યો પરંતુ લોકટોળા માંથી કોઇકે ખેંચી લેતા આબાદ બચાવ
- ટક્કર મારનાર સુરત પાર્સિંગ ની ફોર વ્હીલ ગાડી વાળા રાજપીપળા પોલીસ સ્ટેશન આવ્યા બાદ નુકશાન આપવાની વાત કરી ગાડી ના શોરૂમ પરથી કંઇ આપ્યા વિના ભાગી છૂટયા

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લામાં દરરોજ અકસ્માત ની ઘટના વધી રહી છે જેમાં કેટલાક ના જીવ જાય છે તો કેટલાક ગંભીર ઘાયલ થાય છે ત્યારે શુક્રવારે રાજપીપળા ગાંધીચોક પાસે થયેલા અકસ્માત માં પૂરપાટ આવેલી ગાડી એ આગળ ચાલતી એક ફોર વ્હીલ ગાડી ને ટક્કર મારી નુકશાન કર્યું હતું પ્રાપ્ત માહિતી અનુસાર દર્પણભાઈ ચંદ્રકાંતભાઇ પટેલ રહે. પટેલફળીયુ ભચરવાડા તા.નાદોદ જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ ગાંધીચોક પાસેથી પસાર થતા હતા અને ત્યાં બમ્પ આવતા તેમણે પોતાની ગાડી ધીમી કરતા પાછળ થી પૂરપાટ આવેલી એક સફેદ કલરની ગાડી નં. GJ 05 RQ 8706 ના ચાલાકે તેની ગાડી પુરઝડપે ચલાવી લાવી તેમની મારૂતિ સુઝુકી કંપનીની સિયાઝ ફોર વ્હીલ ગાડી નં. GJ 22 H 9899 નીને પાછળથી અથાડી એક્સીડન્ટ કરી ગાડીના પાછળના બમ્પરને નુકશાન કરી કર્યું હતું. જાણવા મળ્યા મુજબ અકસ્માત બાદ વીમા માટે ઘટના સ્થળના ગાડીના ફોટા લેવા જતા દર્પણ પટેલ પર ગાડી ના ચાલકે પોતાની ગાડી ચઢાવવાનો પણ પ્રયાસ કર્યો પરંતુ ત્યાં ઉભેલા લોકો માંથી કોઈકે દર્પણ પટેલ ને પાછળ ખેંચી લેતા આબાદ બચાવ થયો અને લોકટોળા એકઠા થયા બંને ગાડી વાળા રાજપીપળા પોલીસ મથકે પહોંચ્યા ત્યારબાદ નુકશાની નો ખર્ચ આપવા ની વાત પોલીસ સમક્ષ થતા બંને ગાડી વાળા શોરૂમ પર ખર્ચ જાણવા ગયા પરંતુ ત્યાં પહોંચતા જ અકસ્માત કરનાર ગાડી વાળા ત્યાંથી ભાગી છૂટયા હતા માટે દર્પણ પટેલ એ આ બાબતે પોલીસ ફરિયાદ આપતા પોલીસે સુરત પાર્સિંગ ની ગાડી વાળા ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.



કોવિડ પછી લોકોનું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. લોકડાઉનને કારણે લોકો લાંબા સમય સુધી તેમના ઘરોમાં જ કેદ રહ્યા, જે પાછળથી તેમની સ્થૂળતાનું કારણ બની ગયું. લોકો તેમના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બન્યા છે ત્યારે કેટલીક બીમારીઓનું જોખમ વધી ગયું છે. ભારતમાં ડાયાબિટીસના કેસ પહેલાથી જ વધુ હતા, પરંતુ હવે બાળકો પણ આ રોગનો શિકાર બની રહ્યા છે અને તેનું કારણ બાળકોમાં વધતી જતી સ્થૂળતા છે, જેના કારણે બાળકોમાં ડાયાબિટીસના કેસ 30 ટકાના દરે વધ્યા છે, જે ખૂબ જ ચિંતાજનક છે. બાળકોની બિનઆરોગ્યપ્રદ ખાવાની આદતો તેમના સ્થૂળતાનું સૌથી મોટું કારણ છે. આજકાલ બાળકો ઘરનો ખોરાક ટાળે છે અને બહારનું જંક ફૂડ વધુ ઉત્સાહથી ખાય છે. જેના કારણે તેમનામાં સ્થૂળતા ઝડપથી વધી રહી છે.

# બાળકોમાં ડાયાબિટીસ ઝડપથી વધી રહ્યો છે

**શા માટે બાળકોમા સ્થુળતા વધી રહી છે? |** આ અંગે તબીબોનું કહેવું છે કે, ખાવાની ખોટી આદતોના કારણે બાળકોમાં સ્થૂળતા ઝડપથી વધી રહી છે. માતાપિતા વિચારે છે કે જો તેમના બાળકો જાડા છે તો તેઓ સ્વસ્થ છે. એટલા માટે તેઓ બાળકોને વધુ ખવડાવતા રહે છે. આજકાલ બાળકોમાં રમતગમતના અભાવને કારણે તેમની ફિટનેસ બગડી રહી છે અને આ બીમારી વધી રહી છે. આ સિવાય પણ ઘણા કારણો હોઈ શકે છે. આજકાલ મોટાભાગના બાળકોની ફિઝીકલી એક્ટીવ રહેવાનુ ઓછુ થઈ ગયુ છે. ઓછી શારીરિક પ્રવૃત્તિને કારણે સ્થૂળતા ઝડપથી વધી રહી છે. આ દિવસોમાં બાળકો ફોન પર ગેમ રમે છે અને તેમનો મોટાભાગનો સમય ફોન અને ટીવી કે પછી લેપટોપમા જાય છે. તાજેતરના એક સંશોધનમાં બાળકોમાં વધતી સ્થૂળતા અંગે ચેતવણી આપવામાં આવી છે. જેના કારણે અનેક પ્રકારની સમસ્યાઓ સર્જાય છે. નાની ઉંમરે જ બાળકો મેદસ્વી બની જતા હોવાથી તેમનું ચયાપચય ધીમી પડી રહ્યું છે. નાની ઉંમરે બાળકોમાં કોલેસ્ટ્રોલ વધી રહ્યું છે.જેના કારણે બાળકોમાં ફેટી લિવરની સમસ્યા પણ વધી રહી છે. આ સિવાય તેમની વચ્ચે વધતી સ્થૂળતા પણ ટાઈપ-2 ડાયાબિટીસનું કારણ બની રહી છે. સ્થૂળતાના કારણે બાળકોમાં ઈન્સ્યુલિન રેઝિસ્ટેંસની સમસ્યા વધી રહી છે.



## શું-શું કરવુ

- વજનને નિયંત્રિત કરવા માટે તેમને ઘરનો જ બનાવેલો પૌષ્ટિક ખોરાક ખવડાવો.
- બાળકોને બહારના જંક ફૂડ અને તળેલા ખોરાકથી દૂર રાખો.
- બાળકને નિયમિત કસરત કરવા પ્રેરિત કરો. શારીરિક રીતે સક્રિય રહેવાથી ડાયાબિટીસનું જોખમ ઘટાડી શકાય છે.
- ખાંડના વધુ પડતા વપરાશથી બાળકને બચાવો.
- જો બાળકમાં ડાયાબિટીસના લક્ષણો દેખાય તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરો.

**લક્ષણો** પેશાબ લાગવી, ખૂબ તરસ લાગવી, થાક, વધુ ભૂખ લાગવી, ઝાંખી દ્રષ્ટિ


# બ્રશ કર્યા પછી પણ મોંમાંથી આવે છે દુર્ગંધ ? આ રીતે મેળવો છુટકારો





## જીભ સાફ કરો

શ્વાસની દુર્ગંધને દૂર કરવા માટે ફક્ત દાંત સાફ કરવા પૂરતા નથી. જો તમે નિયમિત રીતે જીભ સાફ નથી કરતા તો તેનાથી પણ શ્વાસમાં દુર્ગંધ આવી શકે છે. તેથી જીભને સારી રીતે સાફ કરવી જોઈએ.





## રાત્રે બ્રશ

ઘણા લોકો દિવસની શરૂઆતમાં એકવાર બ્રશ કરીને સંતોષ માની લેતા હોય છે. પરંતુ સવારે બ્રશ કર્યા પછી આખો દિવસ તમે અનેક એવી વસ્તુઓ ખાવ છો જે શ્વાસમાં દુર્ગંધ વધારી શકે છે. તેથી રાત્રે પણ બ્રશ કરવું જોઈએ. આ સિવાય તમે કોઈ મસાલેદાર વસ્તુ ખાધી છે તો તેના પછી પણ મોઢું બરાબર સાફ કરવું જોઈએ.

## માઉથ વોશ

તમે ઈચ્છો તો મોં સાફ કરવા માટે માઉથ વોશનો ઉપયોગ પણ કરી શકો છો. તેનાથી મોઢાની દુર્ગંધ થી રાહત મળશે. બ્રશ કર્યા પછી હંમેશા માઉથ વોશ વડે કોગળા કરી લેવા જોઈએ.





## ગ્રીન ટી

ગ્રીન ટીનો ઉપયોગ કરવાથી પણ શ્વાસની દુર્ગંધ થી છુટકારો મેળવી શકાય છે. તેમાં એન્ટી બેક્ટેરિયલ ગુણ હોય છે જે મોઢામાં વધતા બેક્ટેરિયાનો નાશ કરે છે.

## વરીયાળી

વરીયાળી અને એલચીનું સેવન એવા લોકોએ રોજ કરવું જોઈએ જેમને શ્વાસમાં દુર્ગંધની સમસ્યા હોય. તેનાથી મોઢામાંથી આવતી વાસથી છુટકારો મળે છે.



# જાણવા જરૂરી છે ગુવાર અને કારેલાના આ અદભુત ફાયદા

લીલા શાકભાજીમાંથી પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને ખનિજો મળે છે. શાકભાજીમાં બધા પોષણ તત્વો જોવા મળે છે..સ્વસ્થ આહાર મગજ માટે વધુ ફાયદાકારક છે. નિયમિત ફળો અને શાકભાજી ખાવાથી તમારું આરોગ્ય વધુ સારું રહેશે અને તમે હંમેશાં યુવાન દેખાશો. તાજા શાકભાજી દરરોજ ખાવાના ઘણા ફાયદા છે. શાકભાજીમાં ઓછી ચરબી અને કેલરી હોય છે, જેનું સૌથી મોટું કારણ છે કે શાકભાજીમાં પૂરતા પ્રમાણમાં પાણી હાજર હોય છે. શાકભાજીના નિયમિત વપરાશ થકી, આપણે આપણા સ્વાસ્થ્યને સુધારી શકીએ છીએ. લીલા શાકભાજીમાં લોહ અને કેલ્શિયમની ઘણી બધી વસ્તુઓ જોવા મળે છે. લીલા શાકભાજીમાં મેગ્નેશિયમની માત્રા ખૂબ ઊંચી છે અને ગ્લાયકેમિક ઈન્ડેક્સની માત્રા ઓછી છે, જે ડાયાબિટીસને ઘટાડવા માટે મદદરૂપ સાબિત થાય છે. શાકભાજીમાં રહેલા આયર્ન અને કેલ્શિયમ આપણા વાળને ખરતા અટકાવે છે. લીલા શાકભાજીમાં વિટામીન એ, વિટામિન સી, કેલ્શિયમ અને આયર્નનો સમાવેશ થાય છે. શાકભાજીમાં પોટેશિયમ હોવાથી હાયપરટેન્શન ઘટાડે છે. મહત્વની વાત એ છે કે આપણા શરીરમાં પોષણને પરિપૂર્ણ કરવા માટે લીલા શાકભાજી કરતાં વધુ સારૂ કંઈ જ નથી.



**ગુવાર |** લીલાછમ ગુવાર અચૂક તમને મળશે અને ઘણા લોકો ગુવારને જોઈને જ મો બગાડતા હોય છે પરંતુ તેઓ પણ જો ગુવારના આ ફાયદાને જાણશે તો ચોક્કસથી ચાલુ કરી દેશે ખાવાનુ. માટે ગુવારનુ શાક બનાવીને પણ ખાવામા આવે છે અને ગુવાર ઢોકળી બનાવીને પણ ખાવામા આવે છે માટે ગુવારના અદભુત ફાયદા ચોક્કસથી જાણવા જેવા છે. હૃદય માટે ખુબ ફાયદાકારક ગુવારમા કોલેસ્ટ્રોલ ઘટાડવાનો ગુણ અતિ ઉત્તમ ગુણ હોય છે. અને તેમા ફાઈબર અને પોટેશિયમ ભરપૂર માત્રામા હોય છે. જેના કારણે શરીરમા કોલેસ્ટ્રોલ વધતુ અટકાવે છે અને જે હૃદય માટે ખુબ ફાયદાકારક સાબિત થાય છે.ગુવાર ખાવાથી હાડકા મજબૂત બને છે અને ગુવારમા કેલ્શિયમ અને મિનરલ અને પોષક તત્વો હોય છે જેનાથી હાડકા મજબૂત બને છે અને ગુવારમા ફોસ્ફરસ પણ સારી માત્રામા હોય છે માટે જે હાડકા મજબૂત બનાવે છે. ગુવાર ડાયાબિટિસમાં પણ ફાયદાકારક છે જો આ શાકનું નિયમિત સેવન કરવાથી શરીરની સુગરમા ઘટાડો થાય છે અને ઈન્સ્યુલિનની માત્રામા વધારો થાય છે.ગુવાર બ્લડ પ્રેશરને કંટ્રોલમા રાખે છે અને ગુવારમા હાઈપોગ્લેસેમિક અને હાઈપોલિપિડેમિક હોય છે જેનાથી હાઈપર ટેન્શનને દૂર ભગાડે છે અને બ્લડ પ્રેશરને કંટ્રોલમા રાખે છે. ગર્ભાવસ્થા દરમિયાન તો ગુવારનુ ખાસ સેવન કરવુ જ જોઈએ કારણ કે ગુવારના શાકનુ સેવન કરવાથી શરીરના બધા જ પોષકતત્વોની ખોટ પૂરાઈ જાય છે અને ગુવારમા ફોલિક એસિડ ભરપૂર હોય છે જે શરીરને સ્વસ્થ રાખે છે.



**કારેલા |** કારેલામાં ખૂબ જ પ્રમાણમાં વિટામીન એ, બી અને સી મળી આવે છે. આ ઉપરાંત કેરોટીન, લુટિન, ઝીંક, પોટેશિયમ, મેગ્નેશિયમ અને મેગનીઝી જેવા તત્વો મળી આવે છે. કારેલામાં રહેલા ખનીજ અને વિટામીન શરીરમાં રોગ પ્રતિરોધક ક્ષમતા વધારે છે જેનાથી કેન્સર જેવી બિમારીનો સામનો કરી શકાય છે. કડવા કારેલામાં અઢળક પ્રમાણમાં એન્ટીઓક્સીડેન્ટ અને વિટામીન મળી આવે છે. કારેલાનું સેવન આપણે ઘણા રૂપોથી કરી શકીએ છીએ. આપણે ઈચ્છીએ તો એનો જ્યુસ પણ પી શકીએ છીએ. શાક અથવા અથાણું બનાવી શકીએ છીએ.કારેલા ઠંડા હોય છે એટલા માટે આ ગરમીથી પેદા થયેલી બિમારીઓના સારવાર માટે ખૂબ લાભકારી છે. જો તમારી પાચન શક્તિ નબળી હોય તો કારેલાનું દરરોજ સેવન કરવાથી પાચન શક્તિ મજબૂત થાય છે.

# આંધળાના આંધળા શબ્દમાં મહાભારતનું યુદ્ધ થયું...

આંધળા ના આંધળા શબ્દ માં મહાભારતનું યુદ્ધ થયું આ વાત માં સહમત નથી.મારું માનવું છે કે સામન્ય વાક્ય એ યુદ્ધ માટે મેદાન નથી બનાવી શકતું.યુદ્ધ એ બે પ્રકાર ના હોય છે માનસિક અને શારીરિક..શારીરિક યુદ્ધ ને નજર સામે લડી ને સમાપ્ત કરી શકાય છે પરંતુ માનસિક યુદ્ધ મનુષ્ય ના અંત સુધી ક્યારેય સમાપ્ત થતા નથી."દ્રૌપદી" એ સ્ત્રી પાત્ર છે એટલે આ વાક્ય ને અધ કચરા જ્ઞાન વાળા સમાંજે મહાભારત ના યુદ્ધ માટે જવાબદાર માન્યું.મહાભારત ની સ્થિતિ દ્રૌપદી એ ના કરી હોત તો યુદ્ધ મા અસંખ્ય સૈનિકો મૃત્યુ પામ્યા ના હોત.સ્ત્રીઓ વિધવા બની ના હોત.. લાખો બાળકો અનાથ ના બન્યા હોત સાચું તો એ છે કે.કદાચ યુદ્ધ થયું જ ના હોત.કહેવાય છે સ્ત્રીઓ ની જીભ ના લીધે જ મોટા મોટા ગૃહ યુદ્ધ ફાટી નીકળતા હોય છે.

હકીકત એ છે કે ગ્રંથ અનુસાર દ્રૌપદી અત્યંત સુંદર ચક્રવર્તી રાજાની એકની એક પુત્રી હતા એટલે એ ઘમંડી અને અભિમાની સુંદર સ્ત્રીનું એવું પાત્ર છે.આમ તો દ્રૌપદી એ વિશ્વ ને મહાભારત ગ્રંથ આપ્યો ને સાબિત કર્યું કે સ્ત્રી ધારે તો મહાભારત નું યુદ્ધ પણ કરાવી શકે. સુંદર સ્ત્રી એ સમગ્ર એ પ્રભાવી અને શકિતશાળી પુરુષો ની નબળી કડી હોય છે.સ્વયંવર માં પાંડુ પુત્ર અર્જુન ને દ્રૌપદી પ્રાપ્ત થઈ ને દુર્યોધન ના મિત્ર કર્ણ શરત અનુસાર મત્સ્યવેધ કર્યો હતો છતાંય સુત પુત્ર હોવાના લીધે અર્જુન ને વિજયી ઘોષિત કર્યો એજ ક્ષણે મહાભારત ના યુદ્ધ ના બીજ રોપાઈ ચૂક્યા હતા નો .

દ્રૌપદી ના સ્વયંવર બાદ પાંચેય પાંડવો એને ઘરે લાવ્યા ત્યારે માતા કુંતા નું વાક્ય "પાંચેય ભાઈઓ સરખા ભાગે વહેંચી નાખો" જીવતી જાગતી સ્ત્રી માટે અપમાનિત થવા બરોબર હતું..દુર્યોધન દ્વારા બોલતાં શબ્દો "પાંચાલી મતલબ વેસ્યાં." ..આ વાક્ય પણ સુ સંસ્કૃત સમાજ ની સ્ત્રી માટે બોલવા એ શાસ્ત્ર વિરૂદ્ધ હતું..દુશાસન દ્વારા ભરી સભા માં દ્રૌપદી ના કેશ ખેંચી ને ભર સભા વચ્ચે પાંચેય પાંડવો સામે બોલાયેલ વાક્ય "જલદી મારી જાંઘ પર બેસી જા નહીતર ભર સભામાં નગ્ન કરીશ."..વગેરે મહાભારત ના અસંખ્ય વાક્યો મહાભારત ના યુદ્ધ માટે વધારે જવાબદાર હતા.. યુદ્ધ તો દ્રૌપદી ચૂપ રહીને કઈ બોલી ના હોત તો પણ થવાનું હતું જ એમાં સંશય નહતો.

મહાભારત ના યુદ્ધ માટે દ્રૌપદી વધારે જવાબદાર છે એ કહેવું હાસ્યાસ્પદ છે. જેણે મહાભારત નો ગ્રંથ વાચ્યો છે એને ખબર છે કે દ્રૌપદી એ અગ્નિદેવ ની પુત્રી હતા,એનો ઉદભવ અગ્નિ માંથી થયો હતો.ધારે તે કરી શકે એવી એનામાં તાકત હતી.એ ઈચ્છત તો એના કેશ પકડી ને ઢસડી રહેલા દુશાસન ની સામે નજર કરતા જ એને બાળી ને ભસ્મ કરી નાખત..એને દુર્યોધન એ એની જાંઘ પર બેસાડવાની અશ્લીલ વાત કરી ત્યારે શસ્ત્ર વગર એનો શિરચ્છેદ કરી શકી હોત.. ભરી સભામાં એના પતિઓ અને વડીલો સામે નજર કરી ને ખુદને દુશાસન દ્વારા નિર્વસ્ત્ર થતાં અટકાવવા આજીજી કરવી પડી ના હોત..



**મહાભારત**
**- રુપાલી દવે**

પત્ની ને જુગાર ની રમત માં હરી ગયેલા પાંચેય અસમર્થ પાંડવો નત મસ્તક બની તમાશા નો ભાગ બન્યા ત્યારે પણ ચૂપ અન્ય વડીલો સાથે બેઠા હતા..માન્યું કે ધૃતરાષ્ટ્ર આંધળો અને ગાંધારી એ ખુદ ની આંખ માં મોહ ની કાળી પટ્ટી બાંધી દીધી હતી પરંતુ એ સભામાં બધાની પાસે દૂર દૂર સુધી દ્રશ્ય નિહાળી શકાય એવી આંખ હતી..શું એ બધા દુર્યોધન ના કેદી હતા? શું એના પર બોજ હતો? શું એ બધા ક્ષત્રિય નહતા?વગેરે વગેરે અનેક પ્રશ્નો ઉદભવે છે પરંતુ જવાબ નથી..કેમ?..એ બધા પરિવાર ના વડીલ હતા એણે હસ્તિનાપુર ની ભરી સભામાં દ્રૌપદી ના ચિર ખેચવાની ચેષ્ટા કરનાર દુશાસન પર રોક કેમ ના લગાવી? મહાભારત ના યુદ્ધ માટે શું આ ઘટના જવાબદાર ના ગણાવી શકાય?..

.દ્રૌપદી તો દ્રુપદ રાજાની એકની એક લાડ પ્યાર થી ઉછરેલી જમીન પર ખુલ્લા પગે પણ પિતૃ ગૃહે ચાલો નથી. છતાંય પાંડવો ના જીવન પર્યંત આવેલી પારાવાર મુશ્કેલીઓ અસંખ્ય તકલીફો એની અન્ય પત્નીઓ કરતા સતત સાથ સહકાર આપ્યો હતો.આ જ કારણોસર પાંડવો ના જીવન પર્યંત દ્રૌપદી એમની મુખ્ય પત્ની રહી હતી. દ્રૌપદી ના પાંચ પુત્રો ને અશ્વસ્થામા ક્રૂરતા થી મારી નાખ્યાં ત્યારે પુત્રના કપાયેલા મસ્તક જોતાજ અસહ્ય પીડા માં "કૃષ્ણ..કૃષ્ણ.. ઉદગાર કર્યો.." ક્ષત્રિય ના પુત્રો લડતા લડતા મૃત્યુ પામે તો વીરગતિ પ્રાપ્ત થાય પરંતુ લડ્યા વગર મૃત્યુ પામે તો નર્ક.. પ્રત્યેક મુશ્કિલ સ્થતિ માં દ્રૌપદી ને કૃષ્ણ નો સાથ હતો,પાંચ પાંચ વીર પતિઓ હોવા છતાંય એના માટે નિરર્થક હતા. દ્રૌપદી ની આંખ માંથી પુત્ર વિયોગ ના અશ્રુ પડતાં જોતાજ ભગવાન એ નિર્ણય કર્યો કે દ્રૌપદી ના પુત્રો નો વધ કરનાર હત્યારા અશ્વસ્થામા હણવો પડશે.. અર્જુન એ દુષ્ટ ક્રૂર અશ્વસ્થામા ને રથ ની પાછળ બાંધી ને દ્રૌપદી સામે ઊભો કરીને પૂછ્યું હતું કે દેવી આ ગુનેગાર ની સજા નક્કી કરો. પુત્ર ગુમાવવા ના દર્દ માં બોલી હતી કે અરે!!!આ એક બ્રાહ્મણ નો પુત્ર છે છોડો દયો..છોડી દયો..આંનું મૃત્યુ થયું તો એક "માં"નું મૃત્યુ થશે..આ ગુરૂપુત્ર છે ને ગુરુ એ શિષ્ય માટે પિતા સમાન હોય છે. ગુરુ દ્રોણ એ વિદ્યા અભ્યાસ દરમિયાન પાંડવો અને કૌરવો ને હસ્તિનાપુર ના રાજકુમારો માની ને નહિ પરંતુ શિષ્ય સમજી વિદ્યા દાન આપ્યું હતું..ભગવાન શ્રી કૃષ્ણ એ દ્રૌપદી ના કથન અનુસાર કહ્યું કે બ્રાહ્મણ નું અપમાન જ એનું મોત છે. ધર્મ યુદ્ધ હોય કે કર્મ યુદ્ધ બન્ને યુદ્ધ મા માત્ર બ્રાહ્મણ નું અપમાન એના માટે મૃત્યુ સમાન બની જશે. દ્રૌપદી ના એક વચન વાક્ય થી મહાભારત નું યુદ્ધ થવું અશક્ય છે..

મહાભારત નું યુદ્ધ એ સુર અસુર વચ્ચે દેવાસુર સંગ્રામ સમય થી ચાલ્યું આવે છે. પૃથ્વી પર અસુરો ની સંખ્યા વધે ત્યારે " સંભવામિ યુગે યુગે.." મુજબ ભગવાન નું પ્રાગટ્ય થતું રહેતું હોય છે. મનુષ્ય પોતાની બુધ્ધિ ના જોરે "અહમ્ પર બ્રહ્મ.." માનવા લાગે ત્યારે ઈશ્વર એ હથિયાર ઉઠાવવા માટે અર્જુન નું નિર્માણ કરી ને સારથી બનવું પડે છે.યુગ તો આવશે ને જશે પરંતુ મહાભારત તો કાયમી થવાનું ને રહેવાનું પરિવાર નું હોય કે મેદાન નું પણ રહેશે..સમાજમાં સ્ત્રીઓ પર પ્રત્યેક ખરાબ ઘટના નો દોષ ઓઢડવા ની મજબૂરી માનો કે વૃત્તિ..સ્ત્રી તત્વ એ પૃથ્વી પર સર્જન માટે મુખ્ય પરિબળ છે તો એ ભયાનક મહાભારત ના યુદ્ધ માટે ક્યાંથી વિલન હોવાની.આ વાત નું સમર્થન કરવું એ પણ ભૂલ ભરેલું સમજ.યુદ્ધ એ પાંડવો અને કૌરવો ની હકની લડાઈ નું હતું. આમા તો દ્રૌપદી એ બધાં માં બલી નો બકરો બની ગઈ હતી. એણે એના યુવાન પાંચ પુત્રો ખોયા એ દુઃખ કેટલું મોટું છે? આ પુત્ર વિયોગ નું દર્દ પીડા એક માં જ સમજી શકે છે બોલી ને ગુરુદેવ મૌન બની ગયા..ત્યારે શચી એ ગુરુદેવ ની વાત સાંભળી ને કહ્યું કે ગુરુદેવ, આપની સાચી વાત છે નબળા પર બધું ભારી કહેવત અનુસાર ભારતીય પુરુષ સમાજ ના વિશેષ અધિકાર એ મહાભારત ના યુદ્ધ મા "આંધળા ને આંધળા" શબ્દ ની ઢાલ બનાવી ને મહાભારત ના યુદ્ધ માટે દ્રૌપદી ને જિમ્મેદાર સમજે એ માનસિકતા સમાજ ને ક્યારેય આગળ વધારશે જ નહી..મેદાન નું યુદ્ધ કે ગૃહ યુદ્ધ માટે જવાબદાર પુરુષ નો "અહંમ" મુખ્ય ભાગ ભજવતો હોય છે

# કિંગખાન સાથે કામ કરવાની વાત પહેલાં તો મજાક જ લાગી

## પ્રિયામણિએ કહ્યું, 'મેં રોહિત શેટ્ટીને વિનંતી કરી હતી કે, મને માત્ર બેકગ્રાઉન્ડ ડાન્સર ન બનાવો'



પ્રિયામણિએ હાલમાં જ ખુલાસો કર્યો હતો કે જ્યારે તેને શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણ સ્ટારર ફિલ્મ 'ચેન્નઈ એક્સપ્રેસ' માટે રોહિત શેટ્ટીની ઑફિસમાંથી પહેલીવાર ફોન આવ્યો, ત્યારે તેમના મનમાં સૌથી પહેલાં વિચાર એ આવ્યો હતો કે આ એક મજાક છે.પ્રિયામણિ માની જ ન શકી કે આવું પણ બની શકે.

પ્રિયામણિએ વાતચીત દરમિયાન કહ્યું, એક દિવસ મને રોહિત શેટ્ટીની ઓફિસમાંથી ફોન આવ્યો. મને આશ્ચર્ય થયું કે રોહિત શેટ્ટીની ટીમમાંથી કોઈ મારો સંપર્ક કેમ કરશે. પછી તેમણે મને મુંબઈ આવવા કહ્યું. મેં તરત જ આ માટે સંમતિ આપી અને ફોન કટ કરી દીધો. સાચું કહું તો, મને લાગ્યું કે કોઈ મારી સાથે મજાક કરી રહ્યું છે. આ પછી મેં મારા મેનેજરને એ જાણવા માટે કહ્યું કે કોલ સાચો હતો કે મજાક. 5 મિનિટ પછી મારા મેનેજરે મને જાણ કરી કે કોલ સાચો હતો. પછી શું, મેં મારી બેગ પેક કરીને સીધી મુંબઈ આવી ગઈ હતી. મારો મેનેજર પણ મારી સાથે મુંબઈ આવ્યો હતો. અંતે અમે રોહિત શેટ્ટીને મળ્યા. રોહિત શેટ્ટીએ મને કહ્યું કે તેણે એક કન્નડ ગીત જોયું છે જેમાં હું અને પુનીત રાજકુમાર છીએ.

પ્રિયામણિએ વધુમાં કહ્યું, મેં અખબારમાં 'ચેન્નઈ એક્સપ્રેસ'ની એડ જોઈ હતી. મને ખબર હતી કે આ ફિલ્મમાં શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણ છે. તેથી હું વિચારવા લાગી કે રોહિત સર મને આવી ફિલ્મમાં કેમ કાસ્ટ કરશે. જો કે, હું ખૂબ ખુશ થઈ અને આભારી પણ લાગ્યું. મેં રોહિત સરને વિનંતી કરી કે મને ગીતમાં માત્ર એક બેકગ્રાઉન્ડ ડાન્સર ન બનાવો. હું મનમાં આ વિચારી રહી હતી કારણ કે ફિલ્મમાં ઈન્ડસ્ટ્રીના બે મોટા નામ સામેલ હતા. આ સાંભળીને તે તરત જ કહ્યું કે આ ગીતમાં માત્ર હું અને શાહરુખ ખાન જ હશે. આ ગીતમાં દીપિકા પાદુકોણ નહીં હોય. આ સાંભળતા જ મેં તરત જ હા પાડી દીધી.

પ્રિયામણિએ જણાવ્યું કે તેણે '1 2 3 4 ગેટ ઓન ધ ડાન્સ ફ્લોર' ગીત પાંચ રાતના સમયગાળામાં શૂટ કર્યું. શાહરુખ ખાનના વખાણ કરતાં કહ્યું- શાહરૂખ ખૂબ જ મહેનતુ છે. તેઓ આજે જ્યાં છે ત્યાં સુધી પહોંચવા માટે તેમને આ બધું કરવાની જરૂર નહોતી. હકીકતમાં અમે સાંજે 6 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી શૂટિંગ કરતા હતા. શૂટિંગ પૂરું થતાં જ હું આરામ કરવા મારા રૂમમાં પાછી જતી હતી. પરંતુ શાહરુખ ત્યાં જ રહેતો હતો અને આસિસ્ટન્ટ્સ સાથે વધુ પ્રેક્ટિસ કરતો હતો. હું તેમના સિનેમા પ્રત્યેના સમર્પણ અને પ્રેમને દિલથી સલામ કરું છું.

### પ્રિયામણિ ટૂંક સમયમાં 'મેદાન'માં જોવા મળશે

પ્રિયામણિ ટૂંક સમયમાં અજય દેવગન સ્ટારર ફિલ્મ 'મેદાન'માં જોવા મળશે. ફિલ્મમાં અજય દેવગન ફૂટબોલ કોચ સૈયદ અબ્દુલ રહેમાનના રોલમાં જોવા મળશે, જેને ભારતીય ફૂટબોલના સ્થાપક માનવામાં આવે છે. સૈયદ અબ્દુલ રહેમાને 1950 થી 1963 સુધી ભારતીય ફૂટબોલ ટીમના કોચ અને મેનેજર તરીકે સેવા આપી હતી. આ ફિલ્મ બોની કપૂર અને ઝી સ્ટુડિયોના બેનર હેઠળ રિલીઝ થશે.

## ફિલ્મની ઓફર પણ નકારી દીધી હતી...

# સલમાનના આગ્રહને કારણે કેટરિનાએ 'ન્યૂયોર્ક' ફિલ્મ સાઇન કરી હતી : કબીર ખાન

કેટરિના કૈફે કબીર ખાનની ફિલ્મ 'ન્યૂયોર્ક'માં કામ કર્યુ હતું. જોકે, શરૂઆતમાં તે આ ફિલ્મમાં કામ કરવા માગતી ન હતી. તેમણે ફિલ્મની ઓફર પણ નકારી દીધી હતી. પરંતુ સલમાન ખાનના આગ્રહ પર તે આ ફિલ્મ માટે રાજી થઈ ગઈ હતી. આ વાતનો ખુલાસો ખુદ ફિલ્મના ડિરેક્ટર કબીર ખાને હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં કર્યો છે. તેણે એ પણ જણાવ્યું કે તે સમયે સલમાન અને કેટરિના રિલેશનશિપમાં હતા. એક ઈન્ટરવ્યૂમાં કબીર ખાને કહ્યું 'હું સલમાન ખાનને પહેલી ફિલ્મ 'કાબુલ એક્સપ્રેસ'ના શૂટિંગ દરમિયાન મળ્યો હતો. આ મિટિંગમાં જ કેટરિનાને મારી બીજી ફિલ્મ 'ન્યૂયોર્ક'માં કાસ્ટ કરવામાં આવી હતી.'આ ફિલ્મ માટે કેટરિના પહેલી પસંદ હતી. યશરાજ પ્રોડક્શન સાથેની આ તેની પહેલી ફિલ્મ હતી. પરંતુ પહેલી મુલાકાતમાં જ વાર્તા સાંભળીને તે નિરાશ થઈ ગઈ. કદાચ તે 'લવસ્ટોરી' ફિલ્મમાં કામ કરવા માગતી હતી. તે સમયે તે સલમાન ખાનને ડેટ કરી રહી હતી.' જ્યારે સલમાને કેટરિના સાથે આ મિટિંગ વિશે વાત કરી તો કેટરિનાએ કહ્યું કે 'ફિલ્મની સ્ટોરી સારી છે પણ કદાચ તેની સાથે મેળ નથી ખાતી નથી.' ત્યાર બાદ સલમાને ડિરેક્ટરનું નામ પૂછ્યું. જ્યારે તેને ખબર પડી કે, હું ડિરેક્ટર છું તો તેણે કહ્યું 'તમારી આંખો બંધ કરીને ફિલ્મ પર સિગ્નેચર કરો. હું તે છોકરાને મળ્યો છું. તેમનું કામ સારું છે. કેટરિનાએ ઘણા વર્ષો પછી મને આ વાત કહી હતી.'



## અનિલ કપૂરને 'નો એન્ટ્રી'ની સિક્વલમાં સામેલ ન કરતો ઝઘડો...


# બોની કપૂર આખરે કેમ બન્યા નાના ભાઈ અનિલના દુશ્મન ? જાણીને ચોંકી ઉઠશો

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના ફેમસ પ્રોડ્યુસર બોની કપૂરનો તેમના નાના ભાઈ અનિલ કપૂર સાથે મોટો ઝઘડો છે. આ વાતનો ખુલાસો બોનીએ પોતે એક ઈન્ટરવ્યુ દરમિયાન કર્યો હતો. તેણે કહ્યું કે લડાઈ એટલી ઉગ્ર હતી કે અત્યાર સુધી બંને વચ્ચે વાતચીત બંધ થઈ ગઈ છે. આવું કેમ થયું તે જાણવા ચાહકો પણ પરેશાન છે.

તમને જણાવી દઈએ કે આ સમગ્ર મામલો 2005માં રિલીઝ થયેલી સુપરહિટ કોમેડી ડ્રામા ફિલ્મ 'નો એન્ટ્રી'ની સિક્વલ સાથે જોડાયેલો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 'નો એન્ટ્રી'ની સફળતા બાદ તેની સિક્વલ બનાવવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. અહેવાલ છે કે નિર્માતાઓએ સિક્વલ સાથે જૂના કલાકારોને બદલ્યા છે. આ વખતે નવી સ્ટારકાસ્ટ સાથે ફિલ્મ બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. સલમાન ખાન અને ફરદીન ખાનના એલિમિનેટ થવાના સમાચાર પહેલાથી જ હતા. જોકે, અનિલ કપૂર 'નો એન્ટ્રી'ની સિક્વલનો ભાગ બનવા માગતો હતો. તો બીજી તરફ બોની કપૂર કન્ફર્મ કરે તે પહેલા જ સમાચાર લીક થઈ ગયા હતા કે અનિલ કપૂરને 'નો એન્ટ્રી'ની સિક્વલમાં સામેલ કરવામાં આવશે નહીં. અનિલ કપૂરને આ વાતની જાણ થતાં જ તે ગુસ્સે થઈ ગયો હતો. એક ઈન્ટરવ્યુમાં બોની કપૂરે તેની આગામી ફિલ્મ 'નો એન્ટ્રી'ની સિક્વલ વિશે વાત કરતા કહ્યું કે અનિલ કપૂર 'નો એન્ટ્રી'ના બીજા ભાગનો ભાગ ન બનીને ખૂબ જ ચોંકી ગયો છે. તેમની વચ્ચે ઝઘડો પણ થયો હતો જેના કારણે તેમની વચ્ચે વાતચીત પણ બંધ થઈ ગઈ હતી. બોનીએ કહ્યું હતું કે, 'હું મારા ભાઈ અનિલને નો એન્ટ્રીની સિક્વલ અને તેની સ્ટાર કાસ્ટ વિશે જણાવવા માંગતો હતો પરંતુ ફિલ્મમાંથી તેની બદલીના સમાચાર લીક થયા અને તે ગુસ્સે થઈ ગયો હતો. તે તદ્દન કમનસીબ હતું.






બોની કપૂરે આગળ કહ્યું હતું કે, 'અનિલ કપૂર નો એન્ટ્રી 2નો ભાગ બનવા માંગતા હતા પરંતુ ત્યાં કોઈ જગ્યા નહોતી.

# પુષ્પા-2ની રિલીઝ પહેલાં ત્રીજા પાર્ટની તૈયારી શરૂ કરાઈ : 'પુષ્પા: ધ રૂલ' ચર્ચામાં

અલ્લુ અર્જુનને 'પુષ્પા'થી પાન ઈન્ડિયા સ્ટારની ઓળખ મળી છે. આ બ્લોકબસ્ટર ફિલ્મની સિક્વલનું શૂટિંગ પૂરું થઈ ગયું છે અને હાલ આ પ્રોજેક્ટ પોસ્ટ પ્રોડક્શનના તબક્કામાં છે. ઓગસ્ટ મહિનામાં 'પુષ્પા-2'ની રિલીઝ પહેલાં જ મેકર્સે ત્રીજા ભાગની તૈયારી શરૂ કરી દીધી છે. ફિલ્મની સ્ક્રિપ્ટ અને કાસ્ટની સાથે ટાઈટલ પણ ફાઈનલ હોવાનું કહેવાય છે. કોરોના બાદના સમયમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો આત્મવિશ્વાસ પાછો અપાવવામાં અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા'નો મહત્ત્વનો ફાળો હતો. ઓડિયન્સને થિયેટરમાં જતા બીક લાગતી હતી અને ઘણી ફિલ્મોની રિલીઝ યોગ્ય સમયની રાહ જોઈ હતી. આ સમયે 'પુષ્પા' બ્લોકબસ્ટર સાબિત થઈ અને ત્યારબાદ માહોલ સુધરવા લાગ્યો. 2021ના વર્ષમાં અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની 'પુષ્પા' રિલીઝ થઈ હતી. 2022માં મેકર્સે સિક્વલ બનાવવાના જાહેરાત કરી. સિક્વલમાં સાઉથ ઉપરાંત હિન્દી ફિલ્મના સ્ટાર્સને પણ લેવામાં આવ્યા છે. અગાઉની ફિલ્મ કરતાં 'પુષ્પાઃ ધ રૂલ'નું બજેટ વધારે મોટું રાખવામાં આવ્યું છે.'પુષ્પાઃ ધ રૂલ'ને ઓગસ્ટ મહિનામાં રિલીઝ કરવાની છે. હાલ તેનું પોસ્ટ પ્રોડક્શન ચાલી રહ્યું છે. પુષ્પાની પહેલી અને બીજી ફિલ્મ વચ્ચે ત્રણ વર્ષ જેટલો લાંબો ગેપ રહ્યો હતો. જો કે બીજી અને ત્રીજી ફિલ્મ વચ્ચે આટલો મોટો ગેપ ન રહે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. 2024માં 'પુષ્પાઃ ધ રૂલ' આવી રહી છે ત્યારે 2025માં 'પુષ્પા-3'નું આયોજન છે. તેનું ટાઈટલ 'પુષ્પાઃ ધ રોર' રાખવામાં આવે તેવી શક્યતા છે. બીજી ફિલ્મ બ્લોકબસ્ટર જ રહેશે તેવો મેકર્સને વિશ્વાસ છે અને તેથી ત્રીજી ફિલ્મ પણ શક્ય તેટલી ઝડપથી રિલીઝ કરવાનું આયોજન છે.'પુષ્પાઃ ધ રૂલ'નું શૂટિંગ પૂરું થયા પછી અલ્લુ અર્જુન અને ટીમે 'પુષ્પા-3'ના કેટલાક સીન પણ તૈયાર કરી લીધા હોવાનું કહેવાય છે. 2024ના વર્ષમાં જ ત્રીજી ફિલ્મનું શૂટિંગ પૂરું કરી આગામી વર્ષે તેને રિલીઝ કરાશે.



# રાજનીતિના સવાલ પર ક્રિતીએ પોતાનું મૌન તોડ્યું

## એક્ટ્રેસે કહ્યું, 'જો મને આવવાનું મન થાય, તો હું ચોક્કસ આવીશ; હાલ તો મારું ધ્યાન ફક્ત ફિલ્મો ઉપર'

હાલમાં જ કંગના રનૌતને મંડી સીટ પરથી ભાજપની ટિકિટ મળી છે. ગોવિંદા પણ શિવસેનાના શિંદે જૂથમાં જોડાઈ ગયા છે. આવી સ્થિતિમાં ક્રિતીએ પણ એક ઈન્ટરવ્યૂ દરમિયાન રાજકારણમાં આવવા અંગેના પોતાના વિચારો શેર કર્યા હતા.

જ્યારે ક્રિતીને પૂછવામાં આવ્યું કે શું તે ક્યારેય રાજકારણમાં આવવા માગશે? આના પર કૃતિએ કહ્યું- મેં તેમના વિશે ક્યારેય વિચાર્યું નથી. સાચું કહું તો, મને આ રીતે નથી લાગતું કે મારે આ કે તે કરવું પડશે. હું કોઈ પણ કામ ત્યારે જ કરું છું જ્યારે મારી અંદરથી તેના માટે અવાજ આવે. અથવા જો હું કંઈક વિશે ખૂબ જ જુસ્સાદાર છું. જો ક્યારેય મારા મગજમાં એવું આવે કે મારે રાજકારણમાં આવવાનું છે, તો હું કદાચ આવું કરી શકું. સ્વાભાવિક રીતે ક્રિતીએ સ્પષ્ટ કર્યું છે કે હાલમાં રાજનીતિમાં આવવાની કોઈ યોજના નથી, પરંતુ જો તેમને એવું લાગશે તો તે ભવિષ્યમાં ચોક્કસપણે આવું કરશે.

ક્રિતી હાલમાં જ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં જોવા મળી હતી. આ ફિલ્મમાં તેની સાથે શાહિદ કપૂર, ડિમ્પલ કાપડિયા અને ધર્મેન્દ્ર પણ હતા. ક્રિતીની 2-3 ફિલ્મો આ વર્ષે રિલીઝ થશે. તેમાંથી એક છે 'દો પત્તી'. આ ફિલ્મમાં તેની સાથે કાજોલ પણ લીડ રોલમાં જોવા મળશે. આ મિસ્ટ્રી-થ્રિલર ફિલ્મના ડિરેક્ટર શશાંક ચતુર્વેદી છે.

ક્રિતીએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના શરૂઆતના દિવસો યાદ કર્યા હતા. તેમણે કહ્યું, 'હું મારા પ્રથમ ફોટોશૂટ દરમિયાન ખૂબ જ નર્વસ હતી અંતે શૂટ થોડું ખરાબ થઇ ગયું હતું. હું રડતી-રડતી ઘરે આવી હતી કારણ કે હું સારી રીતે કોઈ કામ ન કરી શકું તે મને ખૂબ જ પરેશાન કરે છે. જો કે, સમય જતાં લોકોનો આત્મવિશ્વાસ વધતો જાય છે. હું માનું છું કે તમે તમારી સફળતાઓ કરતાં તમારી નિષ્ફળતાઓમાંથી વધુ શીખો છો. મારો મંત્ર મારી ભૂલોમાંથી શીખીને આગળ વધવાનો છે.'

### ક્રિતીએ માતા વિશે પણ જણાવ્યું

કૃતિએ હાર્પર્સ બજારને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું - મારી માતા પ્રોફેસર છે અને તે પોતાના પરિવારમાં કામ કરનારી પ્રથમ મહિલા હતી. જ્યારે તે મને જન્મ આપવાની હતી ત્યારે તેનું PHD પૂર્ણ થયું હતું ઘરમાં મોટા હોવાને કારણે કેટલીકવાર તમારે ઉદાહરણ બનવા માટે જવાબદારીઓ લેવી પડે છે. તેથી મને હંમેશા લાગ્યું છે કે હું જે પણ કરું છું, હું વધુ સારું કરવાનો પ્રયાસ કરું છું. મને લાગે છે કે આ પ્રકૃતિ જન્મથી મારી અંદર છે. જ્યારે પણ કંઈક સારું થતું નથી, ત્યારે હું ચીડિયાપણું અનુભવું છું.



## પરિણિતીએ હાલ બેબી પ્લાન કર્યું નથી, ત્યારે ચમકીલાના પ્રમોશનમાં વ્યસ્ત છે

# ઓવરસાઈઝ શર્ટ કફ્તાન પરથી પ્રેગનન્ટ ન માનો




તાજેતરમાં પરિણિતી 'ચમકીલા' ફિલ્મના પ્રમોશનમાં લૂઝ ડ્રેસમાં દેખાતાં તે પ્રેગનન્ટ હોવાની અફવા ફેલાઈ હતી. આવી અફવાથી પરિણિતી ભારે નારાજ થઈ ગઈ છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પરિણિતીએ જણાવ્યું હતું કે કોઈ મહિલા કફ્તાન કે ઓવરસાઈઝ્ડ શર્ટ કે પછી સ્હેજ લૂઝ ઈન્ડિયન કુર્તી પહેરે એટલે તે પ્રેગનન્ટ હોય તેવું માની લેવાની જરુર નથી. મહિલાઓ પોતાના કમ્ફર્ટ પ્રમાણે વસ્ત્રો પસંદ કરી હોય છે.

આ પ્રમોશનમાં પરિણિતી ઓવરસાઈઝ્ડ ડ્રેસમાં જણાઈ હતી. તે પરથી તે બેબી બમ્પ છૂપાવવા પ્રયાસ કરી રહી છે તેવો દાવો કરતા અહેવાલો વહેતા થયા હતા. આ અહેવાલોને પરિણિતીએ ફગાવી દીધા છે.

પરિણિતીની ટીમના સૂત્રોએ પણ કહ્યું હતું કે પરિણિતી કે રાઘવ હાલ બેબી પ્લાન નથી કરી રહ્યાં. પરિણિતી હાલ 'ચમકીલા ' ફિલ્મના પ્રમોશન માટે પુષ્કળ પ્રવાસ કરવાની છે. બીજ lતરફ રાઘવ ચઢ્ઢા પણ લોકસભા ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે.

# સાવરકરના શૂટિંગ દરમિયાન રણદીપને હતું આર્થિક સંકટ

## બાયોપિક માટે પિતાની મિલકત સુધ્ધાં વેચી દીધી; વજન ઘટાડવા માટે માત્ર અખરોટ જ ખાધા



રણદીપ હુડ્ડા આજકાલ તેની ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર'ને કારણે ચર્ચામાં છે. હાલમાં એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો છે કે તેમણે આ ફિલ્મ માટે ઘણા શારીરિક અને નાણાકીય પડકારોનો સામનો કરવો પડ્યો હતો. એક સમય એવો પણ આવ્યો હતો કે પૈસાના અભાવે ફિલ્મ બંધ કરવી પડી હતી. આ પછી તેમણે વીર સાવરકરની બાયોપિક માટે ભંડોળ પૂરું પાડવા મુંબઈમાં પિતાની મિલકતો વેચી દીધી. તે જ સમયે તેમણે આ ફિલ્મ માટે ઘણું વજન પણ ઘટાડ્યું હતું. વીર સાવરકરનું પાત્ર ભજવવા માટે તેઓ દિવસભર બદામ પર જ જીવતા હતા.

BeerBiceps પોડકાસ્ટને આપેલા એક ઈન્ટરવ્યૂમાં રણદીપે ફિલ્મની જર્ની વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે આખી દુનિયાએ આ ફિલ્મ જોવી જોઈએ અને માત્ર દક્ષિણપંથી વિચારો સુધી મર્યાદિત ન રહેવું જોઈએ. વધુમાં કહ્યું હતું કે, હું આ ફિલ્મ ગત વર્ષે 15 ઓગસ્ટે રિલીઝ કરવા માગતો હતો. આ વર્ષે 26 જાન્યુઆરીએ રિલીઝ કરવાનું પણ આયોજન હતું, પરંતુ એવું બન્યું નહીં.

મારી પાસે જે હતું તે બધું મેં આ પ્રોજેક્ટમાં મૂક્યું. આમ છતાં સમસ્યાનો અંત આવ્યો ન હતો કારણ એ છે કે આ પ્રોજેક્ટ સાથે અગાઉ જે ટીમ સંકળાયેલી હતી તે ક્વોલિટી ફિલ્મ બનાવવા-નો ઈરાદો નહોતો. તેઓ માત્ર ફિલ્મો બનાવવા માગતા હતા. અમે ફિલ્મના નિર્માણ દરમિયાન નાણાકીય પડકારોનો પણ સામનો કર્યો. પિતાએ મારા ભવિષ્ય માટે મુંબઈમાં 2-3 પ્રોપર્ટી ખરીદી હતી, જે મેં વેચીને એ કિંમત ફિલ્મોમાં રોકી હતી. ફિલ્મને કોઈએ સમર્થન આપ્યું નહીં, પરંતુ આ પછી પણ હું અટક્યો નહીં.



### રણદીપ નબળાઈના કારણે પડી જતો હતો

રણદીપે બોડી ટ્રાન્સફોર્મેશન વિશે પણ વાત કરી હતી. આ રોલ માટે પોતાનું વજન 60 કિલો કરી દીધું હતું. પરંતુ શુટિંગ દરમિયાન વજન જાળવી રાખવાનું વધુ મુશ્કેલ હતું. વધુમાં કહ્યું, પહેલાં હું માત્ર પાણી, બ્લેક કોફી અને ગ્રીન ટી લેતો હતો. પછી મેં મારા ડાયટમાં ચીલા, ડાર્ક ચોકલેટ અને બદામ ઉમેર્યા. આ કારણે મને ઊંઘ ન આવી. સેટ પર પડી જતો હતો. એકવાર ઘોડા પર સવારી કરતા તે બેભાન થઈને પડી ગયો. જેના કારણે ઘૂંટણમાં પણ ઈજા થઈ હતી. રણદીપે આગળ કહ્યું- માત્ર હું જ જાણું છું કે તે પછી મેં મારું વજન કેવી રીતે ઘટાડ્યું અને તે પણ લંગડા પગથી. હું આખા દિવસમાં માત્ર એક ચમચી બદામનું માખણ, એક ચમચી નારિયેળનું તેલ, બે બદામ ખાતો હતો.

# વિરાટ કોહલીએ તોડ્યો ગેલનો રેકોર્ડ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 10મી મેચમાં 17મી સીઝનનો એક મહત્ત્વપૂર્ણ રેકોર્ડ તૂટ્યો. કોલકાતા નાઈટ રાઈડર્સે હોમ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 7 વિકેટે હરાવ્યું હતું. અગાઉની 9 મેચમાં માત્ર હોમ ટીમો જ જીતી શકી હતી. પ્લેયર ઓફ ધ મેચ સુનીલ નરેને પોતાની T20 કારકિર્દીની 500મી મેચ રમી હતી. RCBના વિરાટ કોહલીએ IPLમાં પોતાની 52મી ફિફ્ટી ફટકારી, આ ઈનિંગમાં 4 સિક્સર સામેલ છે. આ સાથે તે IPLમાં ટીમ તરફથી સૌથી વધુ સિક્સર મારનારો ખેલાડી પણ બની ગયો છે. તેણે ક્રિસ ગેલનો રેકોર્ડ તોડ્યો હતો. નરેન 500 T-20 રમનારો ચોથો ખેલાડી બન્યો કોલકાતા નાઈટ રાઈડર્સના ઓલરાઉન્ડર સુનીલ નરેન શુક્રવારે તેની T20 કારકિર્દીની 500મી મેચ રમી હતી. આવું કરનાર તે માત્ર ચોથો ખેલાડી બન્યો. તેની પહેલાં વેસ્ટ ઈન્ડીઝના કિરોન પોલાર્ડ અને ડ્વેન બ્રાવોએ આ સિદ્ધિ મેળવી હતી. પાકિસ્તાનના શોએબ મલિકે પણ પોતાની T-20 કારકિર્દીમાં 542 મેચ રમી છે. RCBના વિરાટ કોહલીએ શુક્રવારે સિક્સર ફટકારી હતી. તેણે IPLમાં 241 સિક્સ પણ ફટકારી હતી.



# વિરાટ-ગંભીર વિવાદ ભૂલાવી એકબીજાને ભેટ્યા 2 જીવનદાન પછી પણ કેચ આઉટ થયો મેક્સવેલ



**ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં શુક્રવારે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ને 7 વિકેટે હરાવ્યું. પૂર્વ આરસીબી કેપ્ટન વિરાટ કોહલી અને કેકેઆરના મેન્ટર ગૌતમ ગંભીર બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં એકબીજાને ગળે લગાવતા જોવા મળ્યા હતા. ગત સિઝનમાં બંને વચ્ચે ઝઘડો થયો હતો. આરસીબીના ગ્લેન મેક્સવેલને 2 જીવન મળ્યું પરંતુ તે તેનો ફાયદો ઉઠાવી શક્યો નહીં અને અંતે કેચ આઉટ થયો. હર્ષિત રાણાએ તેને ફાફ ડુ પ્લેસિસ સામે સિક્સર ફટકાર્યા બાદ બીજા જ બોલ પર પેવેલિયન મોકલી દીધો હતો.**

## સિક્સર ફટકાર્યા બાદ હર્ષિતે ડુ પ્લેસિસને પેવેલિયન મોકલ્યો

બેંગલુરુની બેટિંગ દરમિયાન ફાફ ડુ પ્લેસિસે બીજી ઓવરના પાંચમા બોલ પર સિક્સર ફટકારી હતી. બોલિંગ કરી રહેલા હર્ષિત રાણાએ બોલ ઓફ સ્ટમ્પની બહાર ફેંક્યો હતો પરંતુ ડુ પ્લેસિસે સ્કૂપ શોટ વડે 6 રન બનાવ્યા હતા. બીજા જ બોલે હર્ષિતે એ જ સ્ટમ્પ પર ધીમી બોલિંગ કરી, ડુ પ્લેસિસે ફરીથી તેને સ્કૂપ કર્યો પરંતુ શોર્ટ ફાઈન લેગ પર મિશેલ સ્ટાર્કના હાથે કેચ થયો. ડુ પ્લેસિસે 6 બોલમાં 8 રન બનાવ્યા હતા.

**મેક્સવેલને 2 જીવનદાન મળ્યા બાદ કેચ આઉટ થયો :** RCBનો વિસ્ફોટક બેટર ગ્લેન મેક્સવેલ 2 જીવનદાન મળવાનો ફાયદો ઉઠાવી શક્યો ન હતો. 13મી ઓવરના બીજા બોલ પર રમનદીપ સિંહે ડીપ મિડ-વિકેટ પોઝિશન પર તેનો કેચ છોડ્યો. આ સમયે તે 12 રન પર બેટિંગ કરી રહ્યો હતો. સુનીલ નારાયણ અહીં બોલિંગ કરી રહ્યો હતો. 14મી ઓવરમાં સુનીલ નારાયણે ફરીથી શોર્ટ થર્ડ મેન પોઝિશન પર મેક્સવેલનો આસાન કેચ છોડ્યો. હર્ષિત રાણાની બોલિંગથી તેને જીવનદાન મળ્યું, મેક્સવેલ ત્યારે 21 રનના સ્કોર પર બેટિંગ કરી રહ્યો હતો.

**મેચ વચ્ચે વિરાટ અને ગંભીર ગળે મળ્યા :** આરસીબીના બેટર વિરાટ કોહલી અને કેકેઆરના મેન્ટર ગૌતમ ગંભીર મેચ દરમિયાન ગળે મળતા જોવા મળ્યા હતા. આરસીબીની બેટિંગ દરમિયાન ડ્રિંક્સ બ્રેક દરમિયાન આવું બન્યું હતું. મેચ પુરી થયા બાદ બંનેએ હાથ મિલાવ્યા અને ફરી એકબીજાને ગળે લગાવ્યા. મેચ સમાપ્ત થયા બાદ ગૌતમ ગંભીર અને વિરાટ કોહલી ગળે ભેટ્યા હતા. મેચ સમાપ્ત થયા બાદ ગૌતમ ગંભીર અને વિરાટ કોહલી ગળે ભેટ્યા હતા,

**શ્રેયસે વિનિંગ સિક્સ ફટકારી :** કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન શ્રેયસ અય્યરે છગ્ગો ફટકારીને ટીમને જીત તરફ દોરી હતી. મયંક ડાગરે 17મી ઓવરના પાંચમા બોલ પર શોર્ટ પીચ ફેંકી હતી. શ્રેયસ બેકફૂટ પર ગયો અને મિડ-વિકેટ તરફ સિક્સર ફટકારી. શ્રેયસે 24 બોલમાં 39 રન બનાવ્યા હતા.

બંને એકબીજાને ગળે ભેટવું એટલા માટે ખાસ છે કારણ કે ગયા વર્ષે આ બંને ખેલાડીઓ વચ્ચેની દલીલ હેડલાઈન્સ બની હતી. તે સમયે વિરાટ આરસીબીનો ભાગ હતો પરંતુ ગંભીર લખનૌ સુપર જાયન્ટ્સનો મેન્ટર હતો.

# કોલકાતા પોલિસે હાર્દિક પંડ્યાને કહ્યો 'ધોખેબાજ'

IPL 2024માં મુંબઈ ઈન્ડિયન્સની શરૂઆત સારી રહી નથી. ટીમ સતત બે મેચ હારી છે. પરંતુ આ મેચોમાં હાર્દિક પંડ્યાની આગેવાની હેઠળની ટીમે વિરોધી ટીમને જોરદાર ટક્કર આપી હતી, પરંતુ હાર્દિક પંડ્યા પોતાને કેપ્ટન તરીકે સાબિત કરી શક્યો નથી અને તેને સતત ટ્રોલર્સનો સામનો કરવો પડી રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સના ફેન્સ હાર્દિક પંડ્યાને કેપ્ટન તરીકે જોવા તૈયાર નથી. રોહિત શર્માની જગ્યાએ હાર્દિકને કેપ્ટન બનાવવાના નિર્ણયથી ફેન્સની સાથે સાથે ઘણા ક્રિકેટ નિષ્ણાતો પણ નિરાશ છે. IPL 2024ની શરૂઆત પહેલા જ હાર્દિક પંડ્યાને સતત ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન કોલકાતા પોલીસે QR કોડ કૌભાંડને રોકવા માટે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં તેણે હાર્દિક પંડ્યાને છેતરપિંડી કરનાર તરીકે દર્શાવ્યો છે. કોલકાતા પોલીસે પોસ્ટ શેર કરતી વખતે QR કોડ કૌભાંડ વિશે લોકોને જાગૃત કરવા માટે રોહિત શર્મા અને હાર્દિક પંડ્યાનું ઉદાહરણ આપ્યું છે. પોલીસે શેર કરેલી તસવીરમાં એક QR કોડ દેખાઈ રહ્યો છે, જેમાં લખેલું છે.

# આ સીઝનમાં હોમ મેચ હારનારી આઈપીએલની ટીમ બની RCB



કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ-2024 (IPL)માં સતત બીજી જીત હાંસલ કરી છે. ટીમે વર્તમાન સિઝનની 10મી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ને 7 વિકેટે હરાવ્યું હતું. આ સિઝનમાં યજમાન ટીમની આ પ્રથમ હાર છે. આ પહેલાં યજમાન ટીમે સતત 9 મેચ જીતી હતી. બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે શુક્રવારે કોલકાતાએ 16.5 ઓવરમાં 3 વિકેટે 183 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. શ્રેયસ અય્યર 39 રન બનાવીને અણનમ અને રિંકુ સિંહ 5 રન બનાવીને અણનમ પરત ફર્યા હતા. જ્યારે વેંકટેશ અય્યરે 50 રનની મહત્વની ઈનિંગ્સ રમી હતી, જ્યારે સુનીલ નારાયણે 47 રન અને ફિલ સોલ્ટે 30 રનની ઈનિંગ રમી હતી. યશ દયાલ, મયંક ડાગર અને વિજયકુમાર વૈશાખને એક-એક વિકેટ મળી હતી. પ્રથમ બેટિંગ કરતા RCBએ 20 ઓવરમાં 6 વિકેટે 182 રન બનાવ્યા હતા. RCB તરફથી વિરાટ કોહલીએ 59 બોલમાં 83 રનની ઈનિંગ રમી હતી. તેણે 4 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા. લીગમાં 52મી ફિફ્ટી ફટકારી. તેના સિવાય કેમરૂન ગ્રીને 33 અને ગ્લેન મેક્સવેલે 28 રનનું યોગદાન આપ્યું હતું. કોલકાતા તરફથી આન્દ્રે રસેલ અને હર્ષિત રાણાને 2-2 વિકેટ મળી હતી.

# રિયાન મેચ પહેલા ત્રણ દિવસ સુધી પથારીમાં હતો:તાવ આવવાના કારણે પેઇનકિલર્સ લીધી



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ગુરુવારે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ હતી. રાજસ્થાન રોયલ્સે આ મેચ 12 રને જીતી લીધી હતી. આ મેચની જીતનો હીરો રિયાન પરાગ રહ્યો હતો. તેણે 45 બોલમાં 7 ચોગ્ગા અને 6 છગ્ગાની મદદથી 84 રનની અણનમ ઈનિંગ રમી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કર્યો હતો.
અવોર્ડ મેળવ્યા બાદ પરાગે ખુલાસો કર્યો કે તે છેલ્લા ત્રણ દિવસથી પથારીમાં છે અને પેઈન કિલર લઈ રહ્યો છે. જોકે, તેણે પેઈન કિલર લેવાનું કારણ જણાવ્યું ન હતું. પરાગે મેચ બાદ કહ્યું, 'ભાવનાઓ હવે કાબૂમાં છે, માતા અહીં છે, તેમણે છેલ્લા 3-4 વર્ષમાં મારો સંઘર્ષ જોયો છે. હું જાણું છું કે હું મારા વિશે શું વિચારું છું. ભલે હું 0 પર આઉટ થઈ જાઉં કે નોટઆઉટ રહું, તે બદલાશે નહીં. મારી ડોમેસ્ટિક સિઝન સારી હતી અને તે મદદ કરે છે.' રાજસ્થાન રોયલ્સે ટૉસ હારીને પ્રથમ બેટિંગ કરતા 184 રન બનાવ્યા હતા અને દિલ્હી કેપિટલ્સને 185 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જ્યારે દિલ્હી કેપિટલ્સની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને માત્ર 173 રન બનાવી શકી હતી. આ રીતે રાજસ્થાને 12 રને મેચ જીતી લીધી હતી.

# ચાલુ મેચમાં અમ્પાયર અને પોન્ટિંગ વચ્ચે દલીલ થઇ

**નવી દિલ્હી તા 30**

ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024ની 9મી મેચમાં રાજસ્થાન રોયલ્સ (RR) એ દિલ્હી કેપિટલ્સ (DC)ને 12 રનથી હરાવ્યું. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હીએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને 20 ઓવરમાં 5 વિકેટે 185 રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હી 20 ઓવરમાં 5 વિકેટે 173 રન જ બનાવી શકી હતી. ઋષભ પંતે ફ્રેન્ચાઈઝી માટે પોતાની 100મી મેચ રમી હતી. તેને ટીમ તરફથી સ્પેશિયલ જર્સી મળી હતી. તેમજ, બીજી ઈનિંગમાં, દિલ્હીના કોચ પોન્ટિંગે ઈમ્પેક્ટ પ્લેયરના નિયમને લઈને અમ્પાયર સાથે દલીલ કરી હતી, જેના કારણે બે વાર મેચ રોકવામાં આવી હતી. તેમજ, ધ્રુવ જુરેલ સ્કૂપ શોટ રમવાના ચક્કરમાં ક્લીન બોલ્ડ થયો હતો. ટોપ મોમેન્ટ્સ



1.પંતને સ્પેશિયલ જર્સી મળી ઋષભ પંત દિલ્હી કેપિટલ્સ માટે 100 મેચ રમનાર પ્રથમ ખેલાડી બન્યો. મેચ પહેલા તેને તેના સાથી ખેલાડીઓએ સ્પેશિયલ જર્સી આપી હતી. જર્સી પર પંતના નામની સાથે 100 લખેલું હતું. પંતે 2016માં IPLમાં ડેબ્યૂ કર્યું હતું. તે જ વર્ષે તેણે U19 વર્લ્ડ કપમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું. તેની પ્રથમ સિઝન સિવાય તેણે દર વર્ષે 300થી વધુ રન બનાવ્યા છે. દિલ્હીના અન્ય કોઈ બેટ્સમેને પંત કરતાં વધુ રન બનાવ્યા નથી.

# બેંગલુરુની ટીમ વારંવાર કરી રહી છે 3 મોટી ભૂલો, નહીં સુધરે તો...

**નવી દિલ્હી તા 30**

વિરાટ કોહલીની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને કોલકાતા સામે કારમી હારનો સામનો કરવો પડ્યો છે. IPL 2024ની 10મી મેચમાં કોલકાતાએ બેંગલુરુને 7 વિકેટે હરાવ્યું છે. આ સીઝનમાં આરસીબીની આ બીજી હાર છે. આ સિઝનની બીજી મેચ ભલે બેંગલુરુએ જીતી લીધી હતી, પરંતુ આ મેચમાં પણ RCBની હાર નિશ્ચિત હતી. અંતે, દિનેશ કાર્તિક અને મહિપાલ લોમરોરની તોફાની ઈનિંગ્સના કારણે બેંગલુરુએ આ મેચ જીતી લીધી. આ હાર પાછળની ખાસ વાત એ છે કે બેંગલુરુ એ જ 3 ભૂલો વારંવાર કરી રહ્યું છે, જેના કારણે તેને હારનો સામનો કરવો પડી રહ્યો છે. જો RCB હવે આ ભૂલને નહીં સુધારે તો પ્લેઓફનો રસ્તો ઘણો મુશ્કેલ બની જશે. ચાલો જાણીએ RCBની તે 3 ભૂલો શું છે. અનુભવી બેટ્સમેને સુધારો કરવો જોઈએ



ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીની ધીમી ઈનિંગ RCBની હારનું સૌથી મોટું કારણ છે. આ સિઝનની પ્રથમ મેચમાં કિંગ કોહલીએ 20 બોલમાં 21 રનની ઈનિંગ રમી હતી.

# SRHનું વધ્યું ટેન્શન: દિગ્ગજ ખેલાડી થયો ઈજાગ્રસ્ત, વાપસીને લઈને સસ્પેન્સ

**હૈદરાબાદ તા 30**

સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ હાલની સીઝનમાં એક નવા કેપ્ટન અને નવા કોમ્બિનેશનની સાથે અલગ જ લયમાં જોવા મળી રહી છે. પહેલી 2 મેચમાંથી 1 મેચ ટીમે જીતી છે પણ સાથે જ બંને ટીમમાં તેમનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. પણ ટીમ માટે એક માઠા સમાચાર છે. હૈદરાબાદે આઈપીએલ 2024ના ઓક્શનમાં એક દિગ્ગજ ખેલાડીને ખરીદ્યો હતો પણ તે ખેલાડી હજુ પણ ટીમ સાથે જોડાઈ શક્યો નથી. તે ક્યારે પરત આવશે તેને લઈને પણ સસ્પેન્સ છે. તેના ઈજાગ્રસ્ત થવાની જાણકારી સામે આવી છે. આ ખેલાડીનું નામ છે વાનિંદુ હસરંગા, જે શ્રીલંકાની ટી20 ટીમના કેપ્ટન પણ છે. વાનિંદુ હસરંગાની વાપસીને લઈને બબાલ

હાલમાં શ્રીલંકા ક્રિકેટે તેને 4 ટી20 ઈન્ટરનેશનલના બેનથી બચાવવા માટે અચાનક રિટાયરમેન્ટથી પરત બોલાવીને સ્ક્વોડમાં પસંદ કર્યો હતો. આ સાથે તેને



એન્કલ ઈન્જરી થયું હોવાનું જાણવા મળ્યું. આ સમયે હસરંગાના મેનેજરે માહિતિ આપી અને કહ્યું કે તે જલ્દી કે થોડા દિવસો બાદ જોઈન કરશે. એટલે સ્પષ્ટ નથી કે ત્યાં સુધીમાં વાપસી કરશે. શું રૂપિયા છે ન આવવાનું કારણ

ઉલ્લેખનીય છે કે હસરંગાને ફ્રેન્ચાઈઝીએ 1.5 કરોડના બેઝ પ્રાઈઝમાં ખરીદ્યો હતો. જ્યારે આરસીબીમાં 2022 અને 2023માં ખેલાડીને 10.75 કરોડ રૂપિયા મળતા હતા. જો કે આરસીબીએ તેને રીલિઝ કરી દીધો. આવા અનેક કિસ્સા સામે આવ્યા જેમાં કેટલાક ખેલાડીઓએ ઓક્શનમાં ઓછા રૂપિયા મળવાના કારણે પોતાનું નામ પાછું લીધું છે. તેને લઈને હસરંગાની ટીમે કહ્યું કે આ વાત ખોટી છે. જો રૂપિયા મહત્ત્વના હોત તો અમે બેઝ પ્રાઈઝ 2 કરોડની રાખી હોત. તેમના એન્કલનું ધ્યાન રાખવું જરૂરી છે. તે એક નેશનલ ટીમના કેપ્ટન પણ છે. હાલમાં જે વાત છે તેના કારણે ટીમને નુકસાન થઈ રહ્યું છે. તેઓ રિપ્લેસમેન્ટ પણ પસંદ કરી શકતા નથી કેમકે હસરંગાની વાપસીને લઈને કોઈ ચોક્કસ વાત કહેવામાં આવી નથી. ફ્રેન્ચાઈઝીના અધિકારી આ મુદ્દે કંઈ કહી રહ્યા નથી. એવામાં સમાચાર એવા છે કે 31 માર્ચે હસરંગા દુબઈ આવશે અને ચેકઅપ કરાવશે. ડોક્ટરની સલાહ અનુસાર તેમને આઈપીએલની ટીમમાં લેવા કે નહીં તેનો નિર્ણય લેવામાં આવશે. પણ તે આઈપીએલમાં પહોંચશે.

# શાહીન આફ્રિદીનું પત્તું કપાયું! PCB આ ખેલાડીને બનાવશે પાકિસ્તાનનો કપ્તાન

**પાકિસ્તાન તા 30**

પાકિસ્તાન ક્રિકેટમાં સતત બદલાવ જોવા મળી રહ્યા છે. ODI વર્લ્ડકપ 2023 બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને કેપ્ટનશિપમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા હતા. બાબર આઝમને વ્હાઈટ બોલ ક્રિકેટ (ODI અને T20)ના સુકાનીપદેથી હટાવી દેવામાં આવ્યો હતો.

આવી સ્થિતિમાં તેણે ટેસ્ટ કેપ્ટનશિપ પણ છોડી દીધી હતી. આ પછી ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીને T20 ઈન્ટરનેશનલની કમાન અને શાન મસૂદને ટેસ્ટ ટીમની કમાન સોંપવામાં આવી હતી. હવે માત્ર એક સીરીઝ બાદ સમાચાર આવી રહ્યા છે કે શાહીન શાન આફ્રિદીને T20 ઈન્ટરનેશનલની કેપ્ટનશિપથી હટાવી શકાય છે. PCB અધ્યક્ષને મળ્યો બાબર આઝમ બાબર આઝમને ફરી એકવાર પાકિસ્તાનની ODI અને T20 ટીમની કેપ્ટનશિપની ઓફર કરવામાં આવી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવી આ અઠવાડિયે બાબર આઝમને મળ્યા હતા. આ દરમિયાન તેણે બાબરને કેપ્ટન બનવાની ઓફર કરી હતી. જોકે, બાબરે હજુ



સુધી કેપ્ટનશિપની ઓફર સ્વીકારી નથી. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો બાબરે સ્પષ્ટ કર્યું છે કે જો તેને તમામ ફોર્મેટની કેપ્ટનશીપ આપવામાં આવશે તો જ તે પરત ફરશે. શાહીન શાહ આફ્રિદીની કપ્તાનીમાં પાકિસ્તાને ન્યુઝીલેન્ડનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસમાં બંને ટીમો વચ્ચે 5 T20 મેચોની સિરીઝ રમાઈ હતી. પાકિસ્તાન આ સિરીઝમાં માત્ર 1 મેચ જીતી શક્યું છે. ન્યૂઝીલેન્ડે પ્રથમ T20 46 રનથી, બીજી 21 રનથી, ત્રીજી 45 રનથી અને ચોથી 7 વિકેટે જીતી હતી.

# KKRના પૂર્વ ખેલાડીએ કોચ પર લગાવ્યા આરોપ, આન્દ્રે રસેલે આપ્યું મોટું નિવેદન

**કોલક્તા 30**

IPL 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ અલગ અંદાજમાં જોવા મળી રહી છે. ટીમમાં ગૌતમ ગંભીરની એન્ટ્રીથી તેનો ઉત્સાહ ઊંચો છે. પ્રથમ મેચમાં ટીમે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે શાનદાર જીત મેળવી હતી.

જે બાદ હવે ટીમને બીજી મેચમાં RCBનો સામનો કરવો પડશે. દરમિયાન, છેલ્લા 24 કલાકમાં કેટલાક સમાચાર સામે આવ્યા છે કે KKRના કોચ ચંદ્રકાંત પંડિત પર



કેટલાક આરોપો લગાવવામાં આવ્યા છે. આ આરોપો તેમના કડક વલણ અને શિસ્ત પ્રત્યેની કડકતાને લઈને લગાવવામાં આવ્યા છે. વાસ્તવમાં, ગત સિઝનમાં KKRનો ભાગ રહેલા નામિબિયાના ખેલાડી ડેવિડ વિઝ એક પોડકાસ્ટમાં કોચ ચંદ્રકાંત પંડિત પર આરોપ લગાવ્યો હતો કે તે ખૂબ જ કડક છે. તેણે એમ પણ કહ્યું કે માત્ર તે જ નહીં પરંતુ ટીમના ઘણા ખેલાડીઓ આ વલણથી ખુશ નથી. હવે આન્દ્રે રસેલે પોતાના કોચનો બચાવ કર્યો છે. તેણે ડેવિડ વિઝના શબ્દો અને તેના આરોપોને પણ સંપૂર્ણ બકવાસ 'ચંદ્રકાંત પંડિત ભારતમાં ખૂબ જ કડક અને આક્રમક કોચ તરીકે ઓળખાય છે.

# શું મુંબઈના ખરાબ પ્રદર્શન બાદ રોહિત ફરીથી સંભાળશે કેપ્ટનશીપ?

**મુંબઈ તા 30**

IPL 2024ની ધમાકેદાર શરૂઆત થઈ ગઈ છે. ફેન્સને દરરોજ રોમાંચક મેચો જોવા મળી રહી છે. IPL 2024 પહેલા પણ મુંબઈ ઈન્ડિયન્સની ટીમે રોહિત શર્માની જગ્યાએ હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો હતો. પરંતુ IPL 2024માં મુંબઈ ઈન્ડિયન્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ટીમ તેની શરૂઆતની બંને મેચ હારી ચૂકી છે. બંને મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના બોલર અને બેટ્સમેનો ખાસ પ્રદર્શન કરી શક્યા ન હતા. હાર્દિક પંડ્યાએ લીધો ચોંકાવનારો નિર્ણય મુંબઈ ઈન્ડિયન્સને તેની પ્રથમ મેચમાં ગુજરાત ટાઈટન્સ સામે 6 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં કેપ્ટન હાર્દિક પંડ્યાએ જસપ્રીત બુમરાહને ઈનિંગની પહેલી ઓવર ન આપી અને પોતે જ બોલિંગ શરૂ કરી દીધી. આ પછી તેણે ટીમના સર્વશ્રેષ્ઠ બોલર બુમરાહને બીજી ઓવર પણ ન આપી. જ્યારે ગુજરાતના બેટ્સમેનોએ વિસ્ફોટક શૈલીમાં 3 ઓવરમાં 27 રન બનાવ્યા હતા.

# લોકો ઈચ્છે છે કે હું...' રિયાન પરાગે ટ્રોલર્સ અંગે કહી મોટી વાત

**રાજસ્થાન તા 30**

રાજસ્થાન રોયલ્સે દિલ્હી કેપિટલ્સને 12 રને હરાવ્યું. આ મેચમાં રિયાન પરાગે રાજસ્થાન રોયલ્સ માટે શાનદાર ઈનિંગ રમી હતી અને રાજસ્થાનની ટીમને પોતાના દમ પર જીત અપાવી હતી. તે ટીમ માટે સૌથી મોટા મેચ વિનર તરીકે ઉભરી આવ્યો હતો. તેના શાનદાર પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેણે 84 રનની ઈનિંગ રમી હતી. આ સવાલ રિયાગ પરાગના પિતાએ કર્યો IPL 2024માં રાજસ્થાન રોયલ્સે તેની પ્રથમ મેચ લખનૌ સુપર જાયન્ટ્સ સામે રમી હતી.



પરંતુ આ મેચ પહેલા જ રિયાન પરાગના પિતા પરાગ દાસે તેમના પુત્રને ફોન કરીને પૂછ્યું હતું કે, શું તમે જાણો છો કે તેઓ તમને કેમ ટ્રોલ કરે છે? રિયાને જવાબ આપતા કહ્યું કે, પપ્પા, લોકોની અપેક્ષાઓ છે અને લોકો ઈચ્છે છે કે હું સફળ થાઉં. જે દિવસે હું સતત રન બનાવીશ. તે દિવસે આ ટ્રોલ્સ મારા નામે ગીત ગાશે. તે દિવસે, રિયાન પરાગના પિતાને લાગ્યું કે આ વર્ષની IPLમાં તેમના પુત્ર માટે ઘણું ભારતીય ટીમ માટે રમ્યો નથી. પરંતુ તે 2019થી IPLમાં રમી રહ્યો છે. તેણે IPL 2020 અને IPL 2021માં પોતાના બેટથી વધારે રન બનાવ્યા ન હતા. પરંતુ તેમ છતાં IPL 2022ની મેગા ઓક્શનમાં રાજસ્થાન રોયલ્સ ટીમે તેને 3.80 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. રિયાગ મોટી હિટ ફટકારી શકે છે. છેલ્લા કેટલાક સમયથી તે સ્થાનિક ક્રિકેટમાં સારું પ્રદર્શન કરી રહ્યો છે. પ્રદર્શન કરી રહ્યો છે.

# ન્યૂયોર્ક : બાઇડેન, ક્લિન્ટન, ઓબામા એક મંચ પર આવ્યા



બાઈડેન પ્રમુખપદની રેસમાં બીજી વાર ચૂંટાઈ આવે તેની નેમ સાથે ડેમોક્રેટ પક્ષ દ્વારા ચૂંટણી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તે અનુસંધાનમાં જ મેનહટ્ટન ખાતે રેડિયો સિટી મ્યુઝિક હોલ ખાતે ભંડોળ એકત્ર કરવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવેમ્બર મહિનામાં યોજાનારી પ્રમુખપદની ચૂંટણી માટે લોકોનો નાણાકીય સહયોગ મેળવવા આ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમના આયોજન વખતે પેલેસ્ટાઈનના સમર્થકોએ કાર્યક્રમ સ્થળની બહાર દેખાવો કર્યા હતા. તે લોકો જોરશોરથી સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. ડેમોક્રેટ પક્ષ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં અઢી લાખ ડોલરનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું. પ્રવક્તાએ કહ્યું હતું કે ટ્રમ્પને સમગ્ર ફેબ્રુઆરી મહિના દરમિયાન પ્રાપ્ત કરેલા ભંડોળ કરતાં પણ આ કાર્યક્રમમાં વધુ રકમનું ભંડોળ એકત્ર થયું હતું. અમેરિકાના 42મા, 44મા અને 46મા પ્રમુખે કાર્યક્રમના પ્રશ્નોત્તરી સેશનમાં ભાગ લેવાનું શરૂ કર્યું તે પહેલાં ગાયિકા ક્વીન લતિફા , લીઝો સહિતના કલાકારોએ મંચ પર કાર્યક્રમ રજૂ કર્યો હતો.

## ન્યૂઝ ટ્રેક

### ચીન ઝટકો આપે તે પહેલાં પાકિસ્તાનની ભારત સાથે ફરી વેપાર શરૂ કરવા

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ગુરુવારે ફરી એક વાર કહ્યું કે તે ભારત સાથે વેપાર માટેના માર્ગો શોધી રહ્યું છે. થોડા દિવસ પહેલાં જ પાકિસ્તાનના નવા વિદેશ મંત્રી ઈસહાક ડારે લંડનમાં એક નિવેદન કર્યું હતું, તેમાં તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન ભારત સાથે વેપાર સંબંધો સ્થાપિત કરવા માટે ગંભીરતાથી વિચાર કરશે. બંને દેશો વચ્ચે ઓગસ્ટ 2019થી વેપાર સ્થગિત છે. ભારતે ઓગસ્ટ 2019માં જમ્મુ-કાશ્મીર રાજ્યને વિશેષ દરજ્જો આપનારી કલમ 370 નાબૂદ કરી દીધી અને તેને કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિભાજિત કરી દીધું હતું. ત્યાર બાદથી પાકિસ્તાને એકતરફી વેપાર બંધ કર્યો હતો. હવે પોતાના મંત્રીના નિવેદન બાબત પાકિસ્તાનના મુમતાઝ બલોચને વેપારી સંભાવનાઓના સમાચારો અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

### 2024ની ઓલિમ્પિક માટે ફ્રાન્સે 45 દેશની સેના, પોલીસની મદદ માગી

વિશ્વની જટીલ ભૂરાજકીય સ્થિતિ અને સુરક્ષા પડકારો વચ્ચે ફ્રાન્સના સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ફ્રાન્સે આગામી પેરિસ ઓલિમ્પિક રમતોના આયોજનમાં સુરક્ષા વ્યવસ્થા માટે 45 વિદેશી દેશોને સૈન્ય, પોલીસ અને સિવિલિયન લોકોને મદદ માટે ઉપલબ્ધ કરાવવા કહ્યું છે. આગામી ઉનાળામાં આયોજીત થનારી પેરિસ ઓલિમ્પિક રમતો માટે અને સુરક્ષા દળના જવાનો, 20 હજાર ખાનગી સુરક્ષા કર્મીઓ અને લગભગ 15000 સૈન્ય કર્મીઓને સુરક્ષા વ્યવસ્થામાં ખડકવાની યોજના છે. કતારમાં રમાયેલા ગત ફૂટબોલ વર્લ્ડકપ વખતે ફ્રાન્સે સ્થાનિક સત્તાધીશોને સ્નિફર ડોગ્સ અને એન્ટી ડ્રોન પર્સોનલના રૂપમાં સૈન્ય સહાયતા ઉપલબ્ધ કરાવી હતી. ફ્રાન્સ સરકાર અને આંતરિક બાબતોના મંત્રાલયના સૂત્રો અનુસાર લગભગ 45 દેશોને ગત જાન્યુઆરીમાં વિનંતી કરવામાં આવી હતી.

### ન્યૂયોર્ક કન્જેશન ટોલ લાદનારું અમેરિકાનું સૌપ્રથમ શહેર બન્યું

ન્યૂયોર્ક શહેરમાં ટ્રાવેલિંગ કરવું આમ તો પહેલેથી જ બહુ મોંઘું છે પણ હવે ન્યૂયોર્કના ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં કાર, બસ અને ટ્રક જેવા વાહનોની એન્ટ્રી પર સત્તાવાળાઓએ 15 ડોલરથી લઈને 36 ડોલર સુધીનો કન્જેશન ટોલ લાદતાં મેનહટનના સૌથી વ્યસ્ત વિસ્તારમાં પ્રવેશ વધુ મોંઘો બનશે. કન્જેશન ટોલ વસૂલવાનું જૂન મહિનાના મધ્યભાગથી શરૂ કરાશે. આ ટોલ લાદવા માટે ન્યૂયોર્કની મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી (એમટીએ) દ્વારા બુધવારે વોટિંગ કરાવાયું હતું, જેમાં ટોલ લાદવાની તરફેણમાં 11 અને વિરુદ્ધમાં માત્ર એક વોટ પડયો હતો. કન્જેશન ટોલનો હેતુ લોકોને જાહેર પરિવહનના વધુ ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવાનો તેમજ મિડટાઉન તથા લોઅર મેનહટનમાં ટ્રાફિકનું ભારણ ઘટાડી સરવાળે પ્રદૂષણ ઘટાડવાનો છે. કન્જેશન ટોલથી એક અબજ ડોલરથી વધુ રકમ ઊભી કરવાનું એમટીએનું આયોજન છે, જે રકમ સબવે સ્ટેશનોના રિનોવેશન પાછળ ખર્ચાશે. આ સ્ટેશનોને વધુ એક્સેસીબલ બનાવાશે.

## દેશો વચ્ચેના સંબંધોનું મહત્વ વ્યક્ત કર્યું હતું અને પાકિસ્તાનને અમેરિકાના સમર્થનની વાત કરી હતી.

# પાક. માટે પ્રેમ, ભારત માટે ઝેર!: બાઇડને શાહબાઝને પત્ર લખીને કહ્યું-'હમ સાથ-સાથ હૈ




**વોશિંગ્ટન/ઈસ્લામાબાદ તા 30**

પાકિસ્તાનમાં ફેબ્રુઆરીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણી પછી શુક્રવારે પહેલીવાર અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડને પાકિસ્તાનના નવા પીએમ શાહબાઝ શરીફને પત્ર લખ્યો હતો. જેમાં તેમણે બંને દેશો વચ્ચેના સંબંધોનું મહત્વ વ્યક્ત કર્યું હતું અને પાકિસ્તાનને અમેરિકાના સમર્થનની વાત કરી હતી. પત્રમાં બાઇડને લખ્યું, 'આપણી ભાગીદારી વિશ્વભરના લોકો અને ક્ષેત્રની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. વૈશ્વિક અને ક્ષેત્રીય પડકારોનો સામનો કરવા માટે અમેરિકા હંમેશા પાકિસ્તાનની સાથે ઉભું રહેશે.' તે જ સમયે, આ પ્રથમ વખત છે જ્યારે બાઇડને પાકિસ્તાનમાં ચૂંટણી પછી કોઈ વડાપ્રધાન સાથે વાત કરી હોય. વર્ષ 2018માં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને ચૂંટણી જીતી હતી. ધ એક્સપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, અમેરિકી રાષ્ટ્રપતિએ ત્યારે તેમની સાથે વાત કરી ન હતી. આ પછી, જ્યારે વર્ષ 2022માં ઈમરાનની સરકાર પડી ગયા પછી શાહબાઝ શરીફે સરકાર બનાવી, ત્યારે પણ બાઇડને તેમનો સંપર્ક કર્યો ન હતો.બાઇડને પોતાના પત્રમાં લખ્યું છે કે, પાકિસ્તાન સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. બંને દેશો સાથે મળીને તેમના નાગરિકો વચ્ચે વધુ મજબૂત ભાગીદારી અને વધુ સારા સંબંધો બનાવશે.

## ઈમરાને કહ્યું- અમેરિકાએ પોતાની ભૂલ સુધારવી જોઈએ



પૂર્વ પીએમ ઈમરાન ખાને પણ 15 ફેબ્રુઆરીએ પાકિસ્તાનની જેલમાંથી અમેરિકાને સંદેશ મોકલ્યો હતો. ખાને કહ્યું હતું કે, 'અમેરિકાએ હંમેશા સરમુખત્યારો અને ભ્રષ્ટ લોકોને સમર્થન આપ્યું છે. હવે તેમની પાસે પાકિસ્તાનની ચૂંટણીમાં ધાંધલધમાલનો વિરોધ કરીને પોતાની ભૂલો સુધારવાનો મોકો છે. અમેરિકાએ પાકિસ્તાનની ચૂંટણીઓ સામે પહેલા અવાજ ઉઠાવવો જોઈતો હતો, પરંતુ તેમણે આવું કર્યું નથી.'

## પાકિસ્તાનની ચૂંટણીમાં ધાંધલધમાલના આરોપો પર ચિંતા વ્યક્ત કરી હતી

બાઈડને પોતાના પત્રમાં લખ્યું છે કે, અમેરિકા માનવ અધિકારોના વિકાસ અને સંરક્ષણ માટે પાકિસ્તાન સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. બંને દેશો સાથે મળીને તેમના નાગરિકો વચ્ચે વધુ મજબૂત ભાગીદારી અને વધુ સારા સંબંધો બનાવશે. આ પહેલા 15 માર્ચે પાકિસ્તાનમાં અમેરિકી રાજદૂતે પાકિસ્તાનને અમેરિકાનો મહત્વપૂર્ણ ભાગીદાર ગણાવ્યો હતો. તેમણે આશા વ્યક્ત કરી કે પાકિસ્તાનની નવી સરકાર દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે અમેરિકા સાથે કામ કરશે. પાકિસ્તાનમાં ફેબ્રુઆરીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણી બાદ જ અમેરિકાના ઘણા ધારાસભ્યોએ ચૂંટણીમાં ધાંધલધમાલ થવાની આશંકા વ્યક્ત કરી હતી. તેમણે આ મામલે નિષ્પક્ષ તપાસની માગ કરી હતી. આ દરમિયાન અમેરિકાના 33 સાંસદોએ પણ રાષ્ટ્રપતિ બાઈડનને પત્ર લખીને પાકિસ્તાનની નવી સરકારને માન્યતા ન આપવાની અપીલ કરી હતી. જોકે, પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે અમેરિકાની ચિંતાઓને પાયાવિહોણી ગણાવીને ચૂંટણીમાં ગોટાળાના અહેવાલોને ફગાવી દીધા હતા.

# અમેરિકન બ્રિજ દુર્ઘટના- US મેગેઝિનમાં ભારતીયોનું જાતિવાદી કાર્ટૂન

**બાલ્ટીમોર તા 30**

અમેરિકાના બાલ્ટીમોરમાં ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ સાથે જહાજ અથડાયા બાદ ભારતીય ક્રૂનાં વખાણ થઈ રહ્યાં છે. અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડને ક્રૂની પ્રશંસા કરી અને કહ્યું હતું કે તેમના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. આ દરમિયાન એક અમેરિકન કંપની ફોક્સફોર્ડ કોમિક્સે ભારતીય ક્રૂનું એક વાંધાજનક કાર્ટૂન શેર કર્યું છે. આ જાતિવાદી કાર્ટૂનમાં ભારતીય ક્રૂ-મેમ્બરોને માત્ર લંગોટ પહેરેલા બતાવવામાં આવ્યા છે. તેઓ આવનારા ભયથી ચિંતિત દેખાય છે. કાર્ટૂનમાં એક ઓડિયો પણ જોડવામાં આવ્યો છે, જેમાં કેટલાક લોકો ભારતીય બોલીમાં અપશબ્દો કહેતા સાંભળવા મળે છે. ફોક્સફોર્ડ કોમિક્સે સોશિયલ મીડિયા પર કાર્ટૂન શેર કર્યું, જેમાં લખ્યું, 'પુલ સાથે ટકરાતાં પહેલાં ડાલી જહાજનું રેકોર્ડિંગ.' કાર્ટૂનના બેકગ્રાઉન્ડમાં એક જહાજ ફ્રાન્સિસ સ્કોટ બ્રિજ સાથે અથડાઈ રહ્યું છે અને પુલ તૂટી રહ્યો દેખાય છે. આ કાર્ટૂન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વાઈરલ થઈ રહ્યું છે. 40 લાખથી વધુ લોકોએ એને જોયું છે, જ્યારે 4 લાખથી વધુ લોકોએ એને રી-ટ્વીટ કર્યું છે. જોકે આ કાર્ટૂનની ભારે ટીકા થઈ રહી છે.

ભારતીય ઈકોનોમિસ્ટ સંજીવ સાન્યાલે કાર્ટૂન શેર કર્યું અને લખ્યું, 'જહાજ ચલાવનાર કેપ્ટન ભારતીય નહીં, પરંતુ બાલ્ટીમોર વિસ્તારનો હતો. ક્રૂએ પહેલાંથી જ અધિકારીઓને જોખમની જાણ કરી દીધી હતી, જેના કારણે ઘણા લોકોના જીવ બચાવી શકાયા હતા. મેરીલેન્ડના મેયર આ માટે ભારતીય ક્રૂને હીરો પણ કહ્યા છે. જોકે આગામી 5 મિનિટમાં જહાજ પુલ સાથે અથડાય એ પહેલાં ભારતીય ક્રૂએ સમજદારી દાખવી અને ટ્રાફિક ઓથોરિટીને જોખમ અંગે જાણ કરી આવ્યો હતો. ક્રૂએ જહાજની ગતિ ધીમી કરવા માટે એન્કર પણ છોડી દીધું હતું.

# બ્રિટનમાં વસવાનું સપનું તૂટતાં ભારતીયો અમેરિકા-કેનેડામાં નોકરી શોધવા લાગ્યા

બ્રિટનમાં નવા વિઝા નિયમોને કારણે ભારતીયોનું બ્રિટનમાં વસવાટ કરવાનું સપનું રોળાઈ ગયું છે. અત્યારે અહીં સ્કિલ્ડ વિઝા પર કામ કરી રહેલા લગભગ 8.50 લાખ ભારતીયમાંથી 2 લાખ જેટલા લોકોએ અન્ય દેશોમાં વસવાનો નિર્ણય કરી લીધો છે. વાતચીતમાં કેટલાય લોકોએ હવે બ્રિટનથી અમેરિકા, કેનેડા અને ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડમાં નોકરી શોધવાની વાત કરી હતી.પીડા... '15 વર્ષની મહેનત વેડફાઈ ગઈ, હવે બીજા દેશમાં જવું પડશે' માન્ચેસ્ટરની એક હોટલના આસિસ્ટન મૅનેજર પુનિત શર્માનું કહેવું છે કે સારું જીવન જીવવા માટે અહીં 15 વર્ષ સુધી સંઘર્ષ કર્યો. એકાએક સરકારે નવો આદેશ કર્યો. શર્માનું કહેવું છે કે હોટલમાલિક 41 હજારનો પગાર નહીં કરે. સમગ્ર પરિવાર તણાવમાં છે. હવે નોકરી માટે બીજા દેશ જવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

# આસિફા ભુટ્ટો પિતાની ખાલી પડેલી સીટ પર બિનહરીફ વિજેતા જાહેર


**પાકિસ્તાન તા 30**

પાડોશી દેશ પાકિસ્તાનની પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોની નાની દીકરી આસિફા ભુટ્ટો ઝરદારી બિનહરીફ તરીકે સંસદ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યાં છે. આસિફાએ સિંધ પ્રાંતના શહીદ બેનઝીરાબાદ વિસ્તારની એન-એ-207 સીટ માટે પેટાચૂંટણીમાં ઝંપલાવ્યું હતું.આ સીટ આસિફાના પિતા આસિફ અલી ઝરદારી રાષ્ટ્રપતિ બની જતા આ બેઠક ખાલી પડી હતી. આ વિસ્તારના ચૂંટણી અધિકારી તરફથી નોટિફિકેશન પ્રસિદ્ધ થયા બાદ ત્રણ ઉમેદવારે નામ પરત લીધા બાદ આસિફા બિનહરીફ તરીકે ચૂંટાઈ આવ્યાં હતાં. નામ પરત લેનાર ઉમેદવારોમાં અબ્દુલ રસૂલ બ્રોહી, અમાનુલ્લાહ અને મેરાજ અહમદ સામેલ હતા. આસિફાની પ્રતિક્રિયા સંસદમાં બિનહરીફ ચૂંટાયા પર આસિફા ભુટ્ટો ઝરદારીની પ્રતિક્રિયા પણ છે. આસિફાએ કહ્યું કે તે આભારી અને સન્માનિત છે. સોશિયલ સાઈટ X પર પોસ્ટ કરતાં તેણીએ કહ્યું, 'હું રાજકીય જોડાણને ધ્યાનમાં લીધા વિના, સમર્પણ સાથે અને મારી શ્રેષ્ઠ ક્ષમતાથી મારા મતવિસ્તારની સેવા કરવાનું વચન આપું છું.' આસિફા જનતા વચ્ચે કામ કરતી હતી નોંધનીય છે કે, આસિફા રાજનીતિ અને સમાજશાસ્ત્રમાં સ્નાતક છે અને ગ્લોબલ હેલ્થ એન્ડ ડેવલપમેન્ટમાં અનુસ્નાતક છે. આસિફાએ શરૂઆતમાં વર્ષ-2012માં પોલિયો નાબૂદી માટે ગુડવિલ એમ્બેસેડર તરીકે કામ કર્યું હતું.

# PAK આતંકવાદી હુમલા બાદ ચીની નાગરિકો ગભરાયા

**ઈસ્લામાબાદ તા 30**

પાકિસ્તાનના શાંગલા જિલ્લામાં ચીની એન્જીનિયરોની બસ પર ત્રણ દિવસ પહેલાં આત્મઘાતી હુમલો અને તેમાં 5 એન્જીનિયરોના માર્યા ગયા બાદ ચીની કર્મચારીઓમાં ભયમાં છે. મોટી સંખ્યામાં કર્મચારીઓએ પોતાના ઓફિસરોએ કહી દીધું છે કે હવે પાકિસ્તાનમાં કામ કરી શકશો નહીં. તે પછી ચીને ખૈબર પખ્તૂનખ્વામાં ત્રણ પુલ નિર્માણ યોજનાઓનું કામ બંધ કરાવી દીધું છે. સાથે જ તેઓ પોતાના 1500 નાગરિકોને ત્યાંથી બહાર કાઢી રહ્યા છે. પાકિસ્તાની અધિકારીઓએ આ અંગે સૂચના આપી છે. ત્રણેય યોજનાઓ 9860 મેગાવોટની છેચીને હાલમાં પાકિસ્તાનમાં તેમના 3 ડેમ પ્રોજેક્ટ બંધ કરી દીધા છે. સ્થાનિક કર્મચારીઓને આગામી આદેશો સુધી ઘરે જવા કહ્યું 320 મેગાવોટ પાવર ક્ષમતાનો દાસુ ડેમ પ્રોજેક્ટ કોહિસ્તાન જીલ્લામાં છે. તે પ્રાંતીય રાજધાની પેશાવરથી 350 કિમી દૂર છે. માર્યા ગયેલા એન્જિનિયરો આ સ્થળના હતા. 741 ચાઈનીઝ અને 6,000 સ્થાનિક કર્મચારીઓ છે. ચીનના નાગરિકોને




ત્યાંથી બહાર કાઢવામાં આવી રહ્યા છે. સ્થાનિક કામદારોને આગામી આદેશ સુધી ઘરે જવા માટે કહેવામાં આવ્યું છે. પ્રોજેક્ટના એક અધિકારીએ ભાસ્કરને જણાવ્યું કે હુમલા બાદ ચીની કામદારો ડરી ગયા હતા. તેણે તેના ઉપરી અધિકારીઓને કહ્યું કે તે આગળ કામ કરી શકશે નહીં. આ વર્ષે એક પ્રોજેક્ટ પૂર્ણ થવાનો છે

મોહમંદ ડેમઃ સ્વાત નદી પર સ્થિત ડેમ આ વર્ષે પૂર્ણ થવાનો છે. 740 મેગાવોટ જળવિદ્યુત ઉત્પન્ન થશે. ચીનના 250 કર્મચારીઓ કામ કરી રહ્યા છે. દાસુ ડેમ: આ 2025માં પૂર્ણ થવાનો છે. દિયામેર-બાશા ડેમ: સિંધુ નદી પર 2029 સુધીમાં બાંધવામાં આવશે. ક્ષમતા 4,800 મેગાવોટ. અહીં 500 ચીની કર્મચારીઓ છે. સૂત્રોનું કહેવું છે કે દાસુ અને દિયામેર-બાશા ડેમમાંથી ચીની નાગરિકોને સૈન્ય હેલિકોપ્ટર દ્વારા અથવા કર્ફ્યુ લાદવામાં આવતા રોડ દ્વારા બહાર કાઢવામાં આવશે. આ પહેલા મંગળવારે હુમલા બાદ ચીને તરબેલા ડેમ એક્સટેન્શન 5નું કામ અટકાવી દીધું હતું. ત્યારબાદ દાસુ, દિયામેર-બાશા અને મોહમંદ ડેમનું કામ પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. આ સ્થળો પરથી ચીનના નાગરિકો શનિવાર સુધી ચીન જઈ શકશે. તે પછી ચીને ખૈબર પખ્તૂનખ્વામાં ત્રણ પુલ નિર્માણ યોજનાઓનું કામ બંધ કરાવી દીધું છે. સાથે જ તેઓ પોતાના 1500 નાગરિકોને ત્યાંથી બહાર કાઢી રહ્યા છે. પાકિસ્તાની અધિકારીઓએ આ અંગે સૂચના આપી છે. ત્રણેય યોજનાઓ 9860 મેગાવોટની છે.

# યુક્રેને યુદ્ધ રોકવા માટે ભારત પાસે મદદ માંગી: યુક્રેનના વિદેશ મંત્રી કુલેબા જયશંકરને મળ્યા

**યુક્રેન તા 30**

યુક્રેનના વિદેશ મંત્રી દિમિત્રો કુલેબા શુક્રવારે રાત્રે વિદેશ મંત્રી એસ જયશંકરને મળ્યા હતા. બંનેએ રશિયા-યુક્રેન યુદ્ધનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા બાબતે ચર્ચા કરી હતી. યુક્રેનના વિદેશ મંત્રી કુલેબા 28 માર્ચે બે દિવસની મુલાકાતે ભારત આવ્યા હતા. બીજા દિવસે તેઓ વિદેશ મંત્રી જયશંકર અને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર વિક્રમ મિસરીને મળ્યા હતા. સંબંધોને મજબૂત કરવા પર પણ ચર્ચા થઈ હતી બંને નેતાઓ વચ્ચે ભારત અને યુક્રેનના સંબંધો પર ચર્ચા થઈ હતી. તેઓએ વેપાર, રોકાણ, વિજ્ઞાન, ટેક્નોલોજી, સંરક્ષણ, કૃષિ, આરોગ્ય, શિક્ષણ અને સંસ્કૃતિને લગતા ક્ષેત્રોમાં સહકાર વધારવા અંગે પણ ચર્ચા કરી હતી.

યુક્રેન એ પૂર્વ સોવિયેત દેશ છે. આવી સ્થિતિમાં યુક્રેનની સ્થાપના બાદથી તેના ભારત સાથે કોઈ ખાસ સંબંધો નથી. હાલના સમયમાં યુક્રેન સાથે ભારતના સંબંધોમાં નોંધપાત્ર



સુધારો થયો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ જી7 બેઠક દરમિયાન જાપાનમાં પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. એક દિવસ પહેલા કહ્યું- ભારત-રશિયા સંબંધોનું કોઈ ભવિષ્ય નથી 28 માર્ચે કુલેબાએ એનડીટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'ભારત અને રશિયા વચ્ચેના સંબંધો સોવિયેત યુગનો વારસો છે. સોવિયત સંઘ ખતમ થઈ ગયું છે અને તેથી બંને દેશો વચ્ચેના સંબંધોનું કોઈ ભવિષ્ય નથી. હું માનું છું કે ભારત અને યુક્રેન ભારતના સંબંધોનું ભવિષ્ય સારુ હોઈ શકે છે, પરંતુ જો ભારત અને રશિયા આટલા નજીક છે તો તેઓ તેનો ઉપયોગ મોસ્કોના વર્તનને પ્રભાવિત કરવા માટે કરી શકે છે. વૈશ્વિક સ્તરે ભારતનો અવાજ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને યુક્રેનમાં શાંતિ માટે અમને તેમની જરૂર છે.' પીએમ મોદીએ પુતિન અને ઝેલેન્સકીને ફોન કર્યો હતો ેડા દિવસ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે ફોન પર વાત કરી હતી. બંને નેતાઓ સમક્ષ યુદ્ધ પર ભારતના વલણ બાબતે વાત કરતા તેમણે કહ્યું કે આ મુદ્દાને રાજદ્વારી અને વાતચીત દ્વારા ઉકેલવો જોઈએ. આ દરમિયાન પુતિન અને ઝેલેન્સકીએ મોદીને લોકસભા ચૂંટણી બાદ પોતપોતાના દેશોની મુલાકાત લેવાનું આમંત્રણ પણ આપ્યું હતું

# બ્રાઝિલના પૂર્વ રાષ્ટ્રપતિ બોલ્સોનારોને સુપ્રીમ કોર્ટથી ઝટકો

**બ્રાઝિલ તા 30**

બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે બોલ્સોનારોના વકીલની અરજી ફગાવી દીધી હતી ઈઝરાયલના પીએમ સાથે બોલ્સોનારોની બેઠક હોવાથી પાસપોર્ટની સુપ્રીમ પાસે માંગ કરી હતી બોલ્સોનારો સામે વર્ષ-2022ની ચૂંટણીના પરિણામો અંગેનો કેસ ચાલી રહ્યો છે બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે પૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોને મોટો ઝટકો આપ્યો છે. કોર્ટે બોલ્સોનારોનો પાસપોર્ટ પરત કરવાની તેના વકીલોની વિનંતીને ફગાવી દીધી છે જેથી તે ઈઝરાયેલની મુસાફરી કરી શકે. બોલ્સોનારોના વકીલે શુક્રવારે જણાવ્યું હતું કે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ બોલ્સોનારોને મે મહિનામાં યોજાનારી એક કાર્યક્રમમાં આમંત્રણ આપ્યું છે. તેથી પૂર્વ રાષ્ટ્રપતિનો પાસપોર્ટ પરત કરવામાં આવે. પ્રોસીક્યુટર જનરલ ઓફિસે અગાઉ તેના અભિપ્રાયમાં કહ્યું હતું કે બોલ્સોનારોનો પાસપોર્ટ તેને દેશ છોડતા અટકાવવા માટે લેવામાં આવ્યો હતો. આ વાતને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એલેક્ઝાન્ડર ડી મોરેસે કહ્યું કે જે વ્યક્તિની તપાસ ચાલી રહી છે તેના પરનો પ્રતિબંધ સમય પહેલા ઉઠાવવો યોગ્ય નથી. આ કારણથી પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો નોંધનીય છે કે ફેડરલ પોલીસે ફેબ્રુઆરીમાં એક દરોડામાં પૂર્વ રાષ્ટ્રપતિ બોલ્સોનારોનો પાસપોર્ટ જપ્ત કર્યો હતો. તેમના પર વર્ષ-2022ની ચૂંટણીના પરિણામોની અવગણના કરવા અને હારેલા નેતાને સત્તામાં રાખવા માટે બળવો કરવાનો આરોપ છે.બ્રાઝિલમાં રાષ્ટ્રપતિની ચૂંટણી વર્ષ-2022માં ઓક્ટોબરમાં યોજાઈ હતી. આ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં બોલ્સોનારોનો પરાજય થયો હતો. લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાના નેતૃત્વમાં ડાબેરી પક્ષે ચૂંટણી જીતી હતી. લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ ત્રીજી વખત બ્રાઝિલના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.

# પાકિસ્તાનમાં ભાઈએ બહેનની ઘરમાં કરી હત્યા:મા-બાપ જોતા રહ્યા

**ઈસ્લામાબાદ તા 30**

પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ટોબા ટેક સિંહમાં એક ભાઈએ પોતાની બહેનનું મોઢું ઓશીકા વડે દબાવીને હત્યા કરી નાખી. યુવતીનો આખો પરિવાર તેને જોતો રહ્યો જ્યારે કોઈએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો નહીં. પાકિસ્તાનના મીડિયા હાઉસ જિયો ન્યૂઝના જણાવ્યા અનુસાર આ ઘટના બુધવારે બની રહી છે. મહિલાનું નામ મારિયા છે. જ્યારે એક ભાઈ તેને મારી રહ્યો હતો ત્યારે બીજા ભાઈએ તેનો વીડિયો બનાવ્યો હતો. વીડિયોમાં મારિયાના પિતા પણ ત્યાં બેઠેલા જોવા મળે છે. જો કે, તેણે એક વખત પણ તેની પુત્રીને બચાવવાનો પ્રયાસ કર્યો ન હતો. જિલ્લા પોલીસ અધિકારી ઈબાદત નિસારના જણાવ્યા અનુસાર, મારિયા પરિણિત નહોતી અને તે ગર્ભવતી બની હતી. તેના સંબંધ એક સંબંધી સાથે હતા. આ પછી જ મારિયાના ભાઈઓએ તેની હત્યા કરવાનો પ્લાન બનાવ્યો.

સોશિયલ મીડિયા પર આ તસવીર મારિયાની હોવાનું કહેવાય છે. પોલીસે બંને ભાઈ અને પિતાની ધરપકડ કરી હતી મારિયા ગર્ભવતી હતી કે નહીં અને તેનું મોત ક્યા કારણે થયું તે જાણવા ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે. પૂછપરછ કરી. આ દરમિયાન તેણે કહ્યું કે મારિયાના બંને ભાઈઓએ તેને મારી નાખવાની ધમકી આપી હતી. આથી તેણે મારિયાના મૃત્યુ અંગે પોલીસને કંઈ જણાવ્યું ન હતું. હાલ પોલીસે બંને ભાઈઓ અને મારિયાના પિતાની ધરપકડ કરી લીધી છે. મારિયાની હત્યા કર્યા બાદ પરિવારના સભ્યોએ તેને ઘરની પાછળ દફનાવી દીધી હતી. વીડિયો વાયરલ થયા બાદ પોલીસે મારિયાની હત્યાની તપાસ શરૂ કરી હતી.

# સૃજનિકા દ્વારા કવિતા વાંચન અને ચર્ચાના પરિસંવાદમાં સાર્થક સાહિત્યિક ચર્ચા થઇ

(એજન્સી) મુંબઇ

મુંબઈથી પ્રકાશિત થતા અગ્રણી સાહિત્યિક સામયિક "સૃજનિકા" દ્વારા આયોજિત "કવિતા વાંચન અને ચર્ચા" નો પરિસંવાદ, શુક્રવાર, 29 માર્ચ, 2024 ના રોજ મુંબઈ યુનિવર્સિટીના જેપી નાઈક ઓડિટોરિયમ, કાલીના કેમ્પસમાં એક ગૌરવપૂર્ણ સમારંભમાં સમાપ્ત થયો. મોટી સંખ્યામાં ઉપસ્થિત સાહિત્યકારો, સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ અને વિદ્યાર્થીઓની સામે ડો. દીપા, સંતોષ કુમાર ઝા અને રાજેશ કુમાર સિન્હાએ તેમના તાજેતરમાં પ્રકાશિત થયેલા કાવ્ય પુસ્તકો "દીપાંજલિ", "ફૂલ, કલામ ઔર બંધુક" અને "મેરે ખ્વાબોં કા" પસંદ કર્યા. અનુક્રમે શાઝાર.

નવી દિલ્હીથી આવેલા જાણીતા કવયિત્રી ડો. દીપાની કવિતાઓની સમીક્ષા રજૂ કરતી વખતે હિન્દુસ્તાન પેટ્રોલિયમના સિનિયર મેનેજર આરતી જાડિયાએ જણાવ્યું હતું કે તેમની રચનાઓ વાંચીને તેઓ ખૂબ જ ભાવુક થઈ ગયા હતા. પિતા સાથેના સંબંધો અને સંબંધની તીવ્રતા પર કેન્દ્રિત કવિતાઓ વાંચ્યા પછી લાગે છે કે ડૉ.દીપા જેવી સંવેદનશીલ કવયિત્રી પોતાની લાગણીઓના આધારે સરળ ભાષામાં કવિતા લખે છે ત્યારે વાચકો તેને તરત જ સ્વીકારી લે છે. આરતીએ વધુમાં જણાવ્યું હતું કે, કવયિત્રીએ તેમના પુસ્તક "દીપાંજલિ"માં સમાજમાં મહિલાઓની સ્થિતિ, પ્રેમની સ્વયંસ્ફુરિત અભિવ્યક્તિ અને સોશિયલ મીડિયાની ખરાબ અસરો પર અસ્ખલિત કવિતાઓ લખી છે. જાણીતા સ્ટેજ પ્રેઝન્ટર અને "સૃજનિકા"ના સહ-સંપાદક આનંદ પ્રકાશ સિંઘે તેમની આગવી અને ઉત્તમ શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પ્રસિદ્ધ કવિ અને કોંકણ રેલ્વેના નિર્દેશક સંતોષ કુમાર ઝાના પુસ્તક "ફૂલ, કલામ ઔર ગુંક"માં સંકલિત કવિતાઓ પર પોતાની ટિપ્પણી વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે સંતોષજીની રચનાઓ જોઈએ તો આ કવિતાઓ આપોઆપ હૃદયમાં પ્રવેશ કરે છે અને અસર કરે છે. આખું શરીર, તે લોહીની નસોમાં



ફેલાય છે અને પછી તેની કવિતાઓ તેની નહીં પણ આપણી જેવી લાગે છે. સરળ ભાષા અને ધારદાર અભિવ્યક્તિ સાથે, સંતોષજી ઉચ્ચ કક્ષાના કવિઓની યાદીમાં સામેલ છે. જાણીતા શિક્ષણવિદ અને વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. દયાનંદ તિવારીએ સંતોષ કુમાર ઝાની કવિતાઓ પર વિવેચનાત્મક સંબોધન કરતાં જણાવ્યું હતું કે કાવ્યસંગ્રહ "ફૂલ, કલામ ઔર ગુણ"માં સંકલિત કવિતાઓ જીવનના વિવિધ પાસાઓને ઉત્તમ રીતે સમજાવે છે. . "નેમ પ્લેટ" કવિતાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આ કવિતા દ્વારા કવિએ કુશળતાપૂર્વક સત્ય બતાવ્યું છે કે મહત્ત્વના પદ પર કામ કરતી વ્યક્તિએ સરળ અને સરળ રહીને કામ કરવું જોઈએ, તો જ તે સમાજમાં અનુકરણીય બની શકે છે, અન્યથા સ્થિતિ ખોવાઈ જશે.તેનાથી દૂર ગયા પછી, તેની ઓળખ ખોવાઈ જાય છે. મુંબઈ યુનિવર્સિટીના અનુસ્નાતક વર્ષના વિદ્યાર્થી સર્વેશ યાદવે સંપૂર્ણ તૈયારી સાથે રાજેશ કુમાર સિંહાના કાવ્ય સંગ્રહ "મેરે ખ્વાબોં કા શઝાર" પર તેમની સમીક્ષા રજૂ કરી. ઉપસ્થિત શ્રોતાઓએ આ ચર્ચા પ્રસ્તુતિ માટે સર્વેશ યાદવની નિખાલસતાથી પ્રશંસા કરી અને કહ્યું કે તેમણે રાજેશ જીની કવિતાઓની સમીક્ષા સંપૂર્ણ જાગૃતિ અને પ્રતિબદ્ધતા સાથે તૈયાર કરી છે. આ પ્રસંગે કવિ અને ગઝલ ગાયક જબ્બાર હુસૈને પોતાની ગઝલનું ઉત્કૃષ્ટ શૈલીમાં પઠન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. લોકપ્રિય કવયિત્રી શ્વેતા ચતુર્વેદીની કવિતાઓ પણ ખૂબ પસંદ કરવામાં આવી હતી. દૂરદર્શન સાથે સંકળાયેલા અને માનનીય રાષ્ટ્રપતિ દ્વારા સંગીત નાટક અકાદમી પુરસ્કારથી સન્માનિત શ્રીમતી શૈલેષ શ્રીવાસ્તવે હોળી પર તેમનું વિશેષ ગીત આનંદી રીતે ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. આ પ્રસંગે હિન્દુસ્તાન પેટ્રોલિયમના અધિકારી અને કવિ ઉત્કર્ષના કાવ્ય સંગ્રહ "પૂર્વાંહ"નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. તેમણે તેમની કવિતાઓ પણ વાંચી. કાર્યક્રમની પ્રસ્તુતિ કરતી વખતે "સૃજનિકા" ના તંત્રી અને વરિષ્ઠ લેખક ડો. અમરીશ સિંહાએ જણાવ્યું હતું કે લેખકોમાં સાહિત્યિક ચેતનાની આગ પ્રજ્વલિત રાખવા માટે આવા સેમિનારોનું આયોજન સૃજનિકાના સંકલ્પોમાં સમાવિષ્ટ છે. ઉલ્લેખનીય છે કે આ પહેલ કરવામાં આવી રહી છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ દ્વારા આયોજિત. આ પ્રસંગે સેમિનારમાં ભાગ લેનાર તમામ લેખકોના કાવ્યોના પુસ્તકોની નકલો ખરીદીને મુંબઈ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં વહેંચવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓ "શ્રીજનિકા" ના આ નવતર પ્રયાસથી ખૂબ જ ખુશ હતા અને દરેકે મેગેઝીનના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ન્યૂઝ કોર્નર

### કેજરીવાલની ધરપકડનો મુદ્દો જર્મનીથી વાયા અમેરિકા થઇ યુએનમાં પહોંચ્યો

નવી દિલ્હી : દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડનો મુદ્દો રાજધાનીથી આગળ વધી વિદેશમાં પહોંચી ગયો છે. આ મુદ્દા પર પહેલાં જર્મની, પછી અમેરિકા અને હવે સંયુક્ત રાષ્ટ્રે નિવેદન કર્યું છે. યુએને ભારતને સ્વતંત્ર અને નિષ્પક્ષ વાતાવરણમાં મતદાનની અપીલ કરી છે. અરવિંદ કેજરીવાલ મુદ્દે ભારતે જર્મની અને અમેરિકા સમક્ષ આકરું વલણ અપનાવવા છતાં હવે યુએન પણ આ વિવાદમાં કૂદી પડયું છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અંગે હવે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટારેસના પ્રવક્તાએ આશા વ્યક્ત કરી છે કે ભારત અને જે પણ દેશમાં ચૂંટણી થઈ રહી છે ત્યાંના લોકોના રાજકીય અને નાગરિકોના અધિકારોનું રક્ષણ થાય. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને કોંગ્રેસ પક્ષના ખાતા ફ્રીઝ થવા મુદ્દે સંયુક્ત રાષ્ટ્રની ટીપ્પણી આવી છે.

### ચૂંટણીમાં 238 વખત પરાજય છતાં હાર માનવા તૈયાર નથી આ 'નેતા', ફરી નોંધાવી ઉમેદવારી

(એજન્સી) નવી દિલ્હી

ચૂંટણીમાં જીતનારની વાત તો દરેક લોકો કરે છે, પરંતુ શું તમે દુનિયાના સૌથી વધારે ચૂંટણી હારનાર વિશે જાણો છો? હા, આ આપણા દેશના જ નાગરિક છે અને અત્યાર સુધીમાં 238 ચૂંટણી હારી ચૂક્યા છે. તેમનું નામ કે. પદ્મરાજન છે. હવે તેઓ વધુ એક લોકસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે. કપાળ પર તિલક, ખભા પર પીળા રંગનું વસ્ત્ર, રુઆબદાર મૂંછ... આ છે 65 વર્ષના પદ્મરાજનની ઓળખ. હારી ગયા પછી પણ તેઓ ખુશ છે.

પદ્મરાજન મૂળ તો તમિલનાડુનો છે, અને તે ટાયર રિપેર કરવાની દુકાન ચલાવે છે. તેમણે 1988માં તમિલનાડુમાં તેમના હોમ ટાઉન મેટ્ટુરથી ચૂંટણી લડવાની શરૂઆત કરી હતી. જ્યારે પણ તેઓ ચૂંટણી લડતા મેદાનમાં ઉતરતા ત્યારે લોકો હસવા લાગ્યા હતા. જો કે, તેનાથી બેફિકર રહી પદ્મરાજન કહેતા કે, તેઓ સાબિત કરવા માંગે છે કે સામાન્ય માણસ પણ ચૂંટણી લડી શકે છે. તેઓ કહે છે કે, તમામ ઉમેદવારો જીતવા માટે ચૂંટણી લડે છે પરંતુ હું નહીં.

## કોંગ્રેસે કોલારથી વધુ એક ઉમેદવારનું નામ જાહેર કર્યું

# આ વખતે કોંગ્રેસે રાજસ્થાન અને કર્ણાટકના કુલ 5 ઉમેદવારોના નામ જાહેર કર્યા

(એજન્સી) નવી દિલ્હી

દેશમાં લોકસભા ચૂંટણી 2024નું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. ચૂંટણીમાં રાજકીય પક્ષો સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગયા છે. એક પછી એક પક્ષો દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી રહી છે. આ ક્રમમાં કોંગ્રેસે ઉમેદવારોની 9મી યાદી બહાર પાડી. ચાલો જાણીએ આ યાદીમાં કોના નામા સામેલ છે? કોંગ્રેસે અત્યાર સુધીમાં 211 ઉમેદવારોને ટિકિટ આપી છે.

આ નવમી યાદીમાં કોંગ્રેસે રાજસ્થાન અને કર્ણાટકમાં લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. પાર્ટીએ કર્ણાટકમાં ત્રણ અને રાજસ્થાનમાં 2 સીટો માટે યાદી જાહેર કરી છે. પાર્ટીએ રાજસ્થાનના ભીલવાડાથી પોતાનો ઉમેદવાર પણ બદલ્યો છે. પૂર્વ વિધાનસભા સ્પીકર સીપી જોશી હવે ભીલવાડાથી ચૂંટણી લડશે. અગાઉ દામોદર ગુર્જરને ભીલવાડાથી મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા, પરંતુ હવે તેમને રાજસમંદ ખસેડવામાં આવ્યા છે.

દામોદર ગુર્જર રાજસ્થાનની રાજસમંદ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. અગાઉ કોંગ્રેસે રાજસમંદથી સુદર્શન સિંહ રાવતને પોતાના ઉમેદવાર બનાવ્યા હતા, પરંતુ તેમણે ટિકિટ પરત કરી હતી. જેના કારણે કોંગ્રેસે ઉમેદવાર બદલવાનો નિર્ણય કર્યો હતો. પાર્ટીએ કર્ણાટકના બેલ્લારીથી ઇ તુકારામ, ચામરાજનગરથી સુનીલ બોઝ અને ચિક્કાબલ્લાપુરથી રક્ષા રામૈયાને ટિકિટ આપી છે.

નવમી યાદી જાહેર કર્યા બાદ થોડા સમય બાદ કોંગ્રેસે ફરી એકવાર ટ્વિટ કરીને કર્ણાટકની 28- કોલાર (SC) લોકસભા બેઠક માટે ઉમેદવારના નામની જાહેરાત કરી હતી. અહીંથી કે.વી.ગૌતમને ચૂંટણી મેદાને ઉતારવામાં આવશે.

# ચૂંટણીપંચનું ફરમાન, 'EXIT POLL' પર આ તારીખ અને સમયથી પ્રતિબંધ, નોટિફિકેશન જાહેર કરી

(એજન્સી) નવી દિલ્હી

લોકસભાની ચૂંટણીની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. એક તરફ રાજકીય પક્ષો તનતોડ મહેનત કરી રહ્યા છે તો બીજી તરફ ચૂંટણી પંચ પણ તેમાં કોઈ કસર છોડવા માંગતું નથી. આ ક્રમમાં ચૂંટણી પંચે વધુ એક જાહેરનામું બહાર પાડ્યું છે. નવી સૂચના અનુસાર, 19 એપ્રિલના રોજ સવારે 7 વાગ્યાથી 1 જૂનના રોજ સાંજે 6:30 વાગ્યા સુધી કોઈપણ પ્રકારના એક્ઝિટ પોલ પર પ્રતિબંધ મૂકાશે. આ સમયગાળા દરમિયાન કોઈ એક્ઝિટ પોલ હાથ ધરવામાં આવશે નહીં કે તેને પ્રકાશિત અથવા જાહેર પણ કરી શકાશે નહીં.

ચૂંટણી પંચે એક્ઝિટ પોલને લઈને જાહેરનામું બહાર પાડ્યું છે. આ સૂચના અનુસાર, 19 એપ્રિલના રોજ સવારે 7 વાગ્યાથી 1 જૂનના રોજ સાંજે 6:30 વાગ્યાની વચ્ચે એક્ઝિટ પોલ આયોજિત કરવા, પ્રકાશિત કરવા અથવા પ્રચાર કરવા પર પ્રતિબંધ છે. લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે આ પ્રકારનું નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ પહેલા પણ દેશભરમાં આચારસંહિતા લાગુ થઈ ચૂકી છે. ચૂંટણી પંચે લોકસભા ચૂંટણી સહિત વિવિધ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની તારીખો પણ જાહેર કરી દીધી છે.આ જ સમયગાળા દરમિયાન લોકસભા સિવાય ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણી માટે અલગ-અલગ તબક્કામાં મતદાન થશે. ગુરુવારે જારી કરાયેલા નોટિફિકેશનમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે લોકપ્રતિનિધિત્વ અધિનિયમની જોગવાઈઓ હેઠળ, મતદાનના નિષ્કર્ષ માટે નિર્ધારિત સમય સાથે સમાપ્ત થતા 48 કલાકના સમયગાળા દરમિયાન કોઈપણ ઈલેક્ટ્રોનિક મીડિયામાં કોઈપણ જાહેર અભિપ્રાય અથવા કોઈપણ અન્ય ચૂંટણી સર્વેક્ષણ, સર્વે પરિણામો સહિત આવી કોઈપણ ચૂંટણી સામગ્રી પ્રકાશિત કરવા પર પ્રતિબંધ રહેશે.

## 13,693 85વર્ષથી વધુ વયના તથા 13,743 દિવ્યાંગ મતદારો મતદાન કરશે

# તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે હવે 'વિવાદિત કાર્ટૂન' મુદ્દે બબાલ, ચૂંટણી પંચ સમક્ષ કરાઇ ફરિયાદ

(એજન્સી) નવી દિલ્હી

લોકસભા ચૂંટણીને લઈને બંગાળમાં શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસ અને મુખ્ય વિપક્ષ ભાજપ વચ્ચે વીડિયો વોર બાદ હવે એક કાર્ટૂન યુદ્ધ છેડાઈ ગયુ છે. તૃણમૂલે શુક્રવારે પોતાના સત્તાવાર એક્સ હેન્ડલથી એક કાર્ટૂન શેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બંગાળ ભાજપના નેતાઓ પર આકરા પ્રહાર કર્યા. જેની પર ભાજપે આકરો વાંધો વ્યક્ત કર્યો છે.તૃણમૂલે કાર્ટૂન સાથે લખ્યું, ''બંગાળના દ્વાર કિલ્લેબંધ છે અને મુખ્યમંત્રી મમતા બેનર્જી રક્ષા કરી રહી છે. બાહરી ભાજપ જમીનદાર, જે અંદર જવાનો પ્રયત્ન કરી રહ્યું છે, પોતાને ડગમગતા પામશે. જેમના પગ નીચે જમીન નથી. તેમનું જીતવાનું સપનું હાસ્યાસ્પદ છે.''



આ કાર્ટૂનમાં એક મકાનની ઉપર મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ સુપ્રીમો મમતા બેનર્જી ઊભા છે અને તેમની સાથે અમુક મહિલાઓ પણ છે. બીજી તરફ આ મકાનમાં લાગેલી એક વાંસની સીડીના સહારે પીએમ મોદી, બંગાળમાં પાર્ટીના વરિષ્ઠ નેતા અને વિધાનસભામાં નેતા પ્રતિપક્ષ સુવેન્દુ અધિકારી (વચ્ચે) અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને ઉપર ચઢવાનો પ્રયત્ન કરતા દર્શાવવામાં આવ્યા છે.

આમાં મોદી અને શાહના સહારે સુવેન્દુને ચઢવાનો પ્રયત્ન કરતા દર્શાવવામાં આવ્યા છે. જેમાં તમામના પગ ડગમગી રહ્યા છે. જેમાં મકાનની ઉપર ઊભેલા મમતા પોતાનો ડાબો પગ ઉઠાવીને અને હાથથી ભાજપ નેતાઓની તરફ રોકાવાનો ઈશારો કરી રહ્યા છે. સીડીની સૌથી નીચે કોલકાતા હાઈકોર્ટના જજ પદેથી રાજીનામુ આપીને ભાજપમાં સામેલ થનાર તમલુકથી પાર્ટીના ઉમેદવાર પૂર્વ જસ્ટિસ અભિજીત ગંગોપાધ્યાય ઊભેલા જોવા મળી રહ્યા છે.

### સંસદમાં છેલ્લા પાંચ વર્ષમાં આ 10 સાંસદોએ પૂછ્યા કુલ 5643 પ્રશ્નો, મહારાષ્ટ્ર મોખરે

નવી દિલ્હી : દેશમાં લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે, 19 એપ્રિલથી સાત તબક્કાની ચૂંટણી પ્રારંભ થશે. જોકે તે પહેલા ADR દ્વારા સંસદમાં સૌથી વધુ કેટલા અને કયા સાંસદોએ પ્રશ્નો પૂછ્યા, તે અંગેનો રિપોર્ટ જાહેર કરાયો છે. દેશમાં 16 જૂન-2024ના રોજ 17મી લોકસભાનો કાર્યકાળ પુરો થઈ રહ્યો છે. 18મી લોકસભા માટે દેશમાં 19 એપ્રિલથી સાત તબક્કામાં ચૂંટણીનો પ્રારંભ થશે, ત્યારે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને નેશનલ ઈલેક્શન વોચ (NEW) દ્વારા 17 જૂન-2019થી 10 ફેબ્રુઆરી-2024 સુધીમાં સંસદમાં સૌથી વધુ કયાં અને કેટલા સાંસદોએ પ્રશ્નો પૂછ્યા, તે અંગેનો રિપોર્ટ જાહેર કરાયો છે.505 સાંસદો દ્વારા 92,271 પ્રશ્નો પૂછાયા.

## ન્યૂઝ કોર્નર

### કેજરીવાલની ધરપકડના વિરોધમાં દિલ્હીમાં 'ઈન્ડિયા'ની કાલે મહારેલી

નવી દિલ્હી : દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં 'ઈન્ડિયા' ગઠબંધનની મહારેલી રવિવારે યોજાશે. આ રેલીમાં ગઠબંધનના ૧૩ સહયોગી પક્ષો જોડાશે. બીજીબાજુ અરવિંદ કેજરીવાલનાં પત્ની સુનીતા કેજરીવાલે શુક્રવારે 'કેજરીવાલ કો આશિર્વાદ' વોટ્સએપ અભિયાન લોન્ચ કર્યું છે.દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી મહારેલીમાં સુનીતા કેજરીવાલ અને ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનનાં પત્ની કલ્પના સોરેન પણ સંબોધન કરશે. આ સિવાય મહારેલીમાં મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે, આદિત્ય ઠાકરે, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ, ડેરેક ઓ'બ્રાયન, ટી. શીવા, ફારુક અબ્દુલ્લા, ચંપઈ સોરેન, કલ્પના સોરેન, સીતારામ યેચુરી, ડી. રાજા, દીપંકર ભટ્ટાચાર્ય અને ફોરવર્ડ બ્લોકના કેજી દેવરાજન જોડાશે. આ મહારેલીમાં ૨૦૦૦૦થી વધુ લોકો ઉમટી પડશે તેવી ઈન્ડિયા ગઠબંધનને આશા છે.

### બિહારમાં મહાગઠબંધનને બેઠકોની વહેંચણીની જાહેરાત કરી

પટણા : બિહારમાં રાજદના નેતૃત્ત્વવાળા મહાગઠબંધને આજે ગઠબંધનના ઘટક દળો માટે બેઠકોની વહેંચણીની જાહેરાત કરી હતી. બિહારની ૪૦ લોકસભા બેઠકોમાંથી રાજદને ૨૬, કોંગ્રેસને ૯, સીપીઆઇ(એમએલ) લીબરેશનને ૩, સીપીઆઇને ૧ અને સીપીઆઇ (એમ)ને એક બેઠક ફાળવવામાં આવી છે.

રાજદના રાષ્ટ્રીય પ્રવક્તા અને રાજ્યસભા સાંસદ મનોજકુમાર ઝા, રાજ્ય કોંગ્રેસ પ્રમુખ અખિલેશ પ્રસાદ સિંહ અને સીપીઆઇ (એમએલ) લિબરેશન, સીપીઆઇ અને સીપીઆઇ(એમ)ના નેતાઓની હાજરીમાં સીટોની વહેંચણીની જાહેરાત કરવામાં આવી હતી.જો કે આ પત્રકાર પરિષદમાં તેજસ્વી યાદવ હાજર રહ્યાં ન હતાં. ઝાએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે સર્વાનુમતે બેઠકોની વહેંચણીનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે રાજદએ ગયા, ઔરંગાબાદ, જમુઈ અને નવાદા એમ ચાર બેઠકો પર પોતાના ઉમેદવારો અગાઉ જ જાહેર કરી દીધા હતા. આ બેઠકો પર પ્રથમ તબક્કામાં જ મતદાન થવાનું છે.

## ભાજપ કિસાન મોરચાની રાજ્ય કાર્ય સમિતિની બેઠક પૂર્ણ થઇ

# કિસાન મોરચા કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂત કલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડશે

(એજન્સી) જયપુર


ભાજપ કિસાન મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્રસિંહ રાવતની અધ્યક્ષતામાં ભાજપ કિસાન મોરચાની 'રાજ્ય કાર્ય સમિતિની બેઠક' ભાજપ પ્રદેશ કાર્યાલય, જયપુર ખાતે યોજાઈ હતી, જેમાં મોરચાના પ્રદેશ પ્રભારી, લોકસભાના પ્રભારી ડો. , જીલ્લા પ્રમુખ અને જીલ્લા મહામંત્રી, જીલ્લા મીડીયા ઈન્ચાર્જ.અને સોશ્યલ મીડીયા ઈન્ચાર્જે હાજર રહેવું. આ બેઠકમાં મુખ્ય વક્તા, મોરચાના રાષ્ટ્રીય મંત્રી અને મોરચાના રાજ્ય પ્રભારી રામનરેશ તિવારીએ મોરચાના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકને સંબોધતા મોરચાના રાષ્ટ્રીય મંત્રી અને મોરચાના રાજ્ય



પ્રભારી રામનરેશ તિવારીએ કહ્યું કે લોકસભા ચૂંટણી-2024 અંતર્ગત ભાજપ કિસાન મોરચાના દરેક કાર્યકર્તાએ પોતપોતાના લોકસભા મતવિસ્તારમાં સક્રિય રીતે કામ કરવું પડશે. આગામી લોકસભા ચૂંટણી-2024ને ધ્યાનમાં રાખીને તેમણે મોરચાના રાજ્ય અને જિલ્લાના અધિકારીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂત કલ્યાણકારી યોજનાઓને દરેક ઘર સુધી પહોંચાડવા હાકલ કરી હતી. આ માટે 05 એપ્રિલ સુધી બાકી રહેલા 21 લોકસભા મતવિસ્તારોમાં 'લાભાર્થી ખેડૂત કાર્યકર્તા સંમેલન' યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું, આ સંમેલન 4 લોકસભા મતવિસ્તારોમાં યોજવામાં આવ્યું છે.

મોરચાના રાજ્ય મહામંત્રી ડો. બલરામ દૂને રાષ્ટ્રીય અને રાજ્ય સંગઠનો વતી કિસાન મોરચા દ્વારા આયોજિત આગામી કાર્યક્રમો વિશે વિગતવાર માહિતી આપી હતી. આ માટે મોરચા દ્વારા નિયુક્ત કરાયેલા લોકસભાના પ્રભારીઓ અને સંબંધિત જિલ્લાના જિલ્લા પ્રમુખોને એકશન પ્લાન તૈયાર કરીને તેનો અમલ કરવા જણાવાયું હતું. મોરચાના પ્રદેશ મહામંત્રી ઓ.પી. યાદવે નવનિયુક્ત અધિકારીઓનો પરિચય આપી અભિનંદન પાઠવ્યા હતા.

## દાહોદમાં દેવગઢ બારીયાની વાય એસ આર્ટ્સ કોલેજ ખાતે સ્વીપની પ્રવૃત્તિ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



દિપક રાવલ - દાહોદ : લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ અંતર્ગત દાહોદ જિલ્લામાં આગામી ૭ મે ના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણીમાં દાહોદ જિલ્લાના વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ સ્વીપની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મતદાર જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રવૃત્તિઓના માધ્યમથી દાહોદ જિલ્લાના મતદારોને મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. જેના અનુસંધાને વાય એસ આર્ટ્સ કોલેજ દેવગઢ બારીયા ખાતે મતદાન જાગૃતિ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ તેમજ ચૂંટણી અંગેની વિસ્તાર પૂર્વક સમજ આપવામાં આવી હતી તથા જે વિદ્યાર્થીઓ પ્રથમ મતદાર હોય તેઓને બિનચૂક મતદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. એ સાથે જ લોકશાહીનો પાયો મજબૂત બનાવવા માટે તેમના મતની શું કિંમત હોઈ શકે તેની વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી.

## સોનમ વાંગચુક સાથે 1500 લોકો એક દિવસીય ભૂખ હડતાળ પર હતા

# રાહુલ ગાંધી સામે વાયનાડમાં ભાજપે 242 ગુનાઈત કેસનો રેકોર્ડ ધરાવતો ઉમેદવાર ઉતાર્યો

(એજન્સી) નવી દિલ્હી

ભાજપે તેના કેરળ એકમના વડા અને વાયનાડ લોકસભા બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર કે. સુરેન્દ્રનને જાહેર કર્યા છે. સુરેન્દ્રન સામે 242 ગુનાહિત કેસ છે. વાયનાડ સીટ પર સુરેન્દ્રનનો મુકાબલો કોંગ્રેસના વર્તમાન સાંસદ રાહુલ ગાંધી સાથે થશે. કાનૂની જરૂરિયાતો અનુસાર, સુરેન્દ્રને તાજેતરમાં જ પાર્ટીના મુખપત્રમાં તેમના વિરુદ્ધ કેસની વિગતો પ્રકાશિત કરી હતી. તેના ટ્રાયલનો ઉલ્લેખ ત્રણ પાનામાં કરવામાં આવ્યો હતો.

તેવી જ રીતે, બીજેપીના એર્નાકુલમ મતવિસ્તારના ઉમેદવાર કે. એસ.





રાધાકૃષ્ણન સામે લગભગ 211 કેસ છે. સુરેન્દ્રન સામેના કેસ વિશે પૂછવામાં આવતા, પાર્ટીના રાજ્ય મહાસચિવ જ્યોર્જ કુરિયને કહ્યું, 'મોટાભાગના કેસો 2018માં સબરીમાલા વિરોધ સાથે સંબંધિત છે. જ્યારે પાર્ટીના નેતાઓ વિરોધ પ્રદર્શન માટે બોલાવે છે, ત્યારે પોલીસ તે સંદર્ભમાં કેસ નોંધે છે.'

ભાજપના પ્રદેશ પ્રમુખ સામેના કેસોની સંખ્યાની વિગતો આપતા કુરિયને જણાવ્યું હતું કે 237 કેસ સબરીમાલા વિરોધ સાથે સંબંધિત છે, જ્યારે પાંચ કેરળમાં વિવિધ આંદોલનોના સંદર્ભમાં નોંધાયેલા છે. પથાનમથિટ્ટા જિલ્લામાં સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર સુપ્રીમ કોર્ટના આદેશને લાગુ કરવાના કેરળ સરકારના નિર્ણય સામે ભાજપ અને તેની સંલગ્ન સંસ્થાઓએ 2018 માં રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. ભારતના અમુક ભાગ રાષ્ટ્રવાદી થવું ખૂબ જ મુશ્કેલ

કુરિયને કહ્યું કે, 'ઉમેદવારો સામેના કેસોની વિગતો જાહેર કરવી ફરજિયાત છે.' આ ઉપરાંત દરમિયાન ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ બીએલ સંતોષે એક પોસ્ટમાં કહ્યું હતું કે, 'ભારતના અમુક ભાગ રાષ્ટ્રવાદી થવું ખૂબ જ મુશ્કેલ છે.'

રાહુલે 2019માં બે લોકસભા સીટ પરથી ચૂંટણી લડી હતી. યુપીની અમેઠી સીટ પર તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે કેરળની વાયનાડ સીટ પરથી તેઓ જીત્યા હતા. આ વખતે પાર્ટીએ વાયનાડથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે.


## પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો

# મુખ્તાર અન્સારીનું મોત 'ધીમું ઝેર' કે હાર્ટ એટેકને કારણે થયું..? પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં થયો ખુલાસો

(એજન્સી) નવી દિલ્હી

મુખ્તાર અન્સારીનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હતું કે ધીમા ઝેરથી થયું હતું તેનો ખુલાસો થઈ ગયો છે. ગઈકાલે મોડી રાત્રે જાહેર કરાયેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટથી માફિયાથી રાજનેતા બનેલા મુખ્તારના મૃત્યુનું રહસ્ય ખુલ્યું હતું.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ માફિયા મુખ્તારનું મૃત્યુ હાર્ટ એટેકને કારણે એટલે કે કાર્ડિયાક અરેસ્ટને કારણે થયું હતું. ડોનનું વિસરાને સાચવી રાખવામાં આવ્યા છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવશે. આ તપાસમાં સંપૂર્ણ રીતે સ્પષ્ટ થશે કે તેને ઝેર



આપવામાં આવ્યું હતું કે નહીં, કારણ કે મુખ્તાર અંસારીના પરિવારે શંકા વ્યક્ત કરી હતી કે તેમને સ્લો પોઈઝન આપવામાં આવ્યું હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યા બાદ સ્થિતિ એકદમ સ્પષ્ટ થઈ ગઈ છે કે તેમનું મૃત્યુ હૃદયરોગના હુમલાને કારણે થયું હતું. મુખ્તાર અન્સારીનું પોસ્ટમોર્ટમ 5 ડોકટરોની પેનલ દ્વારા કરવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમમાં એક કલાક જેટલો સમય લાગ્યો, જેની વિડિયોગ્રાફી પણ કરવામાં આવી. આ પછી, લગભગ 3 કલાક અન્ય ઔપચારિકતાઓમાં વિતાવ્યા હતા કારણ કે મુખ્તાર અંસારીના પુત્ર ઓમર અંસારીએ પોસ્ટમોર્ટમ પ્રક્રિયા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને બાંદા મેડિકલ કોલેજના ડૉક્ટરો પર અવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેણે દિલ્હી એઈમ્સના ડોક્ટરો પાસે પોસ્ટમોર્ટમની માંગ કરી હતી.

અહેવાલો અનુસાર, લગભગ 5 કલાક સુધી ચાલેલી પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, મુખ્તાર અંસારીના મૃતદેહને તેમના પુત્ર ઉમર અંસારીને સોંપવામાં આવ્યો.

## હરસોલી ગામે સામાન્ય બાબતે ઝઘડો કરી ત્રણને માર માર્યો

ગાંધીનગર | દહેગામમાં હરસોલી ગામે રહેતા એક પરિવારના ત્રણ સભ્યોને સામાન્ય બાબતે ઝઘડો કરી માર મારી શરીરે ઈજાઓ પહોંચાડનાર કુલ છ વ્યક્તિઓ વિરુધ્ધ દહેગામ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. આ બનાવને પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર દહેગામમાં હરસોલી ગામે રહેતા ટીનીબેન દશરથભાઈ રાવળ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓના ઘરે માતાજીનું હવન હોવાથી હવન પૂરું કરી બપોરના સમયે જમવા બેઠા હતા તે સમયે તેમના ફળિયામાં રહેતા ગાંડાભાઈ મોતીભાઈ રાવળ ટીનીબેનના ઘરે આવીને કહેવા લાગ્યા કે અહીં હાજર વિશાલ મારી ભાણીનો પતિ કાળો છે તેવી વાતો કરે છે.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 31 MARCH-2024


## મારી સામેની ફરિયાદ પાછી ખેંચી લે કહી પિતરાઇને ધમકી

ગાંધીનગર | કોબા પાસે સલુન ચલાવતા યુવકની દુકાને આવીને 3 લોકોએ ધમકી આપી હતી. અગાઉની મારામારી બાબતે યુવકના પિતરાઈ ભાઈએ અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. જેને લઈ 3 યુવકો આવ્યા હતા અને ધમકી આપી હતી કે, તારા કાકાના દિકરાને કહી દેજે કે અડાલજમાં આપેલી ફરિયાદ પાછી ખેંચી લે, નહી તો જીવથી હાથ ખોઇ નાખીશ કહેતા યુવક ડરી ગયો હતો અને તેને 3 યુવકો સામે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. મળતી માહિતી મુજબ નરેન્દ્ર ઉર્ફે ગોપાલ વિષ્ણુભાઈ પારેખ (રહે, વાવોલ) કોબા પાટીયા પાસે સલુન ધરાવે છે.



# બસ કેમ મોડી લાવ્યો... AMTS ડેપોમાં ધબધબાટી

## પહેલાં યુવકે ડ્રાઈવરને માર્યો, પછી ડ્રાઈવર-કન્ડક્ટરોએ ભેગા મળીને યુવકને ધોઈ નાખ્યો

(એજન્સી) અમદાવાદ | તા.30

અમદાવાદના લાલ દરવાજા AMTS ડેપોમાં આજે શનિવારે સવાર સવારમાં ધબધબાટી બોલી હતી. એક પેસેન્જર યુવકે બસ ચલાવતા મોટી ઉંમરના ડ્રાઈવરને બસ કેમ મોડી લાવ્યો કહી બોલાચાલી કરી માર માર્યો હતો. તેમજ યુવકે ડ્રાઈવરને ધક્કો મારતા જમીન પર પટકાયા હતા. બાદમાં અન્ય ડ્રાઈવરો અને કન્ડક્ટરોનો પિત્તો ગયો હતો અને યુવકને ધોઈ નાખ્યો હતો. આ સમગ્ર ઘટના મોબાઈલના કેમેરામાં કેદ થઈ છે. પહેલા ઉગ્ર બોલાચાલી થતા ઝપાઝપી થઈ બાદમાં યુવક અને બસના ડ્રાઈવર વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા ઝપાઝપી થઈ હતી. બસ મોડી પડવા મામલે પહેલા બસમાં સવાર યુવકે બસના વૃદ્ધ ડ્રાઈવર સાથે મારામારી કરી હતી. બસના વૃદ્ધ ડ્રાઈવર સાથે યુવકને મારામારી કરતા જોઈને અન્ય ડ્રાઈવર-કન્ડક્ટરો રોષે ભરાયા હતા.



### ઉગ્ર થઈ યુવકે ડ્રાઈવરને બસ સ્પીડમાં ચલાવવાનું કહ્યું

મળતી માહિતી મુજબ, બસ પાંચેક મિનિટ મોડી આવતા બસમાં સવાર યુવકે ઉગ્ર સ્વરમાં ડ્રાઈવરને બસ સ્પીડમાં ચલાવવાનું કહ્યું હતું. યુવક બસના વૃદ્ધ ડ્રાઈવરને આદેશ આપતો હોય તેમ બોલતા બસ ડ્રાઈવરે યુવકને શાંતિથી વાત કરવા કહ્યું હતું. યુવક અને બસના ડ્રાઈવર વચ્ચે ચાલુ બસમાં બોલાચાલી થતી રહી હતી. બાદમાં AMTS બસ લાલ દરવાજા ડેપો પહોંચી હતી, જ્યાં યુવક ડ્રાઈવર સાથે જેમ તેમ બોલતા મામલો બીચક્યો હતો.

# આજે રાજ્યભરમાં ગુજકેટની પરીક્ષા: સવારના 10થી 4 વાગ્યા સુધી 3 સેશનમાં વિદ્યાર્થીઓની કસોટી

## હોલ ટિકિટ સાથે આઇડી કાર્ડ ફરજિયાત

(એજન્સી) અમદાવાદ | તા.30

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઈજનેરી-ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવે છે. બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ છે, ત્યારે હવે આવતીકાલે રાજ્યભરમાં ધોરણ 12 સાયન્સના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા છે. સવારથી બપોર સુધી અલગ-અલગ ત્રણ સેશનમાં ગુજકેટની પરીક્ષા યોજાશે. જેમાં વિદ્યાર્થીએ પોતાની હોલ ટિકિટની સાથે એક આઈડી કાર્ડ પણ સાથે રાખવાનું રહેશે.

### સંપૂર્ણ પરીક્ષા OMR આધારે જ રહેશે

ધોરણ 12 બાદ ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસી તેમડ ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વર્ષ 2017થી ગુજરાત કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ તરીકે ગુજકેટ પરીક્ષા ફરજિયાત કરવામાં આવી છે. આ વર્ષે પણ બોર્ડની પરીક્ષા પૂર્ણ થતાં આવતીકાલે ગુજકેટની પરીક્ષા યોજાશે. સંપૂર્ણ પરીક્ષા OMR આધારે જ રહેશે. સવારે 10 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધી ગુજકેટની પરોક્ષ યોજાશે. 10થી 12 વાગ્યા સુધી ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનની પરીક્ષા યોજાશે. 1થી 2 વાગ્યા સુધી જીવ વિજ્ઞાનની પરીક્ષા યોજાશે અને 3થી 4 વાગ્યા સુધી ગણિતની પરીક્ષા યોજાશે. બોર્ડની પરીક્ષાની જેમ જ વિદ્યાર્થીઓને હોલ ટિકિટ આપવામાં આવી છે. વિદ્યાર્થીઓએ હોલ ટિકિટ સાથે પોતાનું એક આઈડી કાર્ડ પણ સાથે રાખવાનું રહેશે.

# અમદાવાદ સિવિલમાં વધતા તાપમાનને ધ્યાનમાં રાખી હીટ સ્ટ્રોક વોર્ડ શરૂ

## લોકોને પાણી પિવડાવવા અનોખી વ્યવસ્થા

(એજન્સી) અમદાવાદ | તા.30

ગુજરાતભરમાં હાલમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત અમદાવાદમાં આકાશમાંથી અંગારા વરસતા હોય એ પ્રકારે તડકો પડી રહ્યો છે. બપોરના સમયે શહેરના રસ્તાઓ ખાલીખમ જોવા મળી રહ્યાં છે. લોકો કામ વગર ઘરથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. દિવસની સાથોસાથ રાત પણ લોકોને અકળાવી રહી છે. હાલમાં રાજ્યના ઘણા જિલ્લામાં 40.5 ડિગ્રીથી વધુ તાપનામ નોંધાઈ રહ્યું છે.

રોજેરોજ વધતા તાપમાનને ધ્યાને લઈ તંત્ર પણ એલર્ટ બન્યું છે. લૂથી ઢળી પડતા લોકોને ઈમરજન્સીમાં સારવાર મળી રહે એ માટે 108 એમ્બ્યુલન્સોને એલર્ટ મોડ પર રખાઈ છે. તો અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં હીટ સ્ટ્રોકના દર્દીઓને ઝડપી સારવાર મળી રહે એ માટે ખાસ હીટ સ્ટ્રોક વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. આ અંગે સિવિલ સુપરિન્ટેન્ડન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા ઉનાળાની ગરમીમાં દર્દી અને દર્દીનાં સગાં કે સિવિલ કેમ્પસમાં આવેલી કોઈપણ વ્યક્તિને ઠંડું પાણી પિવડાવવા ઈ-રિક્ષા કેમ્પસમાં ફેરવવામાં આવે છે.



### હીટ સ્ટ્રોક વોર્ડમાં ખાસ વ્યવસ્થા ઊભી કરાઈ

હાલમાં અમદાવાદમાં 40 ડિગ્રી સુધી તાપમાન નોંધાઈ રહ્યું છે. તેમજ હવામાન વિભાગની આગાહી અને દર વર્ષના અનુભવને ધ્યાને લઈ અમદાવાદમાં તાપમાનનો પારો 40 ડિગ્રીથી ઉપર જાય એવી શક્યતા છે, જેથી સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા લૂ લાગવાના તેમજ હીટ સ્ટ્રોકના કેસોની સારવાર માટે ટ્રોમા સેન્ટરના બે વિંગમાં અલગથી હીટ સ્ટ્રોક વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં એક વિંગમાં 5 અને બીજા વિંગમાં 6 એમ કુલ 11 બેડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. હીટ સ્ટ્રોકનાં લક્ષણો ધરાવતા તમામ દર્દીઓને આ વોર્ડમાં દાખલ કરી તાત્કાલિક સારવાર આપી બચાવવા અંગે જરૂરી સગવડ સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા કરવામાં આવી છે.

### સેક્ટર 23 ગાર્ડન પાસે જાહેરમાં જુગાર રમતા 7 જુગારી પકડાયા

ગાંધીનગર | શહેરના સેક્ટર 23 ગાર્ડન પાસે જાહેરમાં જુગાર રમતા 7 જુગારીઓને પોલીસે ઝડપી લીધા હતા. તમામ જુગારીઓ પાસેથી 47 હજારની રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ ડી.બી.વાળાની ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, સેક્ટર 23 ગાર્ડન પાસે જાહેરમાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. જેને લઇ પોલીસ બાતમી મુજબ પહોંચી ગઇ હતી અને જાહેરમાં જુગાર રમતા 7 જુગારીઓને પકડી લીધા હતા.

# વડોદરા શહેરમાં કોરોનાનો પગપેસારો, ત્રણ પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ

(એજન્સી) અમદાવાદ | તા.30

વડોદરામાં કોરોનાના કેસમાં દિવસેને દિવસે વધારો થતો જોવા મળ્યો છે,અગાઉ સારવાર હેઠળ કોરોનાના બે દર્દીઓને રજા આપ્યા બાદ નવા કેસ નોંધાયા છે.હાલ સયાજી હોસ્પિટલમાં ત્રણ કોરોના પોઝિટિવ અને બે સ્વાઈન ફ્લુના દર્દીઓ નોંધાયા છે, છાણી જકાતનાકા, નવા યાર્ડ, આજવારોડ વિસ્તારમાંથી નોંધાયા છે કોરોનાના દર્દી તો તમામ દર્દીઓને સયાજી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં સારવાર અપાઈ રહી છે,કોઈ દર્દીની સ્થિતિ વધુ ગંભીર જણાઈ નથી રહી. સયાજી હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઇ



રહેલા ત્રણ દર્દીઓમાં બે દર્દીઓ વૃદ્ધ છે. બન્ને દર્દીઓ સયાજી હોસ્પિટલમાં પલમોનરી ડિપાર્ટમેન્ટમાં સારવાર હેઠળ હતા. બન્નેને ફેફસાના ચેપ લાગ્યો હતો. તેઓની તપાસ કરવામાં આવતા તેઓ કોરોનાના ચિહનો જણાયા હતા.આથી તેઓને સારવાર માટે અલાયદા વોર્ડમાં ખસેડાયા હતા. જયારે આજવારોડના પ્રૌઢ પણ કોરોનાની ઝપટમાં આવી ગયા હતા. આ ઉપરાંત નવાયાર્ડ અને દોડકા ગામના બે વૃદ્ધો સિઝનલ ફ્લૂની ઝપટમાં આવી ગયા છે. કોરોનાના દર્દીઓની સંખ્યામાં સાધારણ વધારો નોંધાયો છે. કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાય તેવો હાલમાં કોઇ સ્થિતિ જણાતી નથી. ફેફસાં, શ્વાસના રોગથી પીડાતા દર્દીઓમાં કોરોનાના લક્ષણો જોવા મળે છે. જોકે હાલમાં બદલાયેલી ઋતુના લીધે સિઝનલ ફ્લૂના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. જોકે ટેસ્ટિંગ વધારવામાં આવેતો સિઝનલ ફ્લૂના દર્દીઓની સંખ્યા વધુ પ્રમાણમાં જોવા છે.

## ચૂંટણી ફરજ પર રોકાયેલા કર્મચારીઓ સાથે બેઠક યોજી

# માણસામાં કલેક્ટરે EVMના સ્ટ્રોંગ રૂમની મુલાકાત લઇ વ્યવસ્થા ચકાસી

(એજન્સી) ગાંધીનગર | તા.30

લોકસભા ચૂંટણીમાં મતદાનની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી મેહુલ દવેએ માણસા વિધાનસભા મત વિસ્તારની મુલાકાત લઈ સ્ટ્રોંગરૂમની વ્યવસ્થાની ચકાસણી કરી હતી અને સ્થાનિક અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. કલેક્ટર મેહુલ દવેએ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અને અન્ય અધિકારીઓને સાથે રાખીને માણસા મતદાર વિભાગની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે માણસા મતદાર વિભાગમાં ઈવીએમ અને પોસ્ટલ બેલેટ માટે તૈયાર કરવામાં આવેલા સ્ટ્રોંગ રૂમની વ્યવસ્થા ચકાસી હતી. માણસામાં ચૂંટણીમાં ફરજ અદા કરનાર અધિકારી- કર્મચારીઓ સાથે લોકસભા ચૂંટણની કામગીરીના આયોજન અંગેની સમીક્ષા બેઠક પણ કરી હતી. કલેક્ટરે પ્રિસાઈન્ડીંગ ઓફિસર માટે યોજાયેલા તાલિમ વર્ગમાં પણ હાજરી આપી હતી અને તેમને ચૂંટણીની કામગીરી માટે માર્ગદર્શન આપ્યું હતું.

આ તાલીમ દરમિયાન મતદાન મથક માટેની ટીમની રચના, ઈવીએમ તથા ચૂંટણીમાં જરૂરી પત્રકો અને કવરોની માહિતી, મતદાન મથકની ગોઠવણી, મતદાન દિવસે થતું મોકપોલ સીયુ- વીવીપેટ સીલ કરવા, મતદાન સમયે દિવસ દરમિયાન આવતી સમસ્યાઓનું નિરાકરણ તથા મતદાન પુરું થયા બાદ તમામ સામગ્રી પરત કરવા સુધીનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ દરમ્યાન પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ ઇ.વી.એમ. મશીનનું નિદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ તમામ પ્રિસાઈડીગ ઓફિસરોને તેમની ફરજ દરમિયાન કઇ કઇ બાબતોનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે, તેનાથી વાકેફ કરવામાં આવ્યા હતા.

### પટણાથી આવતી ફ્લાઇટને ઇન્દોર એરપોર્ટ ડાયવર્ટ કરાઇ

અમદાવાદ | પટણાથી અમદાવાદ આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ 28 હજાર ફૂટની ઊંચાઈએ હતી ત્યારે મેડિકલ ઈમરજન્સી સર્જાતા ફ્લાઈટ ઈન્દોર ડાઈવર્ટ કરવામાં આવી હતી. ઈન્દોરમાં લેન્ડિંગ ન થયું ત્યાં સુધી પેસેન્જરને ક્રૂ મેમ્બરે પ્રાથમિક સારવાર આપી હતી. ગુરુવારે મોડી સાંજે અમદાવાદ આવતી ફ્લાઈટમાં 150થી વધુ પેસેન્જર હતા. પટણાથી 392 કિલોમીટરનું અંતર કાપ્યા પછી અચાનક એક પેસેન્જરે તબિયત લથડી હોવાની જાણ કરતા સલામતિને ધ્યાનમાં રાખી ફ્લાઈટ ઈન્દોર વાળવામાં આવી હતી.

## ઘડીભરના રોમાંચ માટે જીવ જોખમમાં મૂકશો નહીં

# SG હાઇવે, યુનિવર્સિટી, IIM, સીજી રોડ, ઓવરસ્પીડિંગ, રેસિંગ માટે નવા હોટ સ્પોટ

(એજન્સી) અમદાવાદ | તા.30

ચિંતન રાવલ ટ્રાફિક પોલીસે 2023માં ઓવરસ્પીડિંગ તેમજ રેસિંગના 34693 કેસ કરી રૂ.7.07 કરોડ દંડ વસૂલ કર્યો હતો. એસ.પી. રિંગ રોડ પછી હવે એસ.જી. હાઈવે, યુનિવર્સિટી રોડ, આઈઆઈએમ રોડ અને નવરંગપુરાનો સીજી રોડ ઓવરસ્પીડિંગ, રેસિંગના નવા હોટસ્પોટ બન્યા છે. આ ચાર વિસ્તારમાંથી ટ્રાફિક પોલીસે વર્ષના કુલ કેસમાંથી 22 ટકા નોંધ્યા હતા. ટ્રાફિક જેસીપી એન.એન. ચૌધરીના જણાવ્યા અનુસાર ઓવરસ્પીડમાં જતા વાહનોને દંડવા 9 ઈન્ટરસેપ્ટર વાનથી કેસ કરી ઈ-મેમો જનરેટ કરીને કસૂરવાર વાહનચાલકને મોકલવામાં આવતો હોય છે. સૌથી વધુ કેસ એસ.જી.



હાઈવે, યુનિવર્સિટી રોડ, આઈઆઈએમ રોડ અને સીજી રોડ પર નોંધાય છે. યુનિવર્સિટી અને આઈઆઈએમ રોડ પર વધુ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોવાથી યુવકો સામે ઓવરસ્પીડિંગ અને રેસિંગના કેસ વધુ નોંધાય છે. 2022માં ટ્રાફિક પોલીસે ઓવરસ્પીડિંગના 40288 કેસ કરી 8.62 કરોડનો દંડ વસૂલ કર્યો હતો. 2022 અને 2023માં શહેરમાં થયેલા રોડ અકસ્માતોમાં 928 લોકોએ જીવ ગુમાવ્યો હતો.

# પોસ્ટ લાઇક કરવાનાં ટાસ્ક અપાતાં હતાં: વોટ્સએપ, ટેલિગ્રામમાં ટાસ્ક પૂરાં કરવાના નામે છેતરપિંડી

(એજન્સી) અમદાવાદ | તા.30

ટેલિગ્રામ અને વોટસએપ ગ્રૂપમાં જોડાઈને પોસ્ટ લાઈક અને શેયર કરવાનાં મલ્ટી ટાસ્ક પૂરા કરી પૈસા કમાવવાનું કહીને ગઠિયા ટોળકીએ રાણીપના યુવક પાસેથી રૂ.2.33 લાખ પડાવી લીધા હતા.

વિશ્વાસ આવે તે માટે ટોળકીએ શરુઆતમાં ટાસ્ક પૂરાં કરતા તેના ખાતામાં પૈસા જમા કર્યા હતા, ત્યાર બાદ મોટી રકમનાં ટાસ્ક પૂરાં કરવાનું કહીને પૈસા ચાંઉ કરી ગયા હતા. રાણીપમાં રહેતો ભાવેશ રાઠોડ (ઉં.28) પ્રહલાદનગર ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. 22 ડિસેમ્બર 2023ના રોજ તેમના પર એક વોટ્સએપ મેસેજ આવ્યો




હતો, જેમાં લખ્યું હતું કે, ટેલિગ્રામ અને વોટ્સએપમાં જોડાઈને પોસ્ટ લાઈક અને શેયર કરવાનાં ટાસ્ક પૂરાં કરીને પૈસા કમાવો. જો તમે ત્રણ પોસ્ટ લાઈક અને શેયર કરશો તો રૂ. 180 મળશે. તેવું કહીને વોટ્સએપમાં એક લિંક મોકલી હતી. ત્યાર બાદ સામેથી જણાવ્યા પ્રમાણે ભાવેશે જુદા જુદા વોટ્સએપ ગ્રૂપમાં મેસેજ લાઈક અને શેર કર્યા હતા. ત્રણ પોસ્ટ લાઈક અને શેર કરવાથી ભાવેશના એકાઉન્ટમાં રૂ.180 લેખે રૂ.1080 જમા થયા હતા. ત્યાર બાદ ભાવેશને મલ્ટી ટાસ્કિંગ અર્નિંગ વિશે કહ્યું કે, અમે લિંક મોકલીએ તે ઓપન કરીને ફોલોઅપ કરવાનું રહેશે.

## પ્રતિબંધ છતાં શાસ્ત્રીબ્રિજ પર ભારે વાહનની અવરજવર ચાલુ

(એજન્સી) અમદાવાદ | તા.30

શાસ્ત્રીબ્રિજનું સમારકામ ડિસેમ્બરથી ચાલી રહ્યું હોવાથી બ્રિજ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ છે. હાલ વિશાલાથી નારોલ તરફના બ્રિજ પર વચ્ચે કામચલાઉ ડિવાઈડર બનાવી ટુ-વ્હીલર, કારની અવરજવરને છૂટ અપાઈ છે. બ્રિજ પરથી રોજ 50 હજાર વાહન પસાર થાય છે. પરંતુ ભારે વાહનો બેરોકટોક ઘુસી જતાં ટ્રાફિક જામની સમસ્યા ગંભીર બની છે. બ્રિજનું સમારકામ રિબિલ્ડ સ્ટ્રક્ચર એસોસિએટને સોંપાયું છે પરંતુ ધીમી ગતિએ કામ ચાલતુ હોવાથી લોકોને હાલાકી વેઠવી પડે છે. હાલ માંડ 50 ટકા કામ પૂરું થયું છે. સમારકામ 6 મહિનામાં પૂરું કરવાનું હતુ પરંતુ કામની હાલની ગતિ જોતાં તે હજુ મહિનાઓ સુધી ચાલી શકે તેમ લાગે છે.

# સંવેદના સંસ્થા દ્વારા દીકરા દીકરી માટે પ્રેમાળ યોજના અમલમાં

સંવેદના સંસ્થા છેલ્લા ૭ વર્ષ થી કાર્યરત છે. જેનો મુખ્ય હેતુ આર્થિક પછાત બાળકો ના વિકાસ માટે કાર્ય કરતી સંસ્થા છે. સંવેદના સંસ્થા નું અભિયાન પ્રેમાળ યોજના થકી આર્થિક પછાત બાળકો ને ઉચ્ચ અભ્યાસ/લગ્ન માટે સહાય કરે છે. પ્રેમાળ યોજના માં ૦ થી ૫ વર્ષ ના કોઈ પણ મધ્યમવર્ગ /આર્થિક પછાત દીકરા /દીકરી આ યોજના નો લાભ લઈ શકે છે. આ અભિયાન માં વ્યકિતગત /કોપોરેટકંપની /સહકારી સંસ્થાઓ / સામાજિક સંસ્થાઓ /વૃદ્ધદંપતી / નિઃસંતાન દંપતિ સહયોગ આપી રહ્યાં છે.





દીકરી ને ૨.૫૦ લાખ અને દીકરા ને ૨ લાખ ની સહાય કરવામાં આવી રહી છે. જેની પાકતી મુદત ૨૦ વર્ષ રહેશે. દાતાશ્રી ઓ દર વર્ષ એક ચોક્કસ રકમ આપી ને કોરપસ ફંડ તરીકે જમા થતું હોય છે. પ્રેમાળ યોજના ની ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન માધ્યમ થી રાખવામાં આવી છે. ફોર્મ સબમિટ થયાં બાદ સંસ્થા તરફ થી મેલ આવશે ત્યારબાદ અત્યંત જરૂરિયાતમંદ લાભાર્થીઓને ૪ મહિના બાદ બોન્ડ વિતરણ કરવામાં આવશે. સંસ્થા દ્વારા મર્યાદિત ફોર્મ હોવાથી વહેલા તે પહેલા અને જરૂરિયાતમંદ લાભાર્થી ને પહેલા લાભ મળશે. સંવેદના સંસ્થા ના આ અભિયાન માં ૩૭૫૦ કરતા વધુ દાતાશ્રી જોડાયેલ છે. જેવા બાળકો ને ભવિષ્ય માં મુશ્કેલી ના પડે તેના માટે વર્તમાન માં જ કાળજી રાખી રહ્યાં છે.

દીકરા દીકરીને સમાન હક્ક | ઉચ્ચ અભ્યાસ નો રેશિયો | માતાપિતાનો આર્થિક ભાર ઓછો | લગ્ન માટે આર્થિક મજબૂતી

**સંવેદના સંસ્થા ના કાર્યો.**

(૧) દર વર્ષ ૧૨૦ ટન કરતા વધુ કપડાં ભેગા કરીને જરૂરિયાતમંદ પરિવારો ને આપવામાં આવે છે. (૨) ૧૫૦૦૦ કરતા વધુ બાળકો ને દર વર્ષ રમકડાં વિતરણ કરવામાં આવી રહ્યાં છે. (૩) કેન્સરપીડિત બાળકો ના સપના સાકાર કરવામાં આવે છે. (૪) દર વર્ષ હજારો બાળકો ને સ્કૂલબેગ / ચપ્પલ વિતરણ કરવામાં આવે છે. (૫) આર્થિક પછાત બાળકો ને પૌષ્ટિક ભોજન અને અભ્યાસ માટે મદદરૂપ થાય છે.

@sanvedana ngo



સંદીપ જોધાણી જણાવ્યું હતું,સંવેદના સંસ્થા મુખ્ય બાળકો માટે કાર્યરત છે.જે હાલમાં શિક્ષણ, આરોગ્યસંભાળ, આજીવિકા, મહિલા સશક્તિકરણ અને આર્થિક પછાત પરિવારો માટે ની પહેલ અલગ અલગ ૧૮ માનવ કલ્યાણ પ્રોજેક્ટ્સ થકી ૨,૭૭,૫૭૨ થી વધુ વંચિત વ્યક્તિઓ ના જીવન માં ખુશીઓ લાવી શક્યા છે. બાળકોને સૌથી વધુ જરૂર હોય છે,આરોગ્યસંભાળ, ખોરાક અને આશ્રય તેમજ શિક્ષણ અને બાળ સુરક્ષા સેવાઓ મળે તેની ખાતરી કરવા અમે બધા બાળકોને તેમની સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ તેઓ સુનિશ્ચિત કરે છે કે તેઓ સ્વસ્થ થાય, સારું શિક્ષણ મેળવે અને સુરક્ષિત રહે.

## બિલ્ડર સહિત અન્ય શખ્સોને ઝડપી પાડવા પોલીસે શોધખોળ કરી

# SVP પાર્કિગમાં 4 શખ્સે કોર્ટમાં ચાલતો કેસ પરત ખેંચવાનું કહી છરીના ઘા ઝીંક્યા

(એજન્સી) અમદાવાદ | તા.30

અમદાવાદના એલિસબ્રિજ નજીક આવેલી એસવીપી હોસ્પિટલના પાર્કિગમાં ગઈકાલે ચાર શખ્સે એક વેપારી પર છરી વડે હુમલો કર્યો હતો. ચાર શખ્સ પૈકી એક શખ્સે વેપારીના ભાઇ પર ગઈકાલે કાલુપુરમાં હુમલો કર્યો હતો. જે હુમલામાં વેપારીનો ભાઇ ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં લાવ્યાં હતાં. જ્યાં વેપારી ભાઇ મદદ માટે હોસ્પિટલમાં પહોચ્યો, ત્યારે માથાભારે શખ્સે તેના સાગરીતો સાથે મળીને હુમલો કરી દીધો હતો. એક વર્ષ પહેલા વેપારીના ભાઈના ગળામાં માથાભારે શખ્સે છરી મારી દીધી હતી, જેનો કેસ કોર્ટમાં ચાલે છે. જે કેસ પાછો ખેંચવા માટે શખ્સ વેપારી તેમજ તેના ભાઈને ધમકી આપી રહ્યો હતો. કાલુપુર વિસ્તારમાં આવેલા હરણવાળી




પોળમાં રહેતા મોહમદ શોહરાબ શેખે એલિસબ્રજ પોલીસ સ્ટેશનમાં ફૈસલ રશીદ શેખ, નાશીર અબ્દુલા શેખ, સુનેર શેખ અને ઈમરાન શેખ વિરૂદ્ધ હુમલાની ફરિયાદ નોંધાવી છે. મોહમદ શોહરાબ શેખ પત્નિ તેમજ બાળકો અને માતા-પિતા સાથે સંયુક્ત પરિવારમાં રહે છે અને પાંચકુવા પાસે તાડપત્રી વેચવાનો ધંધો કરે છે. એક વર્ષ પહેલા પટવા શેરીમાં રહેતા ફૈસલ રશીદ શેખે શોહરાબના ભાઇ શેહઝાદને ગળામાં છરી મારી હતી. આ મામલે શેહઝાદે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

### વેપારીના ભાઇને ઢીંકાપાટુંનો માર માર્યો

ગઈકાલે શોહરાબ અને તેનો ભાઈ શોહેલ ઘરે હાજર હતાં, ત્યારે શેહઝાદ પણ બહાર ઉભો હતો. દરમિયાનમાં ફૈસલ આવ્યો હતો અને શૈહઝાદને કેસ પાછો ખેંચી લેવા માટેની ધમકી આપી રહ્યો હતો. શેહઝાદે કેસ પાછો લેવાનો ઈન્કાર કરતા મામલો બીચક્યો હતો. ફૈસલ તરતજ શેહઝાદને લાતો અને ફેંટો મારવા લાગ્યો હતો. શેહઝાદને મારખાતા જોઇને ઘરના સભ્યો દોડી આવ્યા હતાં, જેથી ફૈસલ ત્યાથી નાસી ગયો હતો. શેહઝાદને શરીરમાં દુખાવો થતા તેને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.